વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૭મું
મે - ૨૦૨૨
અંક - ૫૨૮

મંગલ મંદિર • મે-૨૦૨૨ • ૧
(કુલ પાના : ૫૨)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

**માસ્ક પહેરો • હાથને વારંવાર સાફ કરો • પરસ્પરનું અંતર જાળવો • કોરોના વેક્સિન અભિયાનને સફળ બનાવો**




## કેન્સર પીડિત અભિયાનના સારથી – ફાલ્ગુનીબેન અને મોક્ષા

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)**
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6001, 4890 6002, 4890 6003, 4890 6004
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kutchijainahd.org



સરદાર ધામની મુલાકાત. ડાબેથી શ્રી હસમુખ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી મૂકેશ સાવલા, શ્રી રાજેન્દ્ર દોશી, શ્રી ચંદ્રેશ લોડાયા અને શ્રી હિરેન શાહ



ચક્ષુદાન તથા દેહદાન.
તસ્વીરમાં શ્રી કમલેશ બાબુભાઈ શાહ (સમ્રાટ), શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા, દેહદાતાના સંબંધી અને દેહદાન સ્વીકારતા ડૉ. રાજેશ પટેલ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે
ઓર્થોપેડિક અને ડેન્ટલ કેમ્પનું ઉદ્‌ઘાટન.



ભવન સમિતિની મિટિંગ.
તસ્વીરમાં ડાબેથી શ્રી સંજય સંઘવી, શ્રી પીયૂષ સાવલા, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી દેવેશ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી પ્રતાપભાઈ દંડ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ



શ્રીમતી ઉર્વશી અને મનીષ રમેશભાઈ સાવલાનું બહુમાન.
ડાબેથી શ્રીમતી દમયંતીબેન છેડા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રીમતી ઉર્વશી સાવલા, શ્રી મનીષ સાવલા, શ્રી મેઘજી છેડા, શ્રી દિનેશ મહેતા અને શ્રી રજનીકાંત પારેખ



શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહનું બહુમાન.
ડાબેથી શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રીમતી વિમળાબેન શાહ, શ્રીમતી મીરાબેન દંડ અને શ્રી રજનીકાંત પારેખ.



શ્રીમતી કલ્પનાબેન અને હરખચંદ પોલડિયાનું બહુમાન.
ડાબેથી શ્રી રજનીકાંત પારેખ, શ્રી રોહિત સંઘવી, શ્રી હરખચંદ પોલડિયા, શ્રીમતી કલ્પનાબેન પોલડિયા, શ્રીમતી નીતા સંઘવી, શ્રી દિલીપભાઈ દંડ.



શ્રીમતી દમયંતીબેન અને શ્રી દામજીભાઈ નીસરનું બહુમાન.
શ્રી રાજેશભાઈ શાહ, શ્રી કમલેશભાઈ શાહ, શ્રી દામજીભાઈ નીસર, શ્રીમતી દમયંતીબેન નીસર અને શ્રીમતી મણિબેન શાહ.

છેલ્લા ૪૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**કાર્યકારી સહતંત્રી**

**મહેન્દ્ર સાકરચંદ દોશી**

**મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- વાત વિમર્શ ... **મહેન્દ્ર દોશી** ... ૪
- શ્રદ્ધા સુમન : શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડા ... **પ્રતાપ નારાણજી દંડ** ... ૫
- સેવાના ભેખધારી : માનનિય શ્રી તારાચંદભાઈ છેડા ... ૬

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ● સંસ્થા સમાચાર**

- સમાજ દર્પણ ● સાભાર સ્વીકાર ... ૭
- "સરદાર ધામ"ની મુલાકાત ... ૮
- રોટરી ક્લબ ઓફ અમદાવાદ - વાસણા દ્વારા "હેર ડોનેશન" ઝુંબેશ (For Cancer Patients) ... ૧૦
- નવનીત મેડિકલ સેન્ટર - બોપલ : ઓર્થોપેડિક તથા ડેન્ટલ કેમ્પ ● ચક્ષુદાન તથા દેહદાન ... ૧૧
- ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા આયોજિત "Unique Parenting Club" ... ૧૨
- મહિલા ઉત્કર્ષ સમિતિ : કાર્યક્રમનો અહેવાલ ... ૧૩
- યુવા વિકાસ સમિતિ ... ૧૪
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : માસિક અહેવાલ ... ૧૫
- વયસ્ક સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમનો અહેવાલ ... ૧૭

★

- આંજો કાગર ... ૧૮
- તીર્થ દર્શન ... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)** ... ૧૯
- કચ્છમાં જૈનોની મોટી પંચતીર્થી : સુથરી - જખૌનાં દર્શનિય જિનાલયો ... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ... ૨૦
- મારા હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે ... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ... ૨૨
  PANIC DISORDER (ભાગ-૩) **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- વરિયાળી : જાણો તેના ફાયદા વિશે ... ૨૩
- વ્યક્તિ વિશેષ : શ્રીમતી ફાલ્ગુની હીરેન ★ મોક્ષા ધનરાજભાઈ દેઢિયા ... ૨૪
- અન્ય સંસ્થા સમાચાર ... ૨૫

★


- *Nano Nine* શબ્દ રમત-૧૮૨ ... **સંકલન : રજનીકાંત પારેખ** ... ૨૬
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૪૦) ... **સંકલન : રજનીકાંત પારેખ** ... ૨૭

★

- કચ્છીના લોકગીતો, પ્રકાર અને પરિસ્થિતિના સંદર્ભે વિમર્શ ... **મહેન્દ્ર દોશી** ... ૨૮
- કચ્છી લોકબોલી – ઉચ્ચરિત ઢબ - સ્વરૂપ - પ્રાદેશિક જ્ઞાતિગત સંસ્પર્શ ... **નારાયણ જોશી 'કારાયલ'** ... ૩૩
- ડાયટ - ભુજનો એરિયા બેઝ અને નીડ બેઝ કાર્યક્રમ
  કચ્છી ભાષા તાલીમ કાર્યક્રમ ... **સંજય પી. ઠાકર** ... ૩૫
- વ્યક્તિ વિશેષ : શ્રી જયંતી જોશી 'શબાબ' ★ નારાયણ જોશી 'કારાયલ' ... ૩૭
- વાત મેળો : ચાંદલો ... **ચાર્વી ભટ્ટ** ... ૩૮
- વાત મેળો : વેજલ ... **હંસરાજ કંસારા** ... ૩૯
- વાત મેળો : ગૂંથેલો રૂમાલ ... **સુનિલ ગોહીલ 'માસ્તર'** ... ૪૧
- પ્રાસંગિક : 'જળ એ જ જીવન' ... **મનીષ જોષી 'મૌન'** ... ૪૨
- કચ્છના દેવતા : જખ દાદા ... **દુલેરાય કારાણી** ... ૪૩
- કચ્છના ઈતિહાસનું એક વિલક્ષણ પાત્ર : જમાદાર ફતેહમામદ ... **હરેશ ધોળકિયા** ... ૪૬
- હાજી કાસમ તારી વીજળી રે... 'દેશી ટાઈટેનિક'ની ભયાવહ કથની ... **નીલેશ પંડ્યા** ... ૪૮

તંત્રી લેખ

# વાત વિમર્શ



મહેન્દ્ર દોશી

૧લી મે – ગુજરાત રાજ્ય સ્થાપના દિવસના ૬૨ વર્ષ પૂરા થયા. બાંસઠ વર્ષની ઉંમરે રાષ્ટ્રીય સ્તરે 'ગુજરાત મોડલ' તરીકે તેની ઓળખ ઊભી કરી, ગુજરાતે દેશ-વિદેશમાં નેતૃત્વ પૂરૂં પાડ્યું. આવા રાજ્યની વિડંબણા, જે રાજ્યના બાળકોના શિક્ષણને લગતી છે, જે ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યારથી અસંમજસ અને અસંદિગ્ધ પરિસ્થિતિ જ રહી છે. આથી રાજ્યના બાળકો પર શિક્ષણના પ્રયોગાત્મક નિર્ણયો માનસિક દબાણ વધારી રહ્યા છે.

ગુજરાતી ભાષા, એ માન્ય ભાષા છે, માતૃભાષા છે અને તેના સંવર્ધન અને વિકાસ માટે સતેજ હોવું આવશ્યક છે. પણ પ્રાથમિક શિક્ષણના માધ્યમ તરીકેના સરકારના નિર્ણય બહુભાષીયતા અને દ્વિ-ભાષીયતાને કારણે વિશ્વમાં ભાષામાં આવેલ ગ્લોબલાઈઝેશનનો અભ્યાસ કર્યા વગરના અપરીપક્વ અને અધકચરા નિર્ણય ઉપરાંત શિક્ષણ અંગેની રાષ્ટ્રીય બંધારણની જોગવાઈનો અભ્યાસ વગર કરેલ નિર્ણય લાખો પ્રાથમિક શિક્ષણ લેતા બાળકોના ભવિષ્યની કારકિર્દી સાથે ચેડા કરવા સમાન છે.

બાંસઠ વર્ષના ગુજરાતના ચૂંટાયેલા શિક્ષણ મંત્રીઓ પૈકી કોઈપણ શિક્ષણ મંત્રીએ કાયદાકીય જોગવાઈ અને આંતરરાષ્ટ્રીય શિક્ષણના વિકાસનો અભ્યાસ કરવા માટે ગુજરાતના ભાષા વિજ્ઞાનીઓની સાથે વાત-વિમર્શ કરેલ નથી. આથી શિક્ષણ નીતિ આપી કે કેન્દ્રિય શિક્ષણ નીતિ સાથે સમન્વય કરી શકી નથી.

તાજેતરમાં ગુજરાતી વાંચી શકે તે માટે ગુજરાતીમાં બોર્ડ ચિતરાવાનો નિર્ણય હાસ્યાસ્પદ લાગે છે. ગુજરાતી વાંચવા માટે ગુજરાતી ભણવું તો પડે!

ભારત સરકારે તાજેતરમાં પ્રાથમિક શિક્ષણ પદ્ધતિમાં માતૃભાષા (Mother Tongue / Native Language)માં પ્રાથમિક શિક્ષણ આપવા માટેની બંધારણીય જોગવાઈ કરેલ છે. ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષાના ભાષકો પછી બીજા સ્થાને કચ્છ વિસ્તારમાં બોલાતી 'કચ્છી ભાષા'ના ભાષકો છે. કચ્છ વિસ્તારમાં ગ્રામીણ વિસ્તારના ૮૨% બાળકો દ્વૈ-ભાષિક છે. જ્યારે પ્રાથમિક શિક્ષણ માતૃભાષાના માધ્યમ દ્વારા આપવાની જોગવાઈ ભારત સરકાર કરે છે ત્યારે આ વિસ્તારના પ્રાથમિક શિક્ષણ લેતા દ્વૈ-ભાષિક બાળકો માટે શિક્ષણના માધ્યમની વિચારણા કરવાને બદલે અભ્યાસક્રમમાં ભગવદ્ ગીતાનો પાઠ ભણાવવાના તઘલખી નિર્ણયો લેતા પહેલા ભારતના બંધારણના અનુચ્છેદ-૨૮નો અભ્યાસ કર્યા વગર બંધારણીય જોગવાઈની ઐસીતૈસી કરીને ઠોકી દેવામાં આવેલા નિર્ણયો ગુજરાતના શિક્ષણને નધણિયાતું બનાવે છે.

ગુજરાતના સ્થાપના દિને આટલું તો વિચારીએ. બાકી ગુજરાતના બાળકોનું ભવિષ્ય તો આપણે તઘલખી શાસકોના હાથમાં સોંપેલ છે. આથી જાગો અને બાળકોના શિક્ષણ પર પ્રયોગાત્મક અત્યાચારને અટકાવો.

અસ્તુ.

# કચ્છી જૈન સમાજના અગ્રણી, જૈન રત્ન અને આદરણીય શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડા

## શ્રદ્ધા સુમન



કચ્છના કપરા સમયે સંકટમોચક બનનાર લડાયક નેતા એવા અબડાસા તથા માંડવી - મુંદ્રાના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રીશ્રી, જૈન રત્ન અનશન વ્રતધારી સ્વ. તારાચંદભાઈ છેડાએ સંથારો લીધેલ હતો. સ્વ. તારાચંદભાઈના અવસાનથી કચ્છને તથા સમગ્ર કચ્છી સમાજને અકલ્પનીય ખોટ પડી છે. પ્રભુ પરમાત્મા સેવાભાવી સ્વ. શ્રી તારાચંદભાઈના આત્માને શાંતિ અર્પે તેમજ છેડા પરિવાર પર આવી પડેલ દુ:ખને સહન કરવાની શક્તિ આપે એવી અભ્યર્થના.

એજ લી.

**પ્રતાપ નારાણજી દંડ**

**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના**

**સમગ્ર ટ્રસ્ટીગણ વતી**

# સેવાના ભેખધારી અને માનવસેવા, જીવદયા પ્રત્યે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર

## માનનિય શ્રી તારાચંદભાઈ છેડા

સેવાના ભેખધારી અને માનવસેવા, જીવદયા પ્રત્યે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર માનનિય શ્રી તારાચંદભાઈ છેડાના દુઃખદ અવસાન થકી સમગ્ર કચ્છ અને કચ્છી પ્રજાને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેઓશ્રી તરૂણવયથી ભારતીય જનતા પક્ષ સાથે સંલગ્ન રહી રાજકારણ અને સેવા ક્ષેત્રે કાર્યરત હતા. ૧૯૭૫માં મુંદ્રા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બન્યા હતા. તેઓએ પોતાના કાર્યક્ષેત્ર વિસ્તાર તાલુકાઓમાંથી જિલ્લા સ્તરે પદાર્પણ કર્યું અને ૧૯૮૦-૧૯૮૫ દરમ્યાન કચ્છ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પદે રહ્યા અને સેવા કાર્યો કરતા રહ્યા.

તેઓશ્રી ૧૯૮૫થી ૧૯૯૦ દરમ્યાન જિલ્લા પંચાયતમાં વિપક્ષી નેતા પદે રહ્યા હતા. ૧૯૯૦માં અબડાસાના ધારાસભ્ય પદે ચૂંટાઈ, ૧૯૯૫ સુધી છેવાડાના પ્રદેશની સમસ્યાઓ ઉકેલવા સાથે પક્ષનું નેટવર્ક મજબૂત બનાવવા કાર્ય કર્યું હતું.

૧૯૯૫માં જિલ્લા ભાજપના પ્રમુખપદે આવી, સંગઠનને જિલ્લામાં વ્યવસ્થિત કરવા અભિયાન આદર્યું હતું. સપ્ટેમ્બર ૨૦૦૫માં જિલ્લા ભાજપ પ્રમુખપદનો કાર્યભાર સંભાળ્યો હતો.

રાજકારણ અને સેવા ક્ષેત્ર – એક સિક્કાની બે બાજુ છે એવું માનતા શ્રી તારાચંદભાઈ છેડા અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા હતા. શ્રી સર્વ સેવા સંઘ - ભુજ, પશુ અને માનવસેવા ક્ષેત્રે કાર્યરત, જિલ્લાની અગ્રણી સંસ્થા છે. તેના તેઓ પ્રમુખ હતા. ભુજમાં તબીબી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ વર્ષ ૨૦૦૩ માટે રાજ્ય સરકારશ્રી તરફથી શ્રી તારાચંદભાઈ છેડાને ઍવોર્ડ આપવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૯માં પ.પૂ. આચાર્ય ભગવંત કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી “જૈન શાસન રત્ન” ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો. વર્ષ ૨૦૧૦માં કચ્છ કાંડાગરા જૈન મહાજન તરફથી “કચ્છ કેસરી”નો ઍવોર્ડ એનાયત કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી. તેઓશ્રીએ વર્ષ ૨૦૧૧માં ભુજ ક.વી.ઓ. “મહાજનનો મામેરો” નામક સ્કીમ ચાલુ કરેલ હતી. તેમાં કોઈપણ જ્ઞાતિના છોકરા - છોકરીઓને રૂા. ૨૫,૦૦૦/-માં લગ્ન કરાવી આપવામાં આવે છે. જેમાં ૧૦૦ વ્યક્તિ સુધીના જમણવાર સહિત પાર્ટી પ્લોટ - મંડપ - બેન્ડવાજા તથા લગ્નની દરેક સામગ્રી મહાજન તરફથી પૂરી પાડવામાં આવે છે. ઉપરાંત કન્યાને રૂા. ૧૧,૦૦૦/-નું બોન્ડ આપવામાં આવે છે. ગુજરાત સરકારમાં વર્ષ ૨૦૧૪થી ૨૦૧૬ સુધી તેઓએ ગૌસેવા - મીઠા અને કુટીર ઉદ્યોગનાં રાજ્ય કક્ષાના મંત્રીપદે રહી સેવા બજાવેલ હતી. શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન મહાજનના તેઓશ્રી અધ્યક્ષ હતા. આ સંસ્થા સાર્વજનિક સેવાકાર્યો – ખાસ કરીને તબીબી સેવા ક્ષેત્રે મહત્ત્વની ભૂમિકા અદા કરી રહી છે તથા જીવદયા ક્ષેત્રે સેવા કરતી સંસ્થા શ્રી સુપાર્શ્વ જૈન સેવા મંડળની સાથે સંકળાયેલા હતા. કાંડાગરા જીવદયા સેવા ટ્રસ્ટ, પશુ સેવા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરી રહ્યું છે. તેઓ તેના ટ્રસ્ટી હતા. ભૂકંપગ્રસ્ત પરિવારોના પુનઃવસન માટે કાર્યરત શ્રી ક.વિ.ઓ. કો-ઓપ. હાઉસિંગ સોસાયટી લિ.ના તેઓશ્રી પ્રમુખ હતા. કચ્છી વિશા ઓસવાળ જૈન સંઘના તેઓશ્રી ચેરમેન હતા. શ્રી મેકણદાદા નવનિર્માણ જીર્ણોધ્ધાર સમિતિના તેઓશ્રી સંયોજક હતા. તેઓ કોઈ પદ ઉપર હોય કે ન હોય પણ તેઓએ અવિરતપણે સેવાનાં કાર્યો કર્યા છે. તેઓની ૫૦ વર્ષ ઉપરાંતની સામાજિક સેવાઓને કચ્છી લોકો ભૂલી નહીં શકે. કચ્છમાં અવારનવાર દુકાળ અને અછતની સ્થિતિ સર્જાતી રહે છે. શ્રી તારાચંદભાઈ છેડાએ એવી પરિસ્થિતિમાં કચ્છના પશુધનને ઉગારવાની અપ્રતિમ કામગીરી કરી હતી. વર્ષ ૧૯૮૫થી ૧૯૮૮માં ભયંકર દુકાળ સમયે કચ્છનાં ગામડે ગામડે નીરણ કેન્દ્રો ખોલી, કચ્છના મહામૂલા એવા ૩૫,૦૦૦ જેટલા પશુધનને બચાવવાની કામગીરી કરી હતી. રોગચાળાની સ્થિતિમાં દૂર-દરારના ગામોમાં તબીબી કેમ્પો યોજીને લોકોને મદદરૂપ બનતા રહ્યા હતા. કચ્છમાં જ્યારે મેલેરિયાનો ઉપદ્રવ વકર્યો ત્યારે “માંગો ત્યાં મેડિકલ કેમ્પ” – એ સૂત્ર વહેતું કરી, સમગ્ર કચ્છમાં, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં સંખ્યાબંધ કેમ્પોનું આયોજન કરી હજારો દર્દીઓને રાહત પહોંચાડી છે.

આ રીતે આદરણીય શ્રી તારાચંદભાઈ છેડાએ પોતાની જીવનયાત્રા પૂર્ણ કરેલ છે. છેલ્લે કોવિડ થતાં તેઓશ્રી અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં દાખલ થયેલ હતા. પોતાની અંતઘડી સારી જતાં તેઓએ અનશન વ્રત લઇ લીધો હતો. તેઓના કુટુંબીજનો તેઓને અમદાવાદથી ભુજ લઈ ગયા હતા. જયાં તેઓએ પોતાના દેહનો ત્યાગ કરેલ હતો.

તેઓની પાલખી યાત્રામાં ભુજથી હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. અને તેઓની અંતિમવિધિ, તેઓની ઇચ્છા પ્રમાણે કાંડાગરામાં કરવામાં આવેલ હતી. આ રીતે કચ્છની ધરતીના છોરૂ એવા મહામાનવની જીવનલીલા સંકેલાઇ જતાં એક અધ્યાય પૂર્ણ થયેલ હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સર્વે ટ્રસ્ટી ગણ, કારોબારી સમિતિના સભ્યો તથા સર્વે પરિવારજનો તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે. ■

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **કિંજલ મહેશ રાઘવજી મૈશેરી**
  રૂમ નં.-૧૨૧, આર-૨, ઉમંગ,
  રશ્મિ વિહારની બાજુમાં, સનરાઇઝ હોટલ પાછળ,
  પૂજા ફાર્મ પાસે, નારોલ - લાંભા અસલાલી રોડ,
  અમદાવાદ-૩૮૨ ૪૦૫. • મો. ૯૩૨૬૭ ૨૦૮૦૪

- **મલય ભોગીલાલ ચુનીલાલ મહેતા**
  ૫, કરમાન્યા સોસાયટી, સ્વાતંત્ર સોસાયટી,
  અર્થમ હોસ્પિટલ પાસે, પોલિટેકનિક કોલેજ સામે,
  આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૯૨૫૬ ૩૮૬૬૬, ૯૦૩૩૬ ૬૧૯૯૦

- **વસંતલાલ મગનલાલ જગજીવન પુંજ**
  એફ-૪૦૧, સત્ત્વ ફ્લેટ, જૂનો પીપીસીસી ગ્રાઉન્ડ,
  શાંતિવન બસ સ્ટોપની બાજુમાં, શાંતિવન,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૬૬૨૫ ૩૪૭૫૦

- **હરખચંદ નાનજી રવજી શાહ (પોલડિયા)**
  એ-૨૪, અભિજ્યોત ગ્રીન,
  શ્રી શ્રી રવિશંકર સ્કૂલ પાસે,
  ઉમિયા વિજય સોસાયટી રોડ, શિવરંજની ક્રોસ રોડ,
  સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૮૭૯૧ ૫૨૮૬૯

- **ભૂપેન્દ્ર નેણશી ન્યાલચંદ બાબરીયા**
  ડી-૨૦૪, ખોડિયાર ઉપવન, પારસ બંગલોની સામે,
  સેફ્રોની એપાર્ટમેન્ટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાછળ,
  ઑફ એસ.પી. રીંગ રોડ,
  બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  મો. ૮૧૨૮૭ ૧૩૩૩૬

## પુત્રી જન્મ

- **તા. ૦૨-૧૧-૨૦૨૧**
  ચિ. જેમિન શાંતિલાલ મોરબીયા, મૂળ ભુજ (કચ્છ) હાલે અમદાવાદને ત્યાં પુત્રી **પ્રિશા** જેમિન મોરબીયાનો જન્મ થયેલ છે.

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## અન્નક્ષેત્ર ફંડ

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧,૦૦૦/- | શ્રીમતી લીલબાઈ રાઘવજી લાપસિયા પરિવાર (મુંબઈ - મોખા) |
| રૂા. | ૧૧,૦૦૦/- | સ્વ. હંસાબેન રમેશભાઈ સાવલાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે. હ. સ્વાતિબેન કિરીટભાઈ ગંગર અને કિરીટભાઈ શિવજીભાઈ ગંગર |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્રભાઈ શાહ - ગાંધીનગર |
| રૂા. | ૫૦૦/- | શ્રી ચુનીલાલ શાહ - અમદાવાદ |
| રૂા. | ૧૫૦/- | શ્રીમતી મેહાબેન શાહ (મુંબઈ - ભુજ) |

## મેડિકલ રીલીફ યોજના

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦,૦૦૦/- | શ્રી ભરતભાઈ નંદલાલ સોની - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્રભાઈ શાહ - ગાંધીનગર |
| રૂા. | ૨,૦૦૦/- | શ્રી અશ્વિનકુમાર નાનાભાઈ ત્રિવેદી - અમદાવાદ |
| રૂા. | ૧૦૦/- | શ્રી નરેન્દ્રકુમાર મોરબીયા - ભુજ |

## વયસ્ક સમિતિ

| | | |
|---|---|---|
| રૂા. | ૩૧,૦૦૦/- | સ્વ. હંસાબેન રમેશભાઈ સાવલાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે. હ. સ્વાતિબેન કિરીટભાઈ ગંગર અને કિરીટભાઈ શિવજીભાઈ ગંગર |

## વૈયાવચ્ચ ફંડ

| | | |
|---|---|---|
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્રભાઈ શાહ - ગાંધીનગર |
| રૂા. | ૮૦૦/- | ચિ. વિનીતના લગ્ન પ્રસંગે શ્રી કાંતિલાલ રતિલાલ દોશી - પાલડી, અમદાવાદ તરફથી (રવિવાર, તા. ૦૬-૦૨-૨૦૨૨) |
| રૂા. | ૫૦૦/- | શ્રી કલ્પેશ ભીમાણી - અંજાર |
| રૂા. | ૫૦૦/- | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા - અમદાવાદ |
| રૂા. | ૩૦૦/- | શ્રી ભાવિન સાવલા - મુંબઈ |
| રૂા. | ૧૫૦/- | શ્રી શીતલકુમાર જે. શાહ - અમદાવાદ |
| રૂા. | ૧૦૦/- | શ્રી હેમાંગ મહેશભાઈ શાહ - અંજાર |
| રૂા. | ૧૦૦/- | શ્રી ઝીલ શાહ - ભુજ |

## બાળ કલ્યાણ સમિતિ

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૧/- | ચિ. પ્રિશા જેમિન મોરબીયાના જન્મની ખુશાલીમાં બાળ કલ્યાણ સમિતિને ભેટ |

## સાધર્મિક સહાય યોજના

| | | |
|---|---|---|
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્રભાઈ શાહ - ગાંધીનગર |
| રૂા. | ૧૦૦/- | શ્રી રમેશચંદ્ર નાનજી શાહ - મુંદ્રા |

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# "સરદાર ધામ"ની મુલાકાત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કેટલાક સભ્યોએ મંગળવાર, તા. ૧૯-૦૪-૨૦૨૨ના રોજ વૈષ્ણોદેવી સર્કલ પાસે સમગ્ર વિશ્વનાં પાટીદાર સમાજે સ્થાપેલ 'સરદાર ધામ'ની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. જેમાં સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, ઉપપ્રમુખ શ્રી હીરેન કુંવરજી શાહ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી મુકેશ સાવલા, શ્રી ચંદ્રેશ લોડાયા, શ્રી હસમુખ ખાંડવાલા તથા શ્રી રાજેન્દ્ર દોશી સામેલ હતા.

વિશ્વ પાટીદાર સમાજ – આ સંસ્થાનું મધ્યસ્થ કાર્યાલય એટલે 'સરદાર ધામ', જે વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી. રિંગ રોડ, અમદાવાદમાં આવેલ છે. આ સરદાર ધામના ગુજરાતમાં અન્ય પાંચ કાર્યાલય છે : વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા તથા ભુજ.

આ સમાજના પાંચ લક્ષ્યબિંદુઓ છે :

૧. બિલ્ડિંગ પ્રોજેક્ટ – રૂા. એક હજાર કરોડના ખર્ચે ૧૦ હજાર દીકરા-દીકરીઓ માટે સુવિધાયુક્ત છાત્રાલય.

૨. GPSC, UPSC, Defence, Judiciary, Civil Services Centre – એક હજાર દીકરા-દીકરીઓને વહીવટી સેવામાં મોકલવા.

૩. ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઇઝેશન (GPBO) (પ્રથમ હરોળના ૧૦,૦૦૦ ઉદ્યોગપતિઓનું સંગઠન)

૪. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) (સન ૨૦૧૮, ૨૦૨૦, ૨૦૨૨, ૨૦૨૪, ૨૦૨૬)

૫. રાષ્ટ્રવાદી યુવા તેજ / તેજસ્વિની સંગઠન (અંતર્ગત ૧ લાખથી વધુ રાષ્ટ્રપ્રેમી યુવાઓનું સંગઠન)

ટુંકમાં આ 'સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ' કરવાનું ધ્યેય ધરાવતી સંસ્થા છે. આ માટેનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરેલ છે અને હજુ વધારે થઈ રહ્યું છે.

સરદાર ધામ ઊભું કરવા પાછળ રૂા. ૨૦૦ કરોડનો ખર્ચ દાતાઓના દાનથી થયેલ છે. વિશ્વભરમાંથી લગભગ ૫૦ ટ્રસ્ટીઓ જોડાયેલા છે. આ માહિતી શ્રી ભાઈલાલભાઈ (બી.કે. પટેલ) જેઓ C.A. થયેલા છે. જેઓ રોજ બપોર બાદ અત્રે માનદ્ મંત્રી તરીકે સેવા આપેલ છે, તેમણે જણાવેલ છે.

સમાજના ઉજ્જવળ ભવિષ્ય અને યુવા શક્તિના સર્વાંગી વિકાસ માટે દેશ અને દુનિયા સાથે તાલ મિલાવી શકે, પોતાનું સ્વાવલંબી જીવન જીવી શકે તે માટેની ટ્રેનિંગ ખૂબ જ નજીવા દરે અત્રે આપવામાં આવે છે. તાલીમ કેન્દ્રમાં પારદર્શક વહીવટ માટે સરકારમાંથી નિવૃત્ત થયેલા સફળ IAS અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે. ટૂંકી ડોક્યુમેન્ટરી ફિલ્મ દ્વારા ઘણી જ સુંદર માહિતી પ્રાપ્ત થયેલ.

માનદ્ સેવા આપતા શ્રી ભાવિનભાઈ પટેલે જણાવેલ કે અભ્યાસ ક્ષેત્રે દરેક વિદ્યાર્થી સફળતા ના પણ મેળવી શકે તો આવા યુવાનો માટે GPBO - GPBS ની તાલીમ આપવામાં આવે છે. જેમાં પોતાના ધંધાનો વિકાસ કરવા જુદા જુદા ધંધાના ૫૦ યુવક-યુવતીઓનું ગ્રુપ બનાવવામાં આવે છે. તેમને ધંધામાં કેમ વાતચીત કરવી, કેવા વસ્ત્રો ધંધાને અનુરૂપ પહેરવા, મોટીવેશનલ પ્રોગ્રામ, ટ્રેનિંગ પ્રોગ્રામ, સેક્ટર આધારીત B2B મીટિંગ્સ તથા રેફરન્સની આપ-લે દ્વારા નેટવર્કિંગ દ્વારા પરસ્પર ઉપયોગી થવું ને નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવા.

આ ગ્રુપમાં નાના-મોટા બિઝનેસમેન, પ્રોફેશનલ્સ, સર્વિસ પ્રોવાઇડર્સ, પ્રોડક્ટ વિશેની માહિતી, ઈ-મેઇલ અથવા ફોનથી સંપર્ક દ્વારા ધંધાકીય જોડાણ કરાવીએ છીએ. નેટવર્કને જિલ્લા, રાજ્ય અને વિવિધ દેશોમાં જોડાણ કરાવીને ધંધાનું ટર્નઓવર ૧૦ હજારથી ૧૦ લાખ સુધી લઇ જવા માટેનું આયોજન - મદદ આપીએ છીએ.

અંતમાં PRO વિભાગના રીનાબેન પટેલે ૧૩ માળના બિલ્ડિંગમાં શું શું પ્રવૃત્તિ તથા વ્યવસ્થા છે તે રૂબરૂમાં દરેક માળે લઇ જઇને બતાવેલ. જેમાં દીકરા-દીકરીઓ માટે છાત્રાલય. હાલમાં ૧૬૦૦ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ રહી શકે છે. દરેક રૂમ માટે ૪૦૩ ચો.ફૂટના કુલ ૪૮૦ રૂમો છે. આ માટે રહેવાનું, ભોજન, તાલીમ, પુસ્તકાલય – બધું જ વાર્ષિક ફક્ત રૂા. ૨૦,૦૦૦/- (જે વાલીની આવક રૂપિયા બે લાખથી વધુ હોય એને), જે વાલીની આવક રૂપિયા બે લાખથી ઓછી હોય એમના માટે વાર્ષિક ફી રૂા. ૧૦,૦૦૦/-

જે તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીના વાલીની આવક ૧ લાખથી ઓછી હોય એમની વાર્ષિક રૂા. ૧/- ટોકન દર લેવામાં આવે છે. આ બધું જ મેટીરના ધોરણે એડમિશન અપાય છે.

*ત્યારબાદ રીનાબેને વધુ માહિતી આપતા જણાવેલ કે –*

૧. ૨ હોલ દરેકની ક્ષમતા ૧,૦૦૦ (એક હજાર) વાળા બનાવ્યા છે.

૨. સરદાર પટેલ ગેલેરી પેનોરામા - ૩૬૦ ડિગ્રી મૂવી હોલ જોયું.

૩. ૫૬૦૦ ચો. ફૂટની ૯૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાની ઇ-લાઇબ્રેરી જોઈ.

૪. ૪૫૦ વ્યક્તિની ક્ષમતાનું ઓડિટોરિયમ.

૫. ૫૦ રૂમનું ટ્રસ્ટીઓ માટે વિશ્રામ ગૃહ – જેમાં ૧૪ સુટ રૂમ હતા.

૬. વિદ્યાર્થીઓ માટે વાંચનાલય - પુસ્તકાલય.

૭. ઈન્ડોર ગેમ ઝોન – કાફેટેરિયા.

૮. તાલીમ કેન્દ્રના ૫ ક્લાસ રૂમ.

૯. GPBO - GPBS માટે બિઝનેસ સેન્ટર રૂમ.

૧૦. અદ્યતન - હાઈજેનિક ડાઈનિંગ હોલ - કીચન.

૧૧. ગ્રાઉન્ડ ફ્લોરમાં રિસેપ્શન, હોલ - વેઈટિંગ લોન્જ.

૧૨. છેલ્લે બેઝમેન્ટમાં વાહનો પાર્કિંગ સારી સંખ્યામાં થાય.

અંતમાં સંપૂર્ણ સરદાર ધામ અત્યંત આધુનિક, વાતાનુકૂલિત બાંધકામવાળું, ૭,૧૯,૦૦૦ સ્ક્વેર ફૂટ બાંધકામવાળું છે, જે ફાઈવ સ્ટાર કેટેગરીવાળું ક્લીન-નીટ કહી શકાય.

આટલી મોટી સંસ્થાની આટલી બધી પ્રવૃત્તિઓમાં મેનેજમેન્ટમાં ફક્ત ૩૫ જ વ્યક્તિનો પગારદાર સ્ટાફ છે. સિક્યોરીટી, ડાઈનિંગ તથા હાઉસકીપિંગ કોન્ટ્રાક્ટથી ચાલે છે. બધા જ સ્ટાફ સ્વીપરથી લઈને મેનેજર કક્ષા સુધીના ખૂબ જ શિસ્તબધ્ધ, નમ્ર તથા સહકારભર્યા જોવા મળ્યા.

સરદાર ધામમાં પ્રવેશતા જ ખૂબ જ સુંદર મધુર સ્મિત સાથે આવકાર મળેલ. રોજ રોજના વહીવટમાં જોડાયેલ શ્રી કે.કે. પટેલ સાહેબે VIP મીટિંગ રૂમમાં બેસાડી પરિચય કરાવેલ તથા ચા ની મહેમાનગતિ કરેલ.

આ સંસ્થામાં દરેક દાનની રકમ સામે ચોરસ ફૂટ તક્તીમાં લખેલ તે નવીનતમ વાત હતી.

લગભગ સાંજે ૬ વાગે પાછા ફરતા સૌના ચહેરા પર સંતોષ હતો.

## સમાજનું ગૌરવ

### બાળકોની પિરામિડ સ્પર્ધામાં પર્વ બન્યો ચેમ્પિયન

તાજેતરમાં ઈન્ડિયન ક્યુબ એસોસિએશન દ્વારા નવમી રાષ્ટ્રીય કક્ષાની છ થી આઠ વર્ષની કેટેગરી માટે બાળકોની પિરામિડ ક્યુબ ચેમ્પિયનશિપ યોજવામાં આવી હતી. જેમાં ૧૫૦૦થી વધુ હરીફ બાળકોએ ભાગ લીધો હતો. વાગડ બે ચોવીસી સ્થાનક જૈન સમાજના અમદાવાદ રહેતા નિરાલી ભાવેશ મોરબીયાના ૮ વર્ષીય પુત્ર પર્વ મોરબીયાએ બાળકોની કેટેગરીમાં ચેમ્પિયન બનીને સિદ્ધિ હાંસલ કરી છે. પર્વ મોરબીયા ભુજના દિલીપ કોરડિયાના દોહિત્ર થાય છે.

## અભિનંદન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય **શ્રીમતી કવિતાબેન એન. શાહ** ગ્રેનર્સ ઓર્ગેનાઈઝેશનના મિશન 'મહિલા અને બાળ સુરક્ષા' હેઠળ રાજ્યના મહિલા અને બાળકો સુરક્ષિત રહે તે માટેની કામગીરી કરવા માટે નિમણુંક કરવામાં આવેલ છે. શ્રીમતી કવિતાબેનને જુદા જુદા ક્ષેત્રમાં તેમની સેવા માટે બિરદાવવામાં આવેલ છે. અભિનંદન.

*કડવું છે પણ સત્ય છે....*
*મોબાઈલને કારણે બાળકો માતા-પિતાના કવરેજમાંથી બહાર નીકળતા જાય છે.*

## અવર્ણનીય / અકલ્પનીય : નાની બાળાનું મહા દાન

સામાન્ય રીતે ૮ વર્ષની બાળકીની પાસે આપણે કંઈક પણ માંગીએ તો એ આપણને કશું જ આપે નહીં.

પણ આજે આપણી સમક્ષ એવી બાળકી છે, કે જેણે હસતા હસતા પોતાના સુંદર - ફેવરીટ વાળ કેન્સર પેશન્ટ માટે ડોનેટ કર્યા છે.

**મોક્ષા મિત્તલબેન ધનરાજ દેઢિયા** (ઉંમર વર્ષ-૮) (ગામ : ગઢશીશા, હાલે અમદાવાદ)

ધોરણ-૨ માં ભણતી મોક્ષાએ વોટ્સએપ પર વાળ ડોનેશનનો કોઈ વીડિયો જોઈ લીધો અને તેને પોતાને પોતાના સુંદર વાળ ડોનેટ કરવાની ઇચ્છા થઇ.

માતા-પિતા અને મોટી બહેન ચાર્મીએ મોક્ષાના આ નિર્ણયને ઉત્સાહભેર વધાવી લીધો. અને કેન્સર પેશન્ટને માટે વીગ બનાવવા, ક્યાં અને કેવી રીતે ડોનેટ કરી શકાય તેની તપાસ કરવાની ચાલુ કરી. ઘણા બધા પ્રયાસો બાદ "MADAT Charitable Trust"નો સંપર્ક થયો અને વાળ ડોનેટ કરવાના નિયમોની માહિતી મળી. જેમકે –

૧. વાળ ૧૨ ઇંચથી વધુ લાંબા હોવા જોઈએ.
૨. વાળમાં કલર તથા મહેંદી કાંઈ પણ લગાવેલ ન હોવું જોઈએ.
૩. જ્યારે ૧૨ ઇંચના વાળ કાપો ત્યારે વાળમાં તેલ લગાવેલ ન હોવું જોઈએ અને વાળ શેમ્પુથી ધોઇને એકદમ કોરા હોવા જોઈએ.

રોજ અરીસામાં જોઈને અલગ અલગ હેર સ્ટાઇલ બનાવતી મોક્ષા અચાનક એક દિવસ પોતાના વાળ ડોનેટ કરવા રાજી થઈ.

આટલી નાની ઉંમરે મોક્ષાનું આ દાન ખૂબ જ પ્રશંસનીય છે.

અભિનંદન છે મોક્ષાને! ધન્ય છે તેના માતા-પિતાને!

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## જોઈએ છે

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ શાખાઓમાં ક્લાર્ક, એકાઉન્ટન્ટ અને સ્ટાફની જરૂરત છે. તો જરૂરિયાતવાળા લોકોએ સંપૂર્ણ વિગત સાથે તેમનો બાયોડેટા – મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે મોકલી આપવો.*

## રોટરી ક્લબ ઓફ અમદાવાદ – વાસણા દ્વારા "હેર ડોનેશન" ઝુંબેશ (For Cancer Patients)

આપણા સમાજના જ શ્રીમતી ફાલ્ગુની હિરેને ઉપરોક્ત ઝુંબેશમાં હોંશભેર ભાગ લઈને પોતાના દેખાવમાં મહામૂલો ભાગ ભજવતાં પોતાના લાંબા વાળમાંથી ૧૫ ઇંચ વાળનું દાન કરેલ છે, જે કેન્સરની સારવાર કરાવતી મહિલાઓની વાળની વીગ બનાવવામાં વપરાશે.

જી હા! કેન્સરની ટ્રીટમેન્ટમાં આપ સૌ જાણો છો કે કીમોથેરાપી જેવી અઘરી પ્રક્રિયા દરમ્યાન પેશન્ટ પોતાનાં વાળ ગુમાવી બેસે છે. પુરુષને ટાલ પડવી તે સ્વાભાવિક છે પરંતુ સ્ત્રીને? આત્મવિશ્વાસ, સેલ્ફ રીસ્પેક્ટ ખોવાઈ જાય છે.

આવી મહિલાઓને એક વીગ બનાવવા ત્રણ મહિલાઓના ઘટાદાર વાળમાંથી ૧૫ ઇંચના વાળની જરૂર હોય છે.

રોટરી ક્લબ, આ વાળ ડોનેશન કરનારને સર્ટીફિકેટ આપે છે. તેમજ જેવી જોઈએ તેવી હેર સ્ટાઇલ પણ ફ્રી માં 'એક્સપર્ટ હેર ડ્રેસર' પાસેથી કરાવી આપે છે. જે વાળ તેની વીગ બનાવવા મુંબઈ એક સેવાભાવી સંસ્થામાં જાય છે અને ત્યાંથી વીગ બની જાય એટલે 'ટાટા મેમોરીયલ કેન્સર હોસ્પિટલ - મુંબઈ' ખાતે દર્દીઓને આપી દેવામાં આવે છે.

આપ પણ આ દાનની ગંગા વહેવડાવવા તૈયાર છો? તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની 'મહિલા ઉત્કર્ષ સમિતિ' આપનું દાન વધાવી લેવા તૈયાર છે. તેઓ પણ રોટરી ક્લબ અમદાવાદ - વાસણા સાથે જોડાઈને આ અભિયાનને આગળ વધારશે અને ટુંક સમયમાં તેની માહિતીનો એક વિશેષ કાર્યક્રમ આયોજિત કરશે. આપણે સૌ શ્રીમતી ફાલ્ગુની હિરેનના આ હેર ડોનેશનને વધાવી લઈએ અને તેનાથી પ્રેરણા લઇને યથાશક્તિ કરી છૂટીએ અને આ સમગ્ર ઝુંબેશને રોટરી ક્લબ ઓફ વાસણા તરફથી આપણાં જ સમાજના શ્રીમતી હીના જીનેશ શાહે ઊભી કરી છે અને એક મહિના દરમ્યાન ઘણાં બહેનોના વાળ ડોનેશન લીધા છે. ઝુંબેશકર્તા અને ડોનર – બંનેને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - તરફથી અનુમોદના.... અભિનંદન...

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*'મંગલ મંદિર'ના સર્વે વાચકગણને જણાવવાનું કે 'મંગલ મંદિર' દર માસની પાંચમી તારીખે પોસ્ટ થઈ જાય છે. અંક ન મળવાની ફરિયાદવાળી વ્યક્તિઓએ પ્રથમ તેમના એરિયાની પોસ્ટ ઓફિસનો સંપર્ક સાધવો.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર – બોપલ ખાતે તા. ૨૩-૦૪-૨૦૨૨, શનિવારના રોજ ઓર્થોપેડિક અને ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નીચે મુજબના સભ્યો તથા ડોક્ટરોએ હાજરી આપી હતી.

૧. શ્રી પ્રતાપ નારાણજી દંડ – પ્રમુખશ્રી
૨. ડૉ. હિતેન્દ્ર એમ. શાહ – ટ્રસ્ટી
૩. શ્રી લક્ષ્મીચંદ વીરા – ટ્રસ્ટી
૪. ડૉ. વિઝલ મોદી – ઓર્થોપેડિક સર્જન
૫. ડૉ. રૂષિ શાહ – ઓર્થોપેડિક સર્જન
૬. ડૉ. ખુશ્બુ ત્રિવેદી – ડેન્ટીસ્ટ
૭. ડૉ. અજય પટેલ – ડેન્ટીસ્ટ
૮. ડૉ. રીધ્ધિ જોષી – મેડિકલ ઓફિસર

ઓર્થોપેડિક અને ડેન્ટલ કેમ્પનું આયોજન ડૉ. હિતેન્દ્રભાઈ શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. જેનો ઉદ્દેશ નવનીત મેડિકલ સેન્ટર - બોપલના દર્દીઓ અને આસપાસ રહેતા લોકોને રાહત દરે સારી સુવિધા અને સેન્ટરની અન્ય સુવિધાઓ વિશે જાણકારી મળે તે હતો.

આમંત્રિત ટ્રસ્ટીઓએ દીપ પ્રગટાવીને કેમ્પની શુભ શરૂઆત કરાવી હતી.

ઓર્થોપેડિક કેમ્પમાં ડૉ. વિઝલ મોદી અને ડૉ. રૂષિ શાહ દ્વારા ૩૮ દર્દીઓનું ચેક-અપ કરવામાં આવ્યું હતું. જરૂરિયાતવાળા દર્દીઓને BMD Scan અને Uric Acid ના ટેસ્ટ ફ્રી માં કરી આપવામાં આવેલ હતા. ઓર્થોપેડિક કેમ્પમાં આવેલ દર્દીઓને જરૂરિયાત મુજબ એક્સ-રે રાહત દરે કરી આપવામાં આવેલ હતા.

ડેન્ટલ કેમ્પમાં ૨૭ દર્દીઓએ ભાગ લીધો હતો. ડૉ. ખુશ્બુ ત્રિવેદી અને ડૉ. અજય પટેલ દ્વારા આ દર્દીઓની તપાસ કરી, જે-તે દર્દીઓને જરૂરત પ્રમાણે પ્રોસીજર અને ઑરલ કેર માટે સલાહ આપવામાં આવી હતી.

કેમ્પમાં આવનાર લોકોને સેન્ટરની રાહત દરે આપવામાં આવતી સુવિધાથી માહિતગાર કરવામાં આવ્યા હતા અને અહીં સેવા આપતા ડૉક્ટરોની માહિતી વિશેનું લીસ્ટ આપવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય ગીત સાથે કેમ્પની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

### શ્રી કમલેશભાઈ શાહ અને લક્ષ્મીચંદભાઈ વીરાના સહયોગથી ઉમદા કાર્ય સંપન્ન થયું

## ચક્ષુદાન તથા દેહદાન કરવામાં આવ્યું

દશા શ્રીમાળી જૈન **શ્રી અનંતભાઈ જીવણભાઈ સંઘવી** (ઉ.વ. ૮૯)નું તા. ૧૧-૪-૨૦૨૨ના રોજ સેટેલાઇટ પ્લાઝા, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે નિધન થયું. સ્વર્ગસ્થશ્રી તથા તેમના પરિવારજનોના આદર્શ અને ઉચ્ચ વિચારો થકી તથા આપણા સમાજના શ્રી લક્ષ્મીચંદભાઈ શામજી વીરા અને અંગદાન સમિતિના કન્વીનર શ્રી કમલેશભાઈ બાબુભાઈ શાહના સહયોગ અને પ્રયત્નોથી સ્વર્ગસ્થશ્રીના ચક્ષુદાન અને દેહદાન થતા સરાહનીય અને પ્રેરણાદાયક કાર્ય થયેલ છે.

મનુષ્યના મૃત્યુ બાદ સ્થુળ શરીરને બાળતા, રાખ જ થાય છે અને પ્રદૂષણમાં વધારો...

જ્યારે મૃત્યુ પછી માનવ શરીરની રચના સમજવા - શીખવા રીસર્ચ જેવા ખૂબ અગત્યના કામમાં આવે છે. બ્રેઈન ડેડ અવસ્થામાં ઘણા બધા અંગોનું દાન થઈ શકે છે. અસંખ્ય દર્દીઓ મૃત્યુના મુખમાં ધકેલાઈ જતા બચી જાય છે, નવું જીવન પ્રાપ્ત કરી શકે છે.

મૃત્યુ પછી ચક્ષુદાન થકી ઓછામાં ઓછા બે વ્યક્તિને અમૂલ્ય દૃષ્ટિ મળી શકે છે. કોઈપણ વ્યક્તિની ખુશ માપવાનું બેરોમીટર નથી શોધાયું, પણ જો શોધાયું હોય અને જેને દૃષ્ટિ મળી છે એની ખુશી માપીએને, તો કદાચ બેરોમીટર પણ તૂટી જાય.

આપ સૌ ખૂબ સમજદાર છો. મારા કહેવાનો ભાવાર્થ સમજી શકો એમ છો.

આ પ્રકારના ઉમદા અને ઉત્કૃષ્ટ કાર્ય કરનારને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.

*– કન્વીનર, અંગદાન સમિતિ*

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ગૃહ ઉદ્યોગ સમિતિ

ગૃહ ઉદ્યોગ સમિતિના ઉપક્રમે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૧૫-૦૫-૨૦૨૨થી હાર્મોનિયમ શીખવાના વર્ગો શરૂ કરવાના છે. જે અઠવાડિયામાં ત્રણ દિવસ : સોમ – બુધ – શુક્રવારે સાંજના સમયે રાખવામાં આવશે. રસ ધરાવતા સભ્યોએ પોતાના નામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના કાઉન્ટર પર લખાવવા.

*કન્વીનર, ગૃહ ઉદ્યોગ સમિતિ*

## ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા આયોજિત
## અમદાવાદની પ્રથમ એવી "Unique Parenting Club"

શરૂ થઈ ગઈ છે. જોડાવા માટે હજી સમય છે. ગત તા. ૦૩-૦૪-૨૦૨૨ના રોજ તેનો પ્રથમ દિવસ હતો. આવેલ મા-બાપ અત્યંત માહિતીસભર વર્કશોપની યાદો લઈને – ઘણું નવું જાણીને ગયા. હજી પણ તમો જોડાઈ શકો છો.

***આ ક્લબમાં જોડાવવાની શરતો :***

૧. મુક્ત મન

૨. મા-બાપ હોવું જરૂરી

૩. નવું નવું જાણવાની તૈયારી

૪. આપના બાળકની ઉંમર ૦ - ૧૮ સુધીની હોવી જોઈએ.

૫. વર્ષમાં ૪/૫ વાર આવવું અને

દુનિયામાં મા-બાપ માટે શું નવા પ્રયોગો થાય છે? સર્વે થાય છે? આજકાલ બાળકોના શું પ્રશ્નો છે? વગેરે વિશે અવનવું જાણવા માટે જોડાશો?

***સંપર્ક : એચ. કે. શાહ : ૯૮૨૫૦ ૧૩૭૧૫***

ઉપરોક્ત કાર્યક્રમ બાદ નીચે મુજબની વ્યક્તિઓએ પોતાના પ્રતિભાવ આપેલ છે.

૧. સમાજમાં ઘણાં કાર્યક્રમો શરૂ થઇ ગયા છે અને મને એમાંનો એક ખૂબ જરૂરી એવા Parenting Club ના પ્રોગ્રામની જાણ થતાં તરત એમાં જોડાઈ. પ્રોગ્રામ એટેન્ડ કર્યા બાદ ધીમે ધીમે મને સમજાયું કે સારા પેરેન્ટ બનવામાં પણ આપણે ક્યાંક કોઈ ભૂલ કરી જ દેતા હોઈએ છીએ. પણ તે ભૂલ કેમ સુધારવી, બાળક સાથે બાળક બની કેમ ઉછેરવા તે માટેનું મહત્ત્વનું જ્ઞાન અને ઘણાખરા મારા એવા સવાલો, કે જે બાળકના ઉછેરમાં મને મૂંઝવતા હતા, તેના સચોટ જવાબ અને ઉપાય મને આ પ્રોગ્રામમાં મળ્યા.


હું આભારી છું સમાજની કે તેમણે આટલો સારો અને મહત્ત્વપૂર્ણ પ્રોગ્રામ સમાજ માટે આયોજિત કર્યો. આવા પ્રોગ્રામનો લાભ દરેક માતા-પિતાએ લેવો જ જોઈએ.


***– કૃપાલી ચૈતન્ય રાંભિયા***

૨. ખૂબ જ સરસ લાગ્યું. બહુ જ ઉપયોગી માહિતી મળી. થેંક્યુ.. થેંક્યુ... થેંક્યુ.. તમે લોકોએ મારી ઘણી જ મદદ કરી.

***– મધુરીબેન દોશી***

૩. મને કદીયે જાણવા ન મળી હોય તેવી વાતો જાણી. આપણા બાળકને પ્રોબ્લેમ ન હોય તો કંઈ નહીં પણ ભવિષ્યમાં થશે તો? તેને રસ્તો કેમ મળશે, તે જાણવા માટે પણ દરેક મા-બાપે આવું જ્ઞાન મેળવવું જ જોઈએ.






શ્રી કચ્છી જૈન સેવા સમાજના ગણ્યાગાંઠ્યા લોકોને જોઈને શરમ આવી, કે માત્ર ૧૦ મા-બાપ જ પોતાનાં બાળકોના યોગ્ય ઉછેર માટે જાગૃત છે?

***ભાવેશ વાડીલાલ મોરબીયા***

૪. I am so glad that I came across this parenting club. Feels good that you'll have taken such good initiative for Society. One to one counselling with Mr. Shailendra Gupta was very motivating as well as the content in the session. Awaiting for the next session. Thank you so much.

***– Priyanka H. Joshi (95101 01019)***

૫. Parenting is not just only for parents who have small kids. By attending sessions of Shailendra Sir & Nirav Sir of parenting in KJSS, we came to know the exact meaning of parenting. Also it helps to improve ourselves & our kids to be a good person in life. Thanks to KJSS team.

***– Priyesh Sanghvi***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## (બહેનોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત)

### *એક ગૃહિણીને પોતાની બચતની વૃદ્ધિ કરતાં શીખવતો કાર્યક્રમ મંગળવાર, તા. ૫-૪-૨૦૨૨ના રોજ યોજાઈ ગયો*

એપ્રિલ મહિનાની ગરમી અને તડકાને નજર અંદાજ કરીને, કંઈક નવું શીખવાની ઝંખનાથી કાર્યક્રમમાં પધારેલ સૌ બહેનોને ઠંડક પહોંચાડે તેવો મીઠો આવકાર અપાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત વિષયના નિષ્ણાતનું પણ સ્વાગત કરાયું હતું. SEBI ના પ્રતિનિધિ સંજોગોવશાત હાજર રહી શક્યા ન હતા. Alternate arrangement માં શ્રી વિમેશભાઈ શાહે હાજરી આપી હતી. જેઓ પોતા ફાઈનાન્સના ફિલ્ડમાં જ કાર્યરત છે. Financial Advisor અને NJ Partner પણ છે. (હાલમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં સહ ખજાનચી તરીકે સેવા આપી રહ્યા છે.) એમની સાથે જોડાયા હતા શ્રી મનન દેસાઈ (From Aditya Birla SL Mutual Fund). કાર્યક્રમનો વિષય હતો : Wealth creation throu' Mutual Fund. અર્થાત્, 'મ્યુચ્યુઅલ ફંડ દ્વારા રોકાણમાં વૃદ્ધિ.'




*શ્રી મનન દેસાઈ દ્વારા Power Point Presentation*



*આત્મનિર્ભર બહેનો*

શ્રી મનન દેસાઈના વક્તવ્યમાં નાની બચતને કેવી રીતે Grow કરી શકાય, સંપત્તિનું સર્જન કેવી રીતે કરી શકાય, બચત પ્રમાણે ખર્ચને કેમ પહોંચી વળવું, બચત અને મોંઘવારીની અસમતુલા – વગેરે મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. આ મુદ્દાઓના નિરાકરણ માટે ક્યાં અને કેવી રીતે રોકાણ કરવું, એવા Funds પસંદ કરવા જેમાં રોકાણની સલામતી હોય, Liquidity હોય, સારૂં વળતર અને સાથે ટેક્ષ બેનીફીટ્સ પણ હોય વગેરે Power Point Presentation દ્વારા સરળ ભાષામાં માહિતી પ્રદાન કરી હતી.

અંતમાં શ્રી વિમેશભાઈએ વક્તવ્યનો સાર આપતા સમજાવ્યું કે આ રોકાણનું વળતર લાંબાગાળે ઘણું સારૂં મળી શકે છે. Financial Freedom પણ છે. એટલે કે જેટલું, જ્યારે અને જે ફંડમાં રોકાણ કરી શકાય અને સમય જતાં એનું વળતર પણ જ્યારે અને જેટલું જોઈએ તેટલું પાછું મેળવી શકાય




*સમિતિના સભ્યો દ્વારા શ્રી વિમેશ શાહનું બહુમાન*

(Redeem) અથવા ફરી પણ રોકાણ કરી શકાય. It is fully Flexible.

કેમિકલ ફ્રી અનાજ / કઠોળ માટેની જાગૃતિ ફેલાવતા અભિયાન અંતર્ગત "કચ્છ ઓર્ગેનિક્સ" (100% Natural & 0% Profit)નો ટુંકમાં પરિચય આપ્યો હતો – જેના તેઓ ક્વીનર છે. તેમણે Value for Money (એટલે કે વસ્તુની વેચાણ કિંમતની સાથે વસ્તુની ગુણવત્તા (ક્વોલિટી) પણ એટલી જ જરૂરી) ઉપર વાત. મ્યુચ્યુઅલ ફંડની જેમ આ પણ એક લાંબાગાળાનું તંદુરસ્તી માટેનું રોકાણ જ કહી શકાય.

અંતમાં, ગત કાર્યક્રમમાં આ KO અભિયાનમાં ૩૦થી વધુ બહેનો જોડાયા – ઘર બેઠા અનાજ મેળવ્યું – તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં હાજર રહેલ બહેનોનો આભાર મનાયો હતો. ઉપસ્થિત વક્તાશ્રીઓનું બહુમાન સમિતિના સભ્યો દ્વારા કરાયું હતું.

આત્મનિર્ભર બહેનોને પણ સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

**આત્મનિર્ભર બહેનો :**

★ **કલ્પનાબેન ગડા** : નેચરલ શરબત

★ **કુ. પ્રિયંકા** : All Financial Services

★ **કાંતાબા / સીમાબેન** : ઘરના તાજા નાસ્તા.




*કચ્છ ઓર્ગેનિક્સ*

★ **રૂપલ ગોસર** : વિવિધ પ્રકારના ખાખરા.

★ **વૈભવી શાહ** : Washing maching liquid & Tub cleaning Liquid manufacturer.

★ **દિપીકા નાગડા** : ટિફીન સેવા (@ Railway Station also)

*સમિતિની પ્રવૃત્તિઓની વિગતની જાણકારી મેળવવા માટે મો. ૮૦૦૦૯ ૭૨૯૬૯ પર સંપર્ક કરવો.*

***સુલુબેન શાહ - કન્વીનર, મહિલા ઉત્કર્ષ સમિતિ***

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## યુવા વિકાસ સમિતિ

યુવા વિકાસ સમિતિ દ્વારા ચોપડા વિતરણના કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ યોજનામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના બાળકોને ખરીદ કિંમત ઉપર રાહત દરે નોટબુક - ચોપડા જે જરૂરી હોય તેવા બે ડઝન (૨૪ નંગ) નોટબુક અથવા ચોપડા રાહતદરે મેળવી શકાશે. જેના માટે તા. ૧-૫-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર નક્કી કરેલ રકમ, ફોર્મ ભરીને જમા કરાવવાની રહેશે.

આ નોટબુક અથવા ચોપડા વિતરણની તારીખ મે મહિનાના 'મંગલ મંદિર'માં જાહેર કરવામાં આવશે. ભરેલી રકમ પરત મળશે નહીં. નક્કી કરેલી તારીખ અને સમયને ધ્યાનમાં રાખવા વિનંતી. ત્યારબાદ ક્ષમા કરશો.

*વધુ માહિતી માટે સંપર્ક :*

**કૃપાલી રાંભિયા : મો. ૯૦૮૧૮૧૭૮૧૪**

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

*માનવ જ્યારે અત્યંત મુશ્કેલીમાં હોય, ચારેકોર ગાઢ અંધકાર છવાયેલ હોય ત્યારે તેમને પ્રભુ સાથે વાત કરવાનો અને તેમની પ્યારીમાં પ્યારી વસ્તુનું દાન કરવાનું કહે છે. કહેવાય છે કે રાજસ્થાનમાં પન્નાએ રાજકુંવરને બચાવવા પોતાના વહાલામાં વહાલા પુત્રની કુરબાની આપી હતી.*

*સ્ત્રી માટે સૌથી પ્યારીમાં પ્યારી વસ્તુ કદાચ તેના વાળ (કેશ) છે. આ કેશવર્ધન માટે કદાચ ટી.વી.માં સૌથી વધારે જાહેરાત આવે છે. તો આવી ખૂબસુરતીની મિશાલ એવા કેશ (વાળ)નું દાન ખૂબ જ હિંમત માંગી લે છે. કદાચ જીવ કરતાં પણ લાંબા વાળનું દાન આપનાર આપણા સમાજના – શ્રીમતી ફાલ્ગુની હીરેન અને ચિ. મોક્ષા દેઢિયાને લાખ - લાખ અભિનંદન.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : માસિક અહેવાલ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સમિતિઓ અને કારોબારી તેમજ ટ્રસ્ટી મંડળનાં કાર્યોનો ટૂંકો અહેવાલ

### કારોબારી સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારીની મીટિંગ રવિવાર, તા. ૧૭-૪-૨૦૨૨ના રોજ સવારે ૯ વાગ્યાથી ૧૧.૩૦ વાગ્યા દરમિયાન પાલડી કાર્યાલયે મળેલ. આ મીટિંગમાં નીચે મુજબની મુખ્ય કાર્યવાહી કરવામાં આવેલ.

૧. ભવન સમિતિ તરફથી કરેલ ખર્ચ અને આગામી ખર્ચની મંજૂરી.
૨. વયસ્ક સમિતિ તરફથી ખર્ચ અને નવા પ્રોગ્રામની મંજૂરી.
૩. મહિલા ઉત્કર્ષ સમિતિ તરફથી કરવામાં આવેલ કાર્યક્રમોને અને તેના ખર્ચની મંજૂરી.
૪. યુવા વિકાસ સમિતિ તરફથી આવેલ નવા પ્રોગ્રામની દરખાસ્ત અને ખર્ચની મંજૂરી.
૫. સામાજિક સુરક્ષા, મેડિકલ સહાય, બાલ સમૃધ્ધિ સમિતિ દ્વારા વર્ષ દરમિયાન કરેલ કાર્યોનું વાંચન અને ખર્ચની મંજૂરી.
૬. ગૃહ ઉદ્યોગ સમિતિ તરફથી આવેલ પત્રનું વાંચન અને તેની મંજૂરી.

ઉપરાંત પ્રમુખશ્રી પ્રતાપભાઈની મંજૂરીથી વિમેશભાઈએ મેડિકલ સમિતિ માટે કેટલાક સુધારાઓ રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે હજુ પણ ફક્ત ૧૫% સભ્યો જ વાર્ષિક મેડિકલ ચેક-અપનો લાભ લે છે. આ સંખ્યા વધારવા માટે તેમણે કેટલાક સૂચનો આપેલ. જેનો આગામી ૧ મે ની કારોબારીમાં ચર્ચાને અંતે નિર્ણય કરવો તેમ નક્કી થયેલ.

### સમિતિ અહેવાલ

**૧. મહિલા ઉત્કર્ષ સમિતિ**

મહિલા ઉત્કર્ષ સમિતિનો એક કાર્યક્રમ તારીખ ૧૧ માર્ચ, ૨૦૨૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજાયેલ. આ પ્રોગ્રામ સ્નેહ મિલન સાથે ગેમ્સની મસ્તીનો હતો.

મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા અન્ય એક પ્રોગ્રામ તારીખ ૫ એપ્રિલ, ૨૦૨૨ના મંગળવારે બપોરે ૩ વાગે પાલડી ભવન ખાતે યોજવામાં આવેલ. આ પ્રોગ્રામ અંતર્ગત ગૃહિણીને પોતાના મોબાઈલ દ્વારા મ્યુચ્યુઅલ ફંડના માધ્યમથી નાની બચતમાં વૃદ્ધિ કેવી રીતે કરવી તેની માહિતી એક્સપર્ટ દ્વારા આપવામાં આવેલ.

**૨. મેરેજ બ્યુરો સમિતિ**

આ સમિતિ સમસ્ત જૈન લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે એક વોટ્સ એપ ગ્રુપ ચલાવે છે. એપ્રિલ માસ દરમિયાન આ સમિતિની બે મીટિંગ – ૨ એપ્રિલ અને ૧૬ એપ્રિલના થઈ હતી.

મેરેજ બ્યુરો સમિતિ દ્વારા દર પંદર દિવસે એકવાર યુવકોનાં અને બીજી વાર યુવતીઓનાં બાયોડેટા પોસ્ટ કરવામાં આવે છે. ૨૨ માર્ચથી ૨૧ એપ્રિલ દરમિયાન સમિતિ દ્વારા ૩૭મી અને ૩૮મી વખત યુવકો અને યુવતીઓનાં બાયોડેટા પોસ્ટ કરવામાં આવેલ. ૩૭મા રાઉન્ડમાં ૧૧ નવા યુવકો અને ૭ નવી યુવતીઓનાં બાયોડેટા સમાવેલ અને ૩૮મા રાઉન્ડમાં ૭ નવા યુવકો અને ૬ નવી યુવતીઓના બાયોડેટા સમાવેલ.

**૩. સરસ્વતી સન્માન સમિતિ**

છેલ્લા બે વર્ષથી કોવિડને લીધે વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજી શકાયો નહોતો. આ સમિતિએ તા. ૨૧ એપ્રિલે મળેલ મીટિંગમાં ૨૦૨૨ના માર્ચ - એપ્રિલમાં આપેલ પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર કચ્છી જૈન વિદ્યાર્થીઓનાં સન્માન કરવાનું નક્કી કરેલ છે. સમિતિના જણાવ્યા મુજબ જૂન મહિનાના 'મંગલ મંદિર' અંકમાં આની વિસ્તૃત માહિતી અને ફોર્મ મોકલવામાં આવશે.

સરસ્વતી સન્માન સમારોહ આ વર્ષે સમાજનાં સભ્યોનું આકર્ષણ રહે તે રીતે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે.

**૪. અંગ દાન સમિતિ**

અંગદાન સમિતિના કન્વીનર શ્રી કમલેશભાઇ અને શ્રી લક્ષ્મીચંદભાઈ વીરાના પ્રયત્નોથી આ મહિને એક ઉમદા કાર્ય સંપન્ન થઈ શક્યું છે. કચ્છી જૈન સભ્ય શ્રી અનંતભાઈ જીવણભાઈ સંઘવીનું ૮૯ વર્ષે, તા. ૧૧ એપ્રિલના રોજ નિધન થયેલ અને સદ્ગતના ચક્ષુ અને દેહદાનનાં ઉમદા કાર્યને પરિવાર અને સમિતિનાં પ્રયત્નોથી સફળતા મળેલ.

**૫. સભ્ય તથા મેડિકલ કાર્ડ સમિતિ :**

૮ નવા સભ્યોની અરજી ટ્રસ્ટ મંડળમાં મંજૂર કરાવી. ૧૬ નવા મેડિકલ કાર્ડ (સભ્યો, નિયાણીઓ તથા સ્ટાફના) બનાવવામાં આવ્યા.

**૬. તબીબી સહાય, સમાજ સુરક્ષા અને બાલ કલ્યાણ સમિતિ :**

તબીબી સહાય સમિતિ દ્વારા એપ્રિલ મહિનામાં બે સભ્યોની

અરજી મંજૂર કરીને તબીબી સહાય આપવામાં આવેલ.

૭. **બાલ કલ્યાણ સમિતિ** તરફથી એપ્રિલ મહિનામાં નવા જન્મેલા બે બાળકોના રૂા. ૧૫,૦૦૦/-ના મ્યચ્યુઅલ ફંડ ખાતા ખોલી સર્ટિફિકેટ આપવામાં આવેલ.

## ૮. વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ દ્વારા તારીખ ૨ થી ૪ માર્ચ દરમિયાન ૪૫ વડીલો સાથેનો ત્રણ દિવસનો ઉત્તર ગુજરાતનો એક પ્રવાસ યોજવામાં આવેલ. આ પ્રવાસ દરમિયાન ચંદ્ર પાર્શ્વનાથ તીર્થ, નડાબેટ, વડાવલી, મોઢેરા સૂર્યમંદિર, રાણકી વાવ પાટણ, સિધ્ધપુર અને સુલતાન પાર્શ્વનાથ જેવી જગ્યાઓની મુલાકાત લેવામાં આવેલ.

તા. ૨૭-૪-૨૦૨૨ના રોજ સમિતિ દ્વારા મ્યુઝીકલ હાઉસી પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. તેની વિવિધ કાર્યવાહી આખા મહિના દરમિયાન પૂરી કરવામાં આવેલ હતી.

## ૯. સાંસ્કૃતિક હોલ સમિતિ

આ સમિતિ તરફથી શાંતિનાથ ડેકોરેટર્સ પાસેથી વર્ષ ૨૦૨૨-૨૩ માટે જુદા જુદા ડેકોરેશનને લગતા સાધનોના ભાવ પત્રક મંગાવવામાં આવેલ અને તેને ફાઈનલ કરવામાં આવેલ. આ ઉપરાંત સમિતિ દ્વારા ૧૦ નવા રાઉન્ડ ટેબલની ખરીદીનો ઓર્ડર પણ આપવામાં આવેલ.

## ૧૦. મંગલ મંદિર સમિતિ

મંગલ મંદિર તંત્રી મંડળની બેઠક તા. ૨૦-૪-૨૦૨૨ના રોજ મળી હતી. તેમાં આગામી મંગલ મંદિરની આવૃત્તિ માટેના લેખો અને તંત્રીલેખ અંગે ચર્ચા કરવામાં આવેલ.

## ૧૧. નવા પ્રોજેક્ટ સમિતિ

આ સમિતિ દ્વારા એપ્રિલ મહિના દરમિયાન નવનીત ફાઉન્ડેશન દ્વારા ઓફર કરવામાં આવ્યા મુજબ ઝુંડાલ ચોકડી પાસે ૪૫૦૦ વાર જમીનની મુલાકાત લેવામાં આવેલ અને ત્યાં થઈ શકે તેવા નવા પ્રોજેક્ટ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ.

આ ઉપરાંત તા. ૨૦-૪-૨૦૨૨ના રોજ સમિતિ દ્વારા સરદાર ધામની મુલાકાત લેવામાં આવેલ અને ત્યાં ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી મેળવી, સમાજ ઉપયોગી નવા પ્રોજેક્ટ વિશે તેને કેવી રીતે સાંકળી શકાય તેની ચર્ચા કરવામાં આવેલ.

## ૧૨. હિસાબી સમિતિ

હિસાબી સમિતિની એક મીટિંગ તા. ૬ એપ્રિલ, ૨૦૨૨ના રોજ પાલડી ભવન ખાતે મળેલ. આ મીટિંગમાં નવા એકાઉન્ટન્ટ શ્રી દીપકભાઈ ભાવસારની નિમણુંકને મંજૂરી આપવામાં આવેલ. આ મીટિંગ દરમિયાન જી.એસ.ટી. સંબંધિત દાન માટે ફરજિયાત પાનકાર્ડ લેવાના ગવર્નમેન્ટના નવા નિયમો સંબંધિત C.A. સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ.

## ૧૩. યુવા વિકાસ સમિતિ

યુવા વિકાસ સમિતિ દ્વારા પાલડીના બેઝમેન્ટ હોલમાં દર રવિવારે Indoor Games નું આયોજન કરવામાં આવે છે. દર રવિવારે બપોરે ૩ થી ૫ દરમિયાન કેરમ, ચેસ અને નાના બાળકોની ઈન્ડોર રમતોનું આયોજન કરવામાં આવે છે.

આ ઉપરાંત યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૨૪ એપ્રિલ, રવિવારના રોજ સવારે ૬.૩૦ વાગે 'સાયક્લોથોન'નું એન.આઈ.ડી. રીવરફ્રન્ટ ખાતે આયોજન કરવામાં આવેલ. એપ્રિલ મહિના દરમિયાન યુવા વિકાસ સમિતિ દ્વારા દર વર્ષની જેમ ચોપડા વિતરણ કાર્યક્રમ માટેની જરૂરી કાર્યવાહી પૂરી કરવામાં આવેલ.

## ૧૪. સાધર્મિક સહાય સમિતિ

એપ્રિલ મહિના દરમિયાન ૧૯ કુટુંબોને રાબેતા મુજબ સાધર્મિક સહાય આપવામાં આવેલ.

## ૧૫. ભવન સમિતિ

ભવન સમિતિની એક મીટિંગ તા. ૧૭-૩-૨૦૨૨ના રોજ મળેલ. આ મીટિંગમાં ૧ એપ્રિલ, ૨૦૨૨થી શાહીબાગ અને પાલડી ખાતે આવેલ કેન્ટીનમાં ખાણીપીણી અને ચા-કોફીના નવા ભાવ નક્કી કરવામાં આવેલ.

શાહીબાગ ખાતે કેન્ટીન માટે જરૂરી ફ્રીજની ખરીદી કરવામાં આવેલ. પાલડી ખાતે આવેલ કેન્ટીન માટે ૩૦ નવી ખુરશીઓ ખરીદવામાં આવેલ.

પાલડી કેન્ટીનના રસોડાની ગટર લાઈનનું કામ પૂરૂં કરવામાં આવેલ તેમજ ટાઈલ્સ અને કલર કામ માટે ટેન્ડર મંગાવવામાં આવ્યા છે.

## ૧૬. રીનોવેશન સમિતિ

શાહીબાગ ખાતે રૂમ નંબર ૨૧૩, ૨૧૪, ૩૧૩ અને ૩૧૪નું રીનોવેશન પૂરૂં થઈ ગયેલ છે. આ રૂમોમાં એ.સી. માટે કારોબારીમાં દરખાસ્ત કરવામાં આવેલ. આ ચાર રૂમ સિવાય ટ્રસ્ટીની કેબીન અને કાર્યાલયની ઓફિસ માટે પણ બે એ.સી. લગાવવા માટેની કારોબારીમાં મંજૂરી મેળવવામાં આવેલ છે.

ગીતા મંદિર એસ.ટી. ખાતે ધાબાને કવર કરવા માટે નવા પતરા લગાડવામાં આવ્યા છે જે ફાયર સેફ્ટીના નિયમો

પ્રમાણે ખૂબ જરૂરી હતું. તેમજ એસ.ટી. ખાતેના ડાયાલિસિસ સેન્ટર પર દર્દીઓના સગા બેસી શકે તે માટે સુવિધા ઊભી કરવામાં આવી છે અને આ ભવન ઉપર જનરલ પ્રેક્ટીસ (ઓ.પી.ડી.) શરૂ કરવા માટે ભવનની મુલાકાત લેવામાં આવી અને તેના વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

**૧૭. બોપલ મેડિકલ સમિતિ**

બોપલ મેડિકલ સમિતિ દ્વારા તારીખ ૨૩ એપ્રિલ, ૨૦૨૨ના રોજ ડેન્ટલ અને ઓર્થોપેડિકના નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

બોપલ મેડિકલ સેન્ટર ખાતે આવેલ ડાયાલિસિસ સેન્ટરમાં ‘‘મા કાર્ડ’’ને અનુલક્ષીને સરકારી ગાઈડલાઈન્સ અનુસાર નેફ્રોલોજી ડોક્ટર, MD ડોક્ટર અને MBBS ડોક્ટરની નિમણુંક કરવામાં આવી. આ ઉપરાંત એમ્બ્યુલન્સ માટે કરાર, આઈ.સી.યુ. માટે હોસ્પિટલ જોડે કરાર, ઈમેજિંગ સેન્ટર જોડે કરાર અને ફાયર સેફ્ટીના પણ અન્ય કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા.

બોપલ મેડિકલ સેન્ટર પર તા. ૧ એપ્રિલ, ૨૦૨૨થી કન્સલ્ટીંગ અને ઈન્વેસ્ટીગેશનના નવા દર લાગુ કરવામાં આવ્યા.

**૧૮. શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ :**

આ સમિતિ દ્વારા એજ્યુકેશનિસ્ટ અને સાયકોલોજિસ્ટની નિમણુંક કરવામાં આવી છે. જે દર રવિવારે બપોરે ૨ થી ૬ ભવન પર હાજર હોય છે. તેમના દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે ‘સક્ષમ’ નામનો પ્રોજેક્ટ હાલ કાર્યરત છે. આ સિવાય પેરેન્ટીંગ ક્લબની પણ શરૂઆત કરવામાં આવી છે. પેરેન્ટીંગ ક્લબ અંતર્ગત તારીખ ૮ મે, ૨૦૨૨ના રોજ એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે. જે સવારે ૧૦થી ૧૨.૩૦ના સમયમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના મુખ્ય હોલમાં કરવામાં આવશે.

## વયસ્ક સમિતિ

**ફિલ્મી ગીતો પર આધારિત ‘હાઉસી’ના કાર્યક્રમનું ધમાકેદાર આયોજન થયું... તુમ્હી મેરે મંદિર, તુમ્હી મેરી...**

વયસ્ક સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમ એટલે... કાર્યક્રમ રૂપી ફુવારામાંથી આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસની ધારાઓ ઉડતી હોય. તે સાથે સાથે ઉપસ્થિત સર્વે વડીલોના અંતરના અત્તરની ખુશ્બુ સભાગૃહમાં પ્રસરી રહી હોય તેવી અનુભૂતિ થાય અને આ પ્રકારના માહોલમાં પરસ્પર એકબીજાને મળે, વાતચીત કરે... આરંભથી અંત સુધીના અવનવા કાર્યક્રમને દિલથી માણે! બસ, આ જ છે વયસ્ક સમિતિના કાર્યક્રમોની લિજ્જત! કાર્યક્રમ દરમ્યાન સદસ્યોની કાયામાં રૂંવાડા ખડા થઈ જાય અને અદ્‌ભુત પ્રકારની રોમાંચકતા અનુભવતા હોય. વયસ્ક સમિતિ દ્વારા કોઈ વખત બે કાર્યક્રમની વચ્ચે ગેપ થઈ જાય તો... સભ્યો કહેતા હોય છે કે... હવે એક કાર્યક્રમ કરોને?

આવી કંઈક પૂર્વ ભૂમિકાની સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ દ્વારા તા. ૨૭-૦૪-૨૦૨૨ના રોજ એક ખૂબ સુંદર અને દરેકના દિલના દરિયામાં આનંદના મોજા પેદા કરતો, ફિલ્મી ગીતો પર આધારિત નવીન પ્રકારની હાઉસીના એક કાર્યક્રમનું આયોજન થયું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં સમિતિના કન્વીનર શ્રી રજનીકાંત પારેખે ઉપસ્થિત સભ્યોને આવકાર આપીને સૌનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સમિતિના ગત કાર્યક્રમની વીડિયો ઝલક એક મોટા સ્ક્રીન પર દર્શાવવામાં આવી હતી. જે કાર્યક્રમ રાધનપુર વિસ્તારમાં ટુરિઝમે વિકસાવેલ ઈન્ડિયા - પાકિસ્તાન બોર્ડર સુધી જઈને ત્યાંની સ્થિતિથી વાકેફ થયાનો હતો. જે વીડિયો પ્રેઝન્ટેશન સૌએ આનંદપૂર્વક માણ્યો હતો. કાર્યક્રમ દરમ્યાન શ્રી રજનીકાંત પારેખે ૯ નંબરના આંકડાનો એક મેજિક, બ્લેક બોર્ડ ઉપર રજૂ કરીને સૌને સ્તબ્ધ કરી દીધા હતા. આ પ્રકારના ખુશનુમા વાતાવરણ વચ્ચે ફિલ્મી ગીતો સાથેની એક રસપ્રદ ઈનામી હાઉસી સૌને રમાડવામાં આવી હતી. આ વિવિધતાસભર હાઉસી રમીને દરેક સભ્યોએ ભરપૂર આનંદ માણ્યો હતો. આ દરમ્યાન આવનાર કાર્યક્રમનાં નીચે મુજબના આદરણીય સૌજન્ય દાતાશ્રીઓનો, સમાજના હોદ્દેદારશ્રીઓ તથા સક્રિય કાર્યકર્તાઓ દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ.

**સૌજન્ય દાતાશ્રીઓ :**

★ **સ્વ. હંસાબેન રમેશભાઈ સાવલા હ. સ્વાતિબેન કિરીટભાઈ ગંગર (સ્વ. હંસાબેનની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે)**

★ **શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ – ડૉ. ધીરેન શાહ દ્વારા ૩૦ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની ખુશીમાં.**

★ **શ્રીમતી દમયંતીબેન દામજીભાઈ નીસર અને શ્રીમતી કલ્પનાબેન હરખચંદ પોલડિયા – બંનેના નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે.**

★ **શ્રીમતી નીતાબેન રોહિત શાંતિલાલ સંઘવી – ચિ. પૂજનના લગ્ન નિમિત્તે**

★ **એક સન્નારી તરફથી – કાર્યક્રમના અંતે હાઉસીના ઈનામ માટે.**

અંતે મનભાવતા અને દિલ ખુશ કરે તેવા વ્યંજનોનો ભોજન સૌ સભ્યોએ સમૂહમાં માણ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા વયસ્ક સમિતિના દરેક સભ્યોએ છેલ્લા કેટલાક સમયથી ખાસ જહેમત ઉઠાવી હતી. જેના પરિણામે ઉપસ્થિત સભ્યોએ ખૂબ સારી પ્રતિક્રિયા વ્યક્ત કરીને દરેકનો ખાસ આભાર માન્યો હતો. ***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

## આંગણે કાગળ

માર્ચ-૨૦૨૨નો 'મંગલ મંદિર'નો મા વિશેષાંક તૈયાર થયો તે બદલ આપને તથા સંપાદકોને ખૂબ ખૂબ અભિનંદન.

આપણા સમાજમાં નારી તરીકે માતાનો વિશેષ મહિમા રહ્યો છે. તેના થકી સંતાનોનું લાલન-પાલન-પોષણ નિયમિત રહે છે. જે આખા જગતને ઉત્તમ સંતાનો આપે, તેવી માતૃશક્તિ વિશે સુંદર આલેખન કરનારા આ અંકના સર્વે વિદ્વાન સર્જકોને ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. કેટલાક લેખમાં જાત અનુભવની વાતો છે, કેટલાક લેખો પ્રેરક - બોધક જીવનભાથું પીરસે છે, તો કેટલીક કલમે માતૃપ્રેમની પવિત્ર નદી વહાવી છે. જેમાં દરેક વાચકોને ડૂબકી મારીને ધન્ય થવું ગમે જ.

ઈશ્વરની સમકક્ષ માતાના પાત્રને મૂકીને આપણે જીવતરનું ઋણ ચૂકતે કરવું જોઈએ. માતાની વિશિષ્ટ ભૂમિકા, એની યાતના - સંઘર્ષ - સફળતા અને અંતે પરિવાર સમર્પિત ભાવનો જગતમાં જોટો ન મળે એ રીતે રજુઆત પામ્યા છે. તે સર્વે સંતાનો - સર્જકોને વંદન!

વિશેષમાં, ગુલશન શિર્ષકથી શ્રેષ્ઠ ગઝલકારનો વિગતે પરિચય લગભગ પ્રત્યેક અંકમાં પ્રસ્તુત થતો આવ્યો છે, તે સર્જક ચંદ્રકાંત પટેલની અભ્યાસ નિષ્ઠા તથા સાહિત્ય પ્રેમ સૂચવે છે. તો ગુજરાતી સાહિત્ય નોલેજ બેંક તૈયાર કરનાર શ્રી રમેશ પટેલની જહેમત આગવી સુઝ - વિદ્વતાનો પરિચય કરાવે છે.

પદ્ય વિભાગમાં જાણીતા ગઝલકારની કલમે માતૃવંદના થાય, અન્ય કવિઓની કૃતિ પણ માતાને સમર્પિત થાય તેવું સુંદર સંપાદન આ અંકનું આભૂષણ ગણી શકાય. ભારતીય સંગીત ક્ષેત્રની સ્વર કોકીલા લતાજીની વિદાયને શાબ્દિક શ્રદ્ધાંજલી અર્પણ કરી, જાણે આ અંક એમને જ સમર્પિત હોય એ બાબત પણ ગૌરવ અપાવે એવી છે. ટુંકમાં, સર્વ રીતે આસ્વાદ્ય - માહિતીથી ભરપૂર 'મંગલ મંદિર' સાહિત્યના - જ્ઞાનના આકાશમાં મંગલમય સ્થાન પામ્યું તે બદલ સૌ આયોજકો, સંપાદકો અને સર્જકોને અનેક અભિનંદન. લોકભોગ્ય કલા - શિક્ષણ - સાહિત્ય વિષયક સામગ્રી પીરસીને આપ સામાજીક ઋણ અદા કરી રહ્યા છો, તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

*શીલા વ્યાસ - બોરસદ (જિ. આણંદ)*
*મો. ૮૨૩૮૩૩૨૨૭૧*

★

'મંગલ મંદિર'નો 'મા વિશેષાંક' સમયસર મળ્યો. ખૂબ ખૂબ આભાર. ચિત્તાકર્ષક સુંદર મુખપૃષ્ઠ ઉપર લતા દીદીનો ફોટો મૂકી આપે મુખપૃષ્ઠને ચાર ચાંદ લગાવી દીધા છે. પ્રથમ પૃષ્ઠથી લઈને અંતિમ પૃષ્ઠ સુધઈ આપે 'મા' વિશેની વાંચન સામગ્રી પીરસીને મનના સરોવરને પરિતોષથી છલકાવી દીધું છે. મંગલ મંદિરમાં પીરસવામાં આવતા લેખો, કાવ્યો, ગઝલો, વાર્તાઓ, લઘુકથાઓ તેમજ શ્રેણીબધ્ધ આવતા વિભાગો વાંચકોને ગમતું નજરાણું બની રહે છે. એકેય પાનું છોડવાનું મન થતું નથી.

'મંગલ મંદિરે' વિશેષાંકો પ્રગટ કરવાની આગવી પ્રણાલિકા પાડી છે. વિશેષાંકો પણ એવા કે એકથી ચડિયાતા. જે વાંચકો અને ભાવકોનું દિલ જીતી લે છે. 'વૈશ્વિક મહિલા દિવસ'ના પ્રસંગે 'મા વિશેષાંક' સોનામાં સુગંધ ભેળવે છે. 'મા'ની મંગલ મૂર્તિને આંખો સમક્ષ ખડી કરી દે છે. વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં પ્રગટ થયેલી 'મા' અંગેની લાગણીઓ આપણા મનને ભીંજવી દે છે.

*આબીદ ભટ્ટ - હિંમતનગર*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર હોવા છતાં 'મંગલ મંદિર' એ વાડામાં ન બંધાતા સહુ કોઈનું બની રહ્યું છે એ ઘટના સાહિત્ય જગત માટે નોંધનીય છે. વિશેષાંકો બાબતે તો 'મંગલ મંદિર' ખરેખર બેનમૂન છે. કચ્છને મધ્યબિંદુમાં રાખીને પણ અનેકવિધ સાહિત્યનો રસથાળ પીરસવામાં 'મંગલ મંદિર' અજોડ છે. સાહિત્ય, સંગીત, કલા, બાળક, યુવાન, વયસ્ક, જ્ઞાન-ગમ્મત વગેરે વગેરે... સાથોસાથ વિષય વૈવિધ્ય જાળવવામાં 'મંગલ મંદિર' મેદાન મારી ગયું છે. દિનેશભાઈ મહેતાની વર્ષોની સાતત્યપૂર્ણ કાળજી, ચંદ્રકાંત પટેલની સાહિત્ય વિભાગની વિવિધતાપૂર્ણ સંભાળ 'મંગલ મંદિર'ના આગવા પાસા રહ્યા છે.

તંત્રી મંડળમાં પરિવર્તન થાય તે સહજ અને સ્વાભાવિક વ્યવસ્થા છે. તેને આવકારીએ. આજ સુધી જેમણે ખૂબ જ સરસ રીતે કાર્યભાર સંભાળ્યો તેમને હાર્દિક અભિનંદન અને હવે પછી કાર્યભાર સંભાળનાર મહેન્દ્રભાઈ દોશી અને અન્ય સૌને 'મંગલ મંદિર' હજુ વધુ સજ્જ અને સરસ બનાવે તેવી શુભ કામના.

*ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

★

'મંગલ મંદિર'નો 'મા' વિષયક વિશેષાંક મળ્યો અને એકી બેઠકે એમાં રજૂ થયેલા લેખો, લઘુકથાઓ, કાવ્યો... બધું જ જાણે મા ના મીઠાં મધુરા સ્મરણો જગાવતું, અંતરને સ્પર્શી ગયું.

વિશેષાંકો, એ 'મંગલ મંદિર'ની આગવી ઓળખ બની ચૂક્યા છે અને આજે આંગળીના વેઢે ગણી શકાય એવા સાહિત્યિક સામયિકો પ્રગટ થઈ રહ્યા છે ત્યારે 'મંગલ મંદિર' એ સાહિત્યિક તથા મંગલ વાંચન સામગ્રી પીરસતું સામયિક મળે છે, એ સર્વજન હિતકારી છે, એમ પણ કહી શકાય.

આપશ્રીને તથા સહમંત્રીશ્રી અને સમગ્ર કાર્યરત સાહિત્ય સહભાગીઓને મારા હાર્દિક અભિનંદન.

'મંગલ મંદિર'ને અઢળક શુભેચ્છાઓ પાઠવું છું.

*હરીશ પંડ્યા, સાહિત્ય સર્જક – ભાવનગર*
*મો. ૯૪૨૮૪ ૦૧૬૨૭*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૬

### (૪) શ્રી મહુવા તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)




સમુદ્ર કિનારે નાળિયેરીનાં વૃક્ષોની હરિયાળી ગોદમાં આવેલું મહુવા ગામ એક પ્રાચીન અને મહિમાવંતુ ગામ છે. એનું પ્રાચીન નામ હતું મધુમતી. આ ગામની વચ્ચે બિરાજમાન શ્રી જીવિતસ્વામી મંદિર ઘણું પ્રાચીન છે તેમજ આ મહુવા તીર્થ શત્રુંજય પંચતીર્થીનું એક તીર્થ ગણાય છે.

મહુવા તીર્થમાં શ્રી મહાવીર સ્વામી ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૯૧ સે.મી.ની પદ્માસનસ્થ પ્રતિમા છે. આ પ્રતિમાને જીવિત સ્વામી કહેવામાં આવે છે. જેનો ઉલ્લેખ ૧૪મી સદીમાં ઉપાધ્યાય શ્રી વિનયપ્રભવિજયજીએ 'તીર્થમાળા'માં કર્યો છે. આ તીર્થનો છેલ્લો જીર્ણોધ્ધાર તીર્થોધ્ધારક શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.એ કરાવ્યો. વિ.સં. ૧૮૮૫ના મહા સુદ-૧૩ના રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આમેય આ ગામ જિન શાસનમાં મહાન જિનરત્નો પેદા કરવા માટે ખ્યાતનામ છે. એવી જ રીતે તીર્થોધ્ધારક શ્રી વિજય નેમિસૂરીશ્વરજી તથા આ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી જેવા શાસન સમ્રાટોનું આ જન્મસ્થાન છે. આ તીર્થના અંતિમ ઉધ્ધારક શાસન સમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજીના જન્મ સ્થળે રાયેલું શ્રી નેમિવિહાર નામનું ભવ્ય જિન મંદિર ભાવિકોને માટે યાત્રાધામ બની રહ્યું છે. એ જ રીતે પૂ.આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.સા.નો કાળધર્મ પણ આ ગામમાં જ થયો હોવાથી એમના અગ્નિ સંસ્કારના સ્થળે એક ભવ્ય જિનમંદિર રચવામાં આવ્યું છે, જે શાસન સમ્રાટ આચાર્યશ્રીની પાવન અને પ્રેરક સ્મૃતિને દર્શાવે છે. આ ઉપરાંત આ ગામમાં શ્રી કેસરિયાજી આદિનાથ ભગવાનનું પણ વિશાળ મંદિર આવેલું છે.

## તીર્થ દર્શન-૭

### (૫) શ્રી દાઠા તીર્થ
### (શ્રી શાંતિનાથ ભગવાન)





દાઠા રોડથી ૧ માઈલ દૂર આ તીર્થ આવેલું છે. એના શિખરબંધી દેરાસરમાં મૂળનાયક ભગવાન શાંતિનાથ બિરાજમાન છે. અહીં ચૌદ પાષાણની અને આઠ ધાતુની પ્રતિમાજીઓ છે. અહીંના શ્રી સંઘે વિ.સં. ૧૯૦૫માં શિખરબંધી દેરાસર બંધાવીને આ ભગવાન શાંતિનાથની પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરી. મૂર્તિ પર વિ.સં. ૧૮૯૨નો લેખ નોંધાયેલો છે. આ મૂર્તિ અત્યંત ભવ્ય અને દર્શનીય છે. ઊંચી બાંધણીનું આ મંદિર કાચનું મંદિર છે અને એનું કાચનું કામ સુંદર અને આકર્ષક છે. તળાજાથી મહુવા જતાં વચ્ચે આવતા દાઠામાં ધર્મશાળા, ભોજનશાળા અને ઉપાશ્રય આવેલા છે.

દાઠા, એ શત્રુંજય મહાતીર્થની પંચતીર્થીનું એક તીર્થ છે. આ પંચતીર્થીમાં શ્રી કદંબગિરિજી, શ્રી દાઠા તીર્થ તથા શ્રી મહુવા તીર્થ વગેરેનો સમાવેશ થાય છે. આ જિન મંદિરમાં જયપુરની પદ્ધતિ મુજબનું અતિ સુંદર કાચકામ થયું છે અને આજે બીજે પણ આ પ્રકારનું કાચકામનું અનુકરણ થવા લાગ્યું છે. આ જિન મંદિર તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું હોવાથી પ્રતિ વર્ષ સેંકડો યાત્રિકો યાત્રાએ આવે છે. મૂળ દાઠાના નિવાસી એવા જૈનો વ્યાપાર નિમિત્તે દેશના દૂર દૂરના પ્રદેશોમાં ગયા. પરંતુ તેઓ અર્થોપાર્જન કરીને પોતાની જન્મભૂમિના વિકાસમાં રસ લે છે અને આ ક્ષેત્રનું ગૌરવ વધારી રહ્યા છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*હીંચકો જેટલો પાછળ જાય છે એટલો જ આગળ પણ આવે છે. તેવી જ રીતે સુખ અને દુઃખ બંને જીવનમાં બરાબર આવે છે. જીવનરૂપી હીંચકો કોઈકવાર પાછળ જાય તો ડરવું નહીં, એ આગળ પણ એટલો જ આવવાનો છે.*

# કચ્છમાં જૈનોની મોટી પંચતીર્થી
# સુથરી - જખૌનાં દર્શનિય જિનાલયો



ભરત'કુમાર' પ્રા. ઠાકર

પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકામાં આવેલ ''મોટી જૈન પંચતીર્થી''માં સાંધાણ અને તેરા ગામોનાં બે જિનાલયોની જાણકારી મેળવી. હવે સુથરી અને જખૌ ગામોનાં બે સુંદર દેરાસરોના દર્શન કરીએ...

## ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ : સુથરી

સુથરી કચ્છની મોટી પંચતીર્થીના છ જિનાલયોમાં સૌથી જૂનું અને મુખ્ય તીર્થ હોવાથી સમગ્ર પંચતીર્થી 'સુથરી પંચતીર્થી' એવું નામાભિધાન પણ પામી છે. યાત્રાળુઓ સમય અને સંજોગ હોય તો પાંચેય તીર્થોની સ્પર્શના કરે છે, અન્યથા સુથરીની યાત્રા તો અવશ્ય કરે. જિનાલયની સ્થાપના પૂર્વેથી જ સુથરી તીર્થધામ તરીકે વિખ્યાત છે. અહીંનું ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનનું દેવવિમાન જેવું ભવ્ય અને કલાત્મક જિનાલય કચ્છનાં પ્રાચીન જૈન તીર્થો પૈકીનું એક અને મહાતીર્થ સમકક્ષ ગણાય છે.

અહીં વિરાજિત પ્રભુજીની પ્રતિમા પણ ઐતિહાસિક છે, જે વર્ષો પૂર્વે સૌરાષ્ટ્રમાં હાલાર પ્રદેશના ગામ છીકારી (તા. લાલપુર, જિ. જામનગર)માં પ્રતિષ્ઠિત થયેલ હતી. સુથરીના શ્રેષ્ઠીવર્ય મેઘજી ઉડીઆ (અન્ય સંદર્ભ મુજબ ઉદ્દેશી શાહ)ને આ મૂર્તિની પ્રાપ્તિ સંબંધે એવી જનશ્રુતિ છે કે તેમની નબળી આર્થિક સ્થિતિ સમયે દૈવી શક્તિની મદદ મળે છે. છીકારી ગામના દેવરાજ વણિકને અને સુથરીના મેઘજી શાહને એકસરખા સ્વપ્નાનુસાર દેવરાજ વણિક પાર્શ્વનાથની આ પ્રતિમાને પોઠિયા પર સુથરી લાવેલા અને તેની પાસેથી મેઘજી શાહે એ અલૌકિક પ્રતિમાનું પોતાના ઘરે સ્થાપન કરેલું. તે પછી તેઓ ઉત્તરોત્તર શ્રીમંત બનેલા અને અનેક શુભ પ્રસંગોએ સ્થાનિક જૈનો પણ એમની આ શુભંકર પ્રતિમાને પોતાને ત્યાં પૂજનાર્થે બિરાજમાન કરવા લાગ્યા.

જિન ચોવીસીના ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુનાં ૧૦૮ પૈકી એક નામ 'ઘૃતકલ્લોલ' પણ છે. અહીંની પ્રતિમાના એવા નામકરણ અંગે એવી કથા છે કે ગામના શાહ મેઘણ શેઠે યોજેલા જ્ઞાતિભોજન પ્રસંગે વધારે સંખ્યા થઇ જતાં એમણે શ્રાવકશૈલી અનુસાર ઘીના પાત્રમાં પેલી મૂર્તિ પધરાવીને સ્વામિવાત્સલ્યમાં પોતાની લાજ રાખવા વિનંતી કરતાં રસોઇ અખૂટ રહી! ઘી ના ઠામમાંથી પણ સતત ઘી નીકળતું રહ્યું અને અનેકઘણો વપરાશ છતાં ઘી ખૂટ્યું નહીં ત્યારે શ્રાવકસંઘો ખૂબ વિસ્મિત થયા. ઘૃત (ઘી)ના કલ્લોલો (તરંગો)થી સંઘને આનંદ (કલ્લોલ) કરાવ્યો. તેથી એ મૂર્તિ બંને શબ્દોના સંયોજનરૂપે 'ઘૃતકલ્લોલ' તરીકે ઓળખાઈ.

- **જિનાલય પરિસરનાં દર્શન :**

તે પછી જ્ઞાનસાગરજી મહારાજના ઉપદેશથી સંવત ૧૭૨૧ (સન ૧૬૬૫)માં મેઘજી શેઠે આ પ્રતિમા શ્રીસંઘને સોંપતાં સંઘે સુથરીમાં કાષ્ઠનું ચૈત્ય કરાવી તેમાં બિરાજમાન કરી. સંવત ૧૮૮૩ (સન ૧૮૨૭)માં વર્તમાન નૂતન જિનાલયની શિલારોપણ વિધિ થઇ અને સંવત ૧૮૯૬ (સન ૧૮૪૦)માં વૈશાખ સુદ સાતમના કલ્યાણસાગરસૂરિજીના હસ્તે ઘૃતકલ્લોલ પાર્શ્વનાથની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. ('આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિગ્રંથ' (૧૯૮૩), સં. કલાપ્રભસાગરજી મહારાજ).

આ મનોહારી દેરાસરમાં ૯૭ જિનબિંબો અને ૧૦૯ સિધ્ધચક્રો છે. મંદિર વિશાળ, માળવાળું અને અનેક શિખરોથી શોભાયમાન હોવાથી ખૂબ આકર્ષક લાગે છે. ઉપર કળશથી લઇ ઠેઠ જમીન સુધી એક જ રંગછટાથી આ મંદિર સુશોભિત થયેલું છે. ઉપલા માળે કુંથુનાથ ભગવાનના ૩૧ ઇંચ જેટલા મોટા ચૌમુખજી (ચતુર્મુખી પ્રતિમાઓ) પધરાવવામાં આવેલ છે. શિખર પાછળ જિન ચોવીસીના પ્રથમ તીર્થંકર ઋષભદેવ (આદિનાથ)નું બીજું દેરાસર પણ નિર્મિત થયેલું છે. જિનાલય પાસે આનંદ સાધના મંદિર (વ્યાખ્યાન ગૃહ) અને જ્ઞાનમંદિર બનાવાયા છે. આ આલીશાન જિનાલય ઉપરાંત સુથરીમાં જિન ચોવીસીના દ્વિતીય તીર્થંકર અજિતનાથ ભગવાનનું જૂનું નાનું દેરાસર પણ આવેલું છે.

એપ્રિલ ૧૯૯૦માં સુથરી જિનાલયનો સાર્ધ શતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ગામની નદીથી જિનાલય તરફ જતા માર્ગ ઉપર અશોકભાઈ વેરશી મોતાના સહયોગથી વિશાળ પ્રવેશદ્વાર ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૦ના તૈયાર થયું છે. તો, તીર્થના પ્રાંગણમાં 'જીરાવલ્લા પાર્શ્વનાથ સમવસરણ અરીસાભવન જિનાલય' (સોનરાય પ્રાસાદ) નિર્માણ પામ્યું છે. જેનો અષ્ટાન્હિકા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ૧૧–૧૮ નવેમ્બર, ૨૦૦૮ દરમ્યાન યોજાયો હતો.

- **બળવંતરાય મહેતા સ્મારક :**

સુથરીનો બીજી રીતે પણ સંદર્ભ જોઈ લઇએ. આ ગામ 'પિત્તળનાં તાળા' બનાવવાની હસ્તકળા માટે પણ જાણીતું છે.

તો, ૧૯૬૫માં ભારત-પાકિસ્તાન સંઘર્ષ વખતે ગુજરાતના મુખ્યપ્રધાન બળવંતરાય ગોપાળજી મહેતા (૧૮૯૯–૧૯૬૫)નું વિમાન નાપાક હુમલાનો ભોગ બનતાં ૧૯મી સપ્ટેમ્બરે સુથરીના પશ્ચિમ સીમાડે તૂટી પડેલું અને તમામ સાત વિમાન સવારો કચ્છની ભૂમિ પર શહીદીને વર્યા હતા.

સુથરીથી ત્રણ અને સમુદ્રકાંઠાથી અડધા કિ.મી.ના અંતરે આવેલ તે સ્થળે 'બળવંત મહેતા સ્મારક' (૧૯૬૮) રચવામાં આવ્યું છે. તેમાં ખાંભી આકારના ત્રણ સ્મૃતિ-સ્તંભો ઊભા કરવામાં આવ્યા છે. સામેના પ્રાંગણમાં નિધન સ્થળે જે પ્રમાણે મૃતકોના દેહ વિખરાયેલા પડેલા તે મુજબ સાત સ્મૃતિ-ઓટલા (૧૯૭૮) પણ બનાવાયા છે. તો, નજીક બંધાયેલા સિંચાઈના નાના આડબંધ (ચેકડેમ, ૧૯૭૦)ને 'બળવંત સાગર ડેમ' નામ અપાયું છે.

તો, કચ્છ - મુંબઈના લોહાણા રાજકીય-વ્યાપારી અગ્રણી શેઠ શૂરજી વલ્લભદાસ (૧૮૮૮ – ૧૯૫૧) પણ મૂળે સુથરીના વતની હતા. જેમની સ્મૃતિમાં માંડવીમાં આર્ટસ-કોમર્સ કોલેજ (૧૯૬૬) સ્થપાઈ છે. એમના પુત્ર શેઠ પ્રતાપસિંહ શૂરજી વલ્લભદાસ (૧૯૧૭-૨૦૧૭) એસ.વી. કોલેજ (માંડવી)ના પ્રમુખ, સંસ્કૃત વિદ્વાન અને કેળવણીકાર હતા.

## મહાવીર સ્વામી જિનાલય : જખૌ

રત્નાકર ચોવીસે કલાક જેના પગ પખાળે છે એવા જખૌ બંદરની ભૂમિ પર નવ દેરાસરો અને વીસ શિખરોથી શોભિત 'મહાવીર સ્વામી જિનાલય' આવેલું છે. આચાર્ય મુક્તિસાગરસૂરિજીના ઉપદેશથી બે શ્રેષ્ઠી બાંધવો જીવરાજ રતનશી અને ભીમશી રતનશી લોડાયાએ પોતાના વતનમાં જિન ચોવીસીના અંતિમ ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીનું મોટું અને મનોહાર જિનાલય બંધાવીને સંવત ૧૯૦૫ (સન ૧૮૪૮)ના માગશર (કે મહા?) સુદ પાંચમના એની પ્રતિષ્ઠા કરાવેલી.

મંદિરમાં પ્રતિષ્ઠાનો મોટો શિલાલેખ ચોડેલો છે. મંદિરના ઘુમ્મટમાં કોતરણીવાળું નાનું લોલક તથા પૂતળીઓ છે. આ મંદિર માળવાળું અને તેનું શિખર કોતરણી વિનાનું સાદું છે. એક વિશાળ પ્રાંગણમાં શિખરબધ્ધ નાના મોટા નવ દેરાસરોની ટૂકોથી સુશોભિત જખૌ જિન મંદિરોનો ઝુમખો 'રત્નટૂક' તરીકે ઓળખાય છે.

જિનાલય પરિસરમાં વિવિધ શ્રેષ્ઠીવર્યો દ્વારા સમયાંતરે નવ ટૂકો ઉપર મહાવીર સ્વામી, શાંતિનાથ, સંભવનાથ (ત્રણે સન ૧૮૪૮), સુવિધિનાથ, આદિશ્વર ચોમુખજી, શ્રેયાંસનાથ, નેમિનાથ, સુવ્રતસ્વામી, ગોડી પાર્શ્વનાથ, ચંદ્રપ્રભ (તમામ ૧૮૭૧), ચિંતામણિ પાર્શ્વનાથ, જીરાવલ્લા પાર્શ્વનાથ (બંને ૧૮૯૩), ગૌતમ સ્વામી (૧૯૦૮) અને છેલ્લે શામળિયા પાર્શ્વનાથ (૧૯૩૨) ઈત્યાદિ મૂળ નાયકોનાં અનુપમ કોતરણીવાળા દેરાસરો બંધાવવામાં આવ્યા છે.

૧૭૨ વર્ષ જૂનું મહાવીર સ્વામીનું આ ભવ્ય અને શોભાયમાન જિનાલય હવે પોતાની અમૃત શતાબ્દી (૧૭૫મી જયંતી) ઉજવવા તરફ અગ્રેસર થઇ રહ્યું છે. કચ્છના કુશળ કારીગરોની કળા કારીગરીના ઉત્તમ નમૂનારૂપ આ ભવ્ય જિનાલયમાં એકંદરે ૧૦૯ પાષાણ જિન પ્રતિમાઓ બિરાજમાન છે. ઊંચાઇ, વિશાળતા અને ભવ્યતામાં જખૌ જિનચૈત્ય બહુ રમણીય છે. દેરાસર સામે વિશાળ પુસ્તક ભંડાર ધરાવતું જ્ઞાનમંદિર પણ છે. પુષ્કળ દ્રવ્ય ખર્ચીને શેઠ ભીમશી રતનશીએ અનેક હસ્તલિખિત ગ્રંથો લખાવીને એક અજોડ જ્ઞાન ભંડારનું નિર્માણ કર્યું છે, જે આ તીર્થની વિશિષ્ટતા છે.

### • 'જખૌ' : અન્ય સંદર્ભોમાં

એક હજાર વર્ષ પહેલાં રા'પુંઅરાના સમયમાં ગૌર વર્ણના દેખાવડા યક્ષો (અપભ્રંશ જખો, કચ્છીમાં જખ્ખો) કચ્છમાં આવ્યા હતા. આવા બૌંતેર જખો જે બંદરે ઉતર્યા હતા તે પરથી તેનું નામ પાછળથી 'જખૌ' પડ્યાનું મનાય છે. તો, હરિહર સંપ્રદય (વાંઢાય) પરંપરાના મહાન સંત ઓધવરામજી ગુરુ લાલરામજી મહારાજ (૧૮૮૯–૧૯૫૭)ના સુંદર મંદિર સંકુલનું પણ અહીં નિર્માણ થયું છે. મૂળે જખૌના વતની, મુંબઈના ગાંધીવાદી અગ્રણી અને કચ્છના ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રના કર્મશીલ ડૉ. માધવદાસ કે. ઠાકરશી (૧૯૨૦ – ૨૦૧૦)નું નામ પણ જાણીતું છે.

'જખૌ બંદર'ની પણ આછેરી ઝલક જોઈ લઈએ. કચ્છમાં અરબી સમુદ્રના લખપતથી માંડવી સુધીના પશ્ચિમ કિનારા પર આવેલાં ત્રણ નાનાં બંદરો પૈકીનું જખૌ કચ્છનું એક વ્યુહાત્મક બંદર છે અને તે ૨૩ અંશ ઉત્તર અક્ષાંશ અને ૬૮ અંશ પૂર્વ રેખાંશ પર વસેલું છે. કાંપના ભરાવાથી જૂનું બંદર બંધ પડી જતાં સ્વાતંત્ર્ય પછી ગોડિયા ખાડી પર તેર કિ.મી. દૂર નવું નાનું બંદર બંધાયું છે. ૮ કિ.મી. દૂર તેની લંગરગાહ પાસે નવેક મીટર ઊંડું પાણી મળે છે. રાજ્ય ધોરીમાર્ગ દ્વારા ભુજ સાથે અને કોસ્ટલ હાઈવે દ્વારા તે કંઠાર સ્થળો સાથે લખપત સુધી જોડાયેલું છે.

મીઠા સિવાય અહીં ખાસ બીજા કોઈ ઉદ્યોગ નથી. અગાઉ અહીંથી હજારો ટન મીઠું છેક દક્ષિણ કોરિયા નિકાસ થતું, પણ હવે તેમાં ઘટ આવી છે. અહીં પોતાની જેટીની સગવડતા ધરાવતું મીઠાનું એક મોટું કારખાનું છે. મત્સ્ય બંદર તરીકે જખૌને વિકસાવવા અહીં એક ફિશિંગ જેટી પણ બનાવવામાં આવી છે. સરકારી વ્હાર્ફ (ડક્કો) તથા ગોદામની સગવડ છે. અહીં આયાતનું પ્રમાણ નહિંવત છે. જખૌ બંદરનો ઉપયોગ મુખ્યત્વે માલની નિકાસ માટે થાય છે. ('ગુજરાતના બંદરો : એક પરિચય', લેખક : શિવપ્રસાદ રાજગોર)

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

સ્વાસ્થ્ય

# મારા હૃદયના ધબકારા વારંવાર વધી જાય છે : PANIC DISORDER

## ભાગ-૩ : સારવાર-૧


ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આપણે આગળના લેખમાં જાણ્યું કે પેનિક ડીસઓર્ડરમાં (૧) હૃદયના ધબકારાઓ ઓચિંતા, અચાનક, અણધાર્યા આવે છે. (૨) છાતીમાં દુઃખાવો ઉપડે છે. (૩) ખૂબ જ પરસેવો થાય છે. (૪) શ્વાસ રૂંધાય છે. (૫) મુંઝવણ થાય છે. (૬) હમણાં જ કાંઈક થઈ જશે, હું જીવતો નહીં બચું એવું લાગ્યા કરે છે. (૭) હાર્ટ એટેક આવ્યો છે વગેરે.

હૃદયના ધબકારા થોડા સમયમાં (મોટા ભાગે ૩૦ મિનિટથી ઓછા સમયમાં) નોર્મલ થઈ જાય છે. શારીરિક વૈદ્યકીય તપાસ તથા લેબોરેટરી તપાસ, કાર્ડિયોગ્રામ, એન્જિયોગ્રાફી, ૨-ડી ઈકો બધું જ નોર્મલ આવે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ આવા વારંવારના હૃદયના ધબકારા વધી જવાની બીમારીને 'પેનિક ડીસઓર્ડર'ને તનાવજનક (Stress related) માનસિક બીમારીના વિભાગમાં વર્ણન કર્યું છે. માટે મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન તથા સારવાર કરાવવી અગત્યની છે.

- **સારવાર :**

પેનિક ડીસઓર્ડરની બીમારીની સારવારને ત્રણ વિભાગમાં વર્ગીકરણ કરાય છે : (૧) ધબકારા વધી ગયા હોય ત્યારે (During Attack). (૨) ધબકારા નોર્મલ થાય કે તરત જ (Immediately after the Attack) (૩) ધબકારા ફરીથી વધી ન જાય તે માટે (Prevention of Repeat Attack).

### ૧. ધબકારા વધી ગયા હોય ત્યારે (During Panic Attack)

**(અ)દવાઓ :** પેનિક એટેક આવ્યો હોય, હૃદયના ધબકારા વધી જાય કે તરત જ પેનિક પ્રતિરોધક દવા (Anti Panic Medicine) જીભ પર મૂકવી અગત્યનું છે. ટુંક સમયમાં ધબકારા નોર્મલ થઈ જાય છે. આ દવાઓ આધુનિક ટેકનોલોજીથી બનાવેલ છે (પાણીની પણ જરૂરત નથી). જીભ પર મૂકવાથી તરત જ દવા ઓગળી જાય છે અને લોહીના પરિભ્રમણમાં જાય છે. જેથી દવાની અસર મિનિટોમાં જ થાય છે અને ધબકારા કાબૂમાં આવે છે.

આ દવાઓ ખૂબ જ અસરકારક દવાઓ છે. પેનિક ડીસઓર્ડરની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવો ખાસ કરીને એમિગડેલા તથા એની જોડે સતત ન્યુરોટ્રાન્સમિટર્સ દ્વારા સંપર્કમાં રહેતા અન્ય મનના અવયવોમાં થયેલ ન્યુરોટ્રાન્સમિટર્સના નકારાત્મક ફેરફારોને આ દવા નોર્મલ કરે છે. આથી બીમારીના લક્ષણો કાબૂમાં આવે છે.

૧. આ દવા ઊંઘની દવાઓ નથી.

૨. દર્દી આ દવાનો બંધાણી થતો નથી.

મનોચિકિત્સકને – (૧) દર્દી માટે વ્યક્તિગત રીતે કઈ દવા યોગ્ય છે, (૨) કેટલી માત્રામાં આપવાની છે, (૩) કેટલા સમય માટે આપવાની છે – એનું વિશેષ જ્ઞાન હોય છે તથા સારવાર માટેની અન્ય પદ્ધતિઓ વિશે (કાઉન્સેલિંગ, માનસિક શિથિલતા, કુટુંબીજનો સાથે પણ જરૂરી કાઉન્સેલિંગ વગેરે) વિશેષ અનુભવ હોય છે. જે સંપૂર્ણ સારવાર માટે અગત્યનું છે.

### (બ) માનસિક શિથિલતા (Mental Relaxation) :

હૃદયના ધબકારા વધી ગયા હોય ત્યારે માનસિક શિથિલતા મેળવવા માટે સક્રિય પ્રયત્ન કરવો જોઈએ. શરીર પર કે ધબકારા પરથી પ્રયત્નપૂર્વક ધ્યાન દૂર કરી શ્વાસોચ્છવાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રીલેક્સેશન (Relaxation) મેળવવાનો પ્રયાસ કરવો હિતાવહ છે. આથી પેનિક એટેક ત્વરીત કાબૂમાં આવશે.

### (૨) ગભરામણનો હુમલો પૂરો થાય કે તરત જ (Immediately After the Attack) :

ધબકારા નોર્મલ થાય ત્યારબાદ દર્દી ખૂબ જ નર્વસ થઈ જાય છે, ગભરાઈ ગયો હોય છે, બીજું કાંઈ સૂઝતું નથી. બહાર ક્યાં હોય તો જલ્દીથી ઘર ભેગો થઈ જાય છે. ઘરે પહોંચીને દર્દી સલામતી અનુભવે છે. પરંતુ ઘરે પાછા આવવાથી તાતપૂરતી તકલીફ કાબૂમાં આવે છે, પરંતુ ડર ઓછો થતો નથી. હકીકતમાં ડર વધી જાય છે, જે લાંબાગાળે નકારાત્મક પરિણામ લાવે છે.

સારવારના ભાગરૂપે દર્દીએ ધબકારા વધી ગયા એ પહેલાં જે પ્રવૃત્તિ કરતો હોય (કાર્ય, મુસાફરી વગેરે) તે પ્રવૃત્તિ ચાલુ રાખવી જોઈએ. આથી ડર પર કાબૂ મેળવાય છે. આત્મવિશ્વાસમાં વધારો થાય છે. દર્દીને સ્વ-અનુભવ થાય છે કે ધબકારા નોર્મલ થયા બાદ કોઈ બીજી તકલીફ થતી નથી. સારવાર માટે આ અગત્યનો તબક્કો છે.

*(ક્રમશઃ)*

સ્વાસ્થ્ય

# વરિયાળી : જાણો તેના ફાયદા વિશે

• સંકલન •
પંકજ વલ્લભજી સાવલા

જ્યારે વજન ઘટાડવાની વાત આવે છે ત્યારે નાના પ્રયત્નો પણ મહત્ત્વ ધરાવે છે. તે પછી એક ગ્લાસ પાણી હોય, કે ઓછી કેલેરીવાળું ભોજન હોય. તેથી જો તમે પણ પેટની ચરબી અથવા શરીરની ચરબીથી પરેશાન છો તો ખોરાક પ્રત્યે સભાન રહેવું અને સ્વસ્થ જીવનશૈલી બનાવવી વધુ સારૂં છે. હવામાન બદલાયું છે અને ઉનાળામાં વજન કેવી રીતે ઘટાડવું જેવા પ્રશ્નો પણ પૂછવામાં આવી રહ્યા છે. પેટની સ્થુળતા એ સૌથી ખરાબ છે અને દરેક વ્યક્તિ પેટની ચરબી ઘટાડવાની રીતો જાણતી નથી. જો કે, પેટની ચરબી ઘટાડવાના ઘરેલું ઉપચાર અજાયબીઓ કરી શકે છે. આ કરવાની એક રીત એ છે કે તમારી ઉનાળાની દિનચર્યામાં વરિયાળીના પાણીનો સમાવેશ કરો. પેટની ચરબી ઘટાડવાના ઘરેલુ ઉપચારમાં વરિયાળીનું પાણી ખૂબ જ મહત્ત્વનું છે. તે માત્ર વજન ઘટાડવામાં જ મદદ નથી કરતું પરંતુ પાચનને સુધારવામાં અને ત્વચાને ચમકદાર બનાવવામાં પણ મદદ કરી શકે છે. વરિયાળીનું પાણી દિવસના કોઈ પણ સમયે લઇ શકાય છે! વરિયાળીનું પાણી ખોરાકમાંથી જ પોષક તત્ત્વોને વધુ સારી રીતે શોષવામાં મદદ કરે છે. તેથી ભૂખ ઓછી કરે છે અને વજન ઘટાડવામાં મદદ કરે છે. વરિયાળીનું પાણી એ આંતરડાને સાફ કરવાની સારવાર છે અને તે ક્રોનિક કબજિયાતથી પીડિત લોકો માટે ખૂબ અસરકારક માનવામાં આવે છે.

## ૧. ભૂખ દબાવી શકે છે

વરિયાળીના બીજ ફાઈબરથી ભરપૂર હોય છે. વરિયાળીનું પાણી તમને સવારે ભૂખ લાગવાથી રોકે છે, જે તમને કુદરતી રીતે પેટ ભરેલું અનુભવે છે. જ્યારે તમે પેટ ભરેલું અનુભવો છો, ત્યારે તમને ભૂખ લાગવાની શક્યતા ઓછી હોય છે અને તેથી તમારા આહારમાં બિનઆરોગ્યપ્રદ વસ્તુઓનો સમાવેશ થવાની શક્યતા ઓછી હોય છે.

## ૨. શરીરને ડીટોક્સિફાયર કરી શકે છે

વરિયાળી કુદરતી ડીટોક્સિફાયર છે. એટલા માટે તમને ખાધા પછી તેનો આનંદ લેવાની આદત છે. વરિયાળીનું પાણી એ તમારા શરીરને ઘણા ઝેરી તત્ત્વોથી ડીટોક્સિફાય કરવાની અને તમારા પાચનતંત્રને શાંત કરવા માટે એક સ્વસ્થ રીત છે. જે પાચનને સરળ બનાવે છે.

## ૩. પેટ અંદર કરે છે

વરિયાળીમાં ફોસ્ફરસ, સેલેનિયમ, જસત, મેંગેનીઝ અને વધુ જેવા એન્ટીઓક્સિડન્ટ ભરપૂર હોય છે. એન્ટીઓક્સિડન્ટ્સ શરીરને મુક્ત રેડિકલથી બચાવવા માટે જાણીતા છે. મુક્ત રેડિકલ શરીરમાં ઓક્સિડેટીવ તણાવ પેદા કરવા માટે જાણીતા છે. ઓક્સિડેટીવ તણાવ સ્થુળતા તરફ દોરી શકે છે.

## ૪. મેટાબોલીક રેટ વધારે છે

વરિયાળીનું સેવન કરવાથી ચયાપચયની ક્રિયા ઝડપી બને છે. ખાસ કરીને જ્યારે તે ખાલી પેટે પીવામાં આવે છે. આ તમારા શરીરને ખોરાકને વધુ ઝડપથી ચયાપચય કરવા દબાણ કરે છે.

વરિયાળીનું પાણી બનાવવું ખૂબ જ સરળ છે. આ પીણું બનાવવા માટે તમારે માત્ર બે ઘટકોની જરૂર છે : વરિયાળી અને પાણી. ૧-૨ ચમચી વરિયાળી લો અને તેને એક ગ્લાસ પાણીમાં મિક્સ કરો. તેને સારી રીતે મિક્સ કરો અને આખી રાત રહેવા દો. ખાતરી કરો કે તે ઢંકાયેલું છે. આગલી સવારે વરિયાળીનું પાણી તૈયાર છે. સવારે ઉઠીને સૌથી પહેલા આ પીવો.

## NanoNine® શબ્દ રમત-૧૮૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | વ | સ | ર | | ચિ | | ક | મ | જો | ર | |
| હ | | જા | મ | | ત | મ | સ | | સ | | હ |
| મ | ત | | ત | ક | | ગ | મ | ન | | ક | ઠ |
| | ન | ન | | | સ | રી | | ટ | પા | લ | |
| ના | | ફ | | આ | પ્ત | | ર | | | મ | સ |
| રા | જ | ર | મ | ત | | આ | સ | મા | ન | | મ |
| જ | | ત | લ | પ | | | ક | ર | ક | સ | ર |
| | આ | | | ગ્ર | પા | | સ | | લં | | થ |
| ચ | બ | રા | ક | | વ | ગ | | | ક | | |
| ણ | | ત | લ | | ક | મ | જો | ર | | અ | દા |
| ત | ન | | ર | જ | | ગી | | મૂ | ક | | લ |
| ર | સ | મ | | ન | મ | ન | | જ | ર | ઠ | |

## વ્યક્તિ વિશેષ

# વિવિધલક્ષી પ્રતિભા સંપન્ન આંતરિક સૌંદર્યની સામ્રાજ્ઞી – શ્રીમતી ફાલ્ગુની હિરેન

ગુજરાતનું ગૌરવ અને કચ્છનાં 'નારીરત્ન' એવા ફાલ્ગુની હિરેનનું વર્ચ્યુઅલ પિક્ચર - આભાસી ચિત્ર દોરીએ તો એક વ્યક્તિ દેખાય. જેનામાં વિવિધ કળાઓનો વાસ છે, જેનું આંતરિક સૌંદર્ય કલા અને લાગણીના 'સ્પંદન'થી ધબકતું છે. જે ભારતીય લોકનૃત્ય, શાસ્ત્રીય ઓડિસી નૃત્ય, કંઠ્ય અને વાદ્ય સંગીત, સાહિત્ય અને ભાષાઓથી પરીચિત છે. જે વિભિન્ન સંસ્કૃતિઓ સાથે આત્મીય સંબંધ ધરાવે છે અને વિધવિધ સંસ્કૃતિઓમાં જીજ્ઞાસા ધરાવતા અભ્યાસી છે. કલાઓમાં ઓતપ્રોત એવા ફાલ્ગુની હિરેન ૧૯૮૮થી દૂરદર્શનના અમદાવાદ કેન્દ્ર ખાતે ન્યુઝ રીડર તરીકે જોડાયેલા છે. ટી.વી.ના માધ્યમથી સમાચાર વાચક તરીકે ગુજરાતની જનતા સાથેના સાતત્યપૂર્ણ સંબંધ બદલ લીમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં તેમને સ્થાન મળ્યું.

કાર્યક્રમ સંચાલક તરીકે પણ ફાલ્ગુની હિરેને ગૌરવશાળી પ્રદાન કર્યું છે. દેશના માનનીય પ્રધાનમંત્રીઓ સર્વશ્રી અટલ બિહારી વાજપેયીજી, ડૉ. મનમોહન સિંઘ અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના તથા માનનીય રાષ્ટ્રપતિ શ્રી ડૉ. અબ્દુલ કલામ સાહેબ, પ્રતિભાજી પાટીલ તથા શ્રી રામનાથ કોવિંદની અનેક ઉપસ્થિતિમાં Master of Ceremony તરીકે સફળ સંચાલનો કર્યા છે. સરકારી સંસ્થાઓ અને બિન સરકારી પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે JITO, FICCI, LIONS, રોટરી, રેડ ક્રોસ, ONGC, મેડિકલ એસોસિએશન જેવી વ્યવસાયી સેવા સંસ્થાઓને તેમની આવડતનો લાભ મળ્યો છે. ઉપરાંત ફિલ્મ લોન્ચિંગ અને પ્રમોશન અંગેના પણ અગણિત કાર્યક્રમોનું તેમણે સંચાલન કર્યું છે. સરકારી અને ખાનગી દસ્તાવેજી ચિત્રોમાં એમનો સંમોહક અવાજ સામેલ છે. સંગીત અને નૃત્ય સાથે ઘરોબો હોવાને કારણે, પોતે કલાજીવ હોવાને કારણે તાનારીરી મહોત્સવ (વડનગર) અને ઉત્તરાર્ધ ઉત્સવ (મોઢેરા) જેવા ખ્યાત કલા ઉત્સવોમાં તેમને એન્કર તરીકે આમંત્રણ મળે છે.

નૃત્ય પ્રત્યેના અદમ્ય લગાવ અને કલા પ્રત્યેની ઊંડી રૂચિને કારણે, ભારતીય ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરવા તેમણે ૧૯૮૯માં પોતાની કલા સંસ્થા ''સ્પંદન''ની સ્થાપના કરી. એના માધ્યમથી તેઓ અસંખ્ય શિષ્યોને ભારતીય લોકનૃત્યની તાલીમ આપી રહ્યા છે. આપણા કલા વારસાનો દેશ-વિદેશમાં પ્રચાર પ્રસાર કરી રહ્યા છે. ૧૯૯૭થી તેઓ તળપદી સંસ્કૃતિને વિદેશની ધરતી પર રજૂ કરી રહ્યા છે. ૧૯૯૮માં દેશની આઝાદીની સુવર્ણ જયંતિ નિમિત્તે ગુજરાત સરકારના આમંત્રણ પર વિદેશમાં ગુજરાતની લોકકલાને જીવંત કરી હતી. ૨૦૦૧થી નિયમિત રીતે 'આંતરરાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવો'માં 'સ્પંદન'નું કલાવૃંદ વિદેશોમાં, દેશના કલા રાજદૂત - Cultural Embassadorની ભૂમિકા નિભાવી રહ્યું છે. સાબરકાંઠા અને પંચમહાલની આદિવાસી સંસ્કૃતિનો તલસ્પર્શી અભ્યાસ કરીને તેનું ડોક્યુમેન્ટેશન કર્યું છે. વતન કચ્છ સાથે તો મૂળિયા જોડાયેલાં હોવાથી કચ્છના લોક સાહિત્ય, સંસ્કૃતિ, હસ્તકલા અને કારીગરીના સંવર્ધન માટે પણ ફાલ્ગુની હિરેન સક્રિય યોગદાન આપી રહ્યા છે.

અમેરિકાની સાન હોઝ યુનિવર્સિટી (San Jose Univ.)માં તથા અનેક યુરોપિયન દેશોમાં તેમણે ભારતીય સંસ્કૃતિ અંગે Lecture Demonstrations આપ્યા છે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યની એક શૈલી ઓડિસી નૃત્યમાં 'વિશારદ' થયેલા ફાલ્ગુની હિરેને, દૂરદર્શન, ઉત્તરાર્ધ ઉત્સવ, ખજુહારો નૃત્ય મહોત્સવ ઉપરાંત અનેક કાર્યક્રમોમાં ઓડિસી નૃત્યાંગના તરીકે રજૂઆતો કરી છે.

એક અભિનેત્રી તરીકેની તેમની કારકિર્દી તેમની યશ કલગીમાં વધુ એક પિચ્છ તરીકે શોભી રહી છે. અમેરિકન Short Feature Film – A Drop of Lifeમાં તેમણે અભિનય કર્યો છે. જેને Best Picture નો ઍવોર્ડ મળ્યો હતો. અનુપમ ખેરની સંસ્થા 'Actors Prepare' ના એક પ્રોડક્શનમાં પણ તેમના અભિનયની પ્રશંસા થઈ છે.

તદુપરાંત એક મોડેલ તરીકે પણ કેડિલા, કિર્લોસ્કર, તત્ત્વમ્ મસાલા અને ઠંડા પીણાની જાહેરાતના 'પોસ્ટર્સ' પર પણ તેમનો ચહેરો ચમક્યો છે. ગુજરાત ટુરિઝમની Ad. માં તેઓ કચ્છના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા છે.

કલમ સાથેનો નાતો, એ આ બહુમુખી પ્રતિભાનું અન્ય એક પાસું છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર ''કચ્છશ્રુતિ''ના સંપાદક તરીકે એમણે સેવાઓ આપી છે. 'મંગલ મંદિર'માં વર્ષ દરમ્યાન પ્રકાશિત લેખોમાંથી શ્રેષ્ઠ લેખક માટે મેળવેલ મેડલ, એમની શબ્દ પ્રત્યેની પ્રીતિને છતી કરે છે. આંતરરાષ્ટ્રીય કાવ્ય

મહોત્સવ – 'કાવ્ય યજ્ઞ'માં તેમણે સ્વ-રચિત ગુજરાતી, હિંદી અને કચ્છી કાવ્ય કૃતિઓ પ્રસ્તુત કરી હતી. જેને કાવ્ય રસિકોએ વખાણી હતી.

સાઇકોલોજી વિષય સાથે માસ્ટર્સ ડિગ્રી મેળવનાર, યુનિવર્સિટીના રેન્કર ફાલ્ગુની હિરેને, કલા ક્ષેત્રમાં પોતાની કારકિર્દી ઘડી. સાડા ત્રણ દાયકાની તેમની કલા સફરને વખતોવખત અનેક સંસ્થાઓએ બિરદાવી છે. જેમાં ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર, કચ્છ નારી શક્તિ પુરસ્કાર, શ્રીમતી તારામતી વિશનજી ગાલા પુરસ્કાર તથા પરબ શક્તિ તરફથી 'અનન્યા' ઍવોર્ડ સમાવિષ્ટ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પણ સમાજની આ દીકરીની સિધ્ધિઓને પુરસ્કૃત કરીને પોંખી છે. વળી આપણા સમાજની આ દીકરીએ, સમાજની પ્રથમ મહિલા ટ્રસ્ટી બનવાનું ગૌરવ પણ મેળવ્યું છે.

અનેક ક્ષેત્રોમાં પોતાનું હીર પાથરનાર ફાલ્ગુની હિરેન એક ઋજુ હૃદયના માલિક છે. જીવલેણ કેન્સર રોગથી પીડિતોની વ્યથાથી હચમચી ગયેલા આ સંવેદનશીલ માનુનીએ એમના દુઃખને ઘટાડવામાં નિમિત્ત બનવાનું વિચાર્યું. કેન્સરની સારવારમાં વાળ ગુમાવનાર દર્દીઓના ચહેરા પર સ્મિતનું કારણ બનવાનું વિચાર્યું. નારીની સુંદરતામાં ચાર ચાંદ લગાડનાર આભૂષણ સમા પોતાના લાંબા વાળને સાવ અજાણ્યા દર્દી માટે દાન આપવા વિચાર્યું. ત્રણેક વર્ષ પૂર્વે પહેલી વાર ૧૫ ઈંચ જેટલી લંબાઇના વાળ દાન કર્યા અને હવે 'Hair Donation' અભિયાનને વ્યાપક બનાવવા, ફરી એકવાર ૧૫ ઈંચથી વધુ લંબાઇના વાળ દાનમાં આપીને, તેમણે એક માનવીય સંદેશ આપ્યો છે. નિઃસ્વાર્થ સેવાની એક જ્યોત જગાવી છે.

સમાજની આવી એક કુશળ દીકરીની, વ્યક્તિ વિશેષ તરીકે નોંધ લઇને સમાજ પણ ગૌરવ અનુભવી રહ્યો છે. આપ સિધ્ધિઓના નવા નવા સોપાન સર કરતા રહો એ જ શુભેચ્છા.

## વોટ્સએપની પ્રેરક કમાલ : મોક્ષા ધનરાજભાઈ દેઢિયા

મોક્ષા ધનરાજભાઈ દેઢિયા (ઉં.વ.-૮), મૂળ ગઢશીશા, હાલ અમદાવાદ સ્થિત, ધોરણ-૨ માં ભણતી આ બાળાએ કેન્સરના દર્દીની વિગ બનાવવા માટે વાળમાંથી બનતી વિગ માટેની એપમાંથી પ્રેરણા લઇને કેન્સરના દર્દી માટે પોતાના વાળનું દાન કરી સમાજમાં દાન કરવા માટે કોઈ ઉંમરની જરૂર નથી એવો પ્રેરક દાખલો પૂરો પાડી, મદત ચેરીટેબલ ટ્રસ્ટ (MADAT Charitable Trust)ને આ દિશામાં કાર્ય માટે પ્રોત્સાહિત કરેલ.

# અન્ય સંસ્થાઓના સમાચાર

★ મૂળ કચ્છના વતની અને ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન **શ્રી મહેન્દ્રભાઈ શાહ**ની DRUCC કમિટીમાં બે વર્ષ માટે વરણી થઈ.

## કચ્છ બેન્ટોનાઇટ વેલફેર એસોસિએશન

### કચ્છ બેન્ટોનાઇટ વેલફેર એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીશ્રીને રેલવે ટ્રેક ફાળવવા રેલવે મંત્રીશ્રીને કરેલ ભલામણ

સવિનયપૂર્વક જણાવવાનું કે ભારતમાં બેન્ટોનાઈટ પાઉડરનું ૯૦ ટકા ઉત્પાદન કચ્છ જિલ્લામાં થાય છે અને ભારતીય બજારમાં તેની ખૂબ માંગ છે. પરંતુ તેના ટ્રાન્સપોર્ટ મોટાભાગે રેલવે દ્વારા વર્ષોથી થતું આવે છે. પરંતુ હાલમાં ડીઝલના ભાવ વધારાના લીધે રેલવે ટ્રાન્સપોર્ટેશનની ખૂબ માંગ અનેક ક્ષેત્રોમાં વધી ગઈ હોવાથી હાલમાં રેલવે રેક મેળવવામાં ખૂબ જ મુશ્કેલી થઈ રહી છે. જેના લીધે સંબંધિત ઉદ્યોગ તથા તેના ઉપર નભતા કર્મચારીઓ - મજુરો બેકાર થઈ જવાની ભીતિ અનુભવી રહ્યા છે. કોરોનાકાળ પછી માંડ માંડ ઊભા થઈ રહેલા ઉદ્યોગને થઈ રહેલી મુશ્કેલી બાબતે આપ સાહેબ વતી કેન્દ્રિય રેલવે મંત્રી તેમજ સંબંધિત અધિકારીઓને અમારા ઉદ્યોગકારોના તરફથી આપ સાહેબની મધ્યસ્થી દ્વારા આ સમસ્યાનું સમાધાન થાય એવી અમારી માંગણી તથા લાગણી છે. જેથી યોગ્ય થવા આવે જ છે.

### કચ્છ બેન્ટોનાઇટ વેલફેર એસોસિએશન દ્વારા કચ્છના ખનીજ આધારીત ઉધોગો બંધ થવાની અણી ઉપર હોવાથી તેને લીઝ એલોટમેન્ટ કરવાની પ્રથામાં સુધારો કરવા બાબતની રજુઆત.

છેલ્લા પાંચ વર્ષોથી નવી ખનીજ નીતિ મુજબ માઈનિંગ પોલીસી મુજબ લીઝ એલોટમેન્ટ કરવાનું હોય પરંતુ તેના માટે બનાવાયેલા નિયમો કે કાર્યવાહી ખરેખર પ્રેક્ટીકલ ધોરણે વ્યાજબી ન હોવાના કારણે પાંચ વર્ષોમાં એક પણ લીઝ એલોટ કરવામાં આવેલ નથી. જે અંગે યોગ્ય સુધારા-વધારાના અવકાશ ચકાસી, તાત્કાલિક ધોરણે લીઝો ફાળવવામાં આવે એવી દરેક ઉદ્યોગકારોની માંગણી છે. જેના લીધે સરકારને પણ રોયલ્ટીની આવક થાય, બેરોજગારીનો પ્રશ્ન હલ થાય, ઉદ્યાગકોરાને પૂરતો કાચો માલ મળી રહે તેમજ કૃત્રિમ તંગીના લીધે લેભાગુ તત્ત્વો તેમજ અન્ય અધિકારીઓની સાંઠગાંઠ દ્વારા બેનંબરી માઈનિંગ પ્રવૃત્તિ બંધ થાય તેમ છે. જેના માટે આપ સાહેબ દ્વારા યોગ્ય સૂચનો, સંબંધિત અધિકારીઓને કરવામાં આવે તો તાત્કાલિક કોઈ નીવેડો આવી શકે તેમ છે.

## NanoNine® શબ્દ રમત-૧૮૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | ૬ | | |
| ૭ | | | | | | | ૮ | | | | ૯ |
| | | ૧૦ | | ૧૧ | | | | | | | |
| ૧૨ | | | | | | ૧૩ | | ૧૪ | | | |
| | | ૧૫ | | | ૧૫એ | | | | | | |
| | ૧૬ | | | | | | ૧૭ | | ૧૮ | ૧૯ | |
| | | | ૨૦ | | | | | ૨૧ | | | |
| | ૨૨ | | | | ૨૩ | | | | ૨૪ | | ૨૫ |
| ૨૬ | | | ૨૭ | | | | | ૨૮ | | | |
| | | ૨૯ | | | | ૩૦ | | | | ૩૧ | |
| ૩૨ | | | | | ૩૩ | | | | ૩૪ | | |
| | | ૩૫ | | | ૩૬ | | | | | | ૩૭ |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૫-૨૦૨૨ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. બાળકને ઝુલાવતાં ગવાતું ગીત (૪)
૪. મુઠ્ઠીમાં આવે તેટલું, પોટલું (૩)
૬. બખોલ, ગુફા (૨)
૭. એક ઉપર એક ગોઠવીને કરેલો ગંજ (૨)
૮. તમાચો, થપડાક (૩)
૧૦. ભવિષ્ય કથન (૪)
૧૨. એક ફૂલ, ગર્ભાશયનું મુખ (૩)
૧૩. ભાષાંતર, અનુવાદ (૪)
૧૫. નાની, નીચી,
વાંકા વળી જવાય તેવી બારી (૫)
૧૬. જૂનું ચાલીસ સેરનું તોલ,
કીડીને કણ, હાથીને _____ (૨)
૧૭. પવન, વાયુ (૧)
૧૮. ફાગણ - ચૈત્ર માસની ઋતુ (૩)
૨૦. રસ્તામાં મુસાફરને પાણી પાવાની જગ્યા(૩)
૨૨. ઝટ ભાંગી જાય તેવું (૩)
૨૩. ચોરાસી લાખ જન્મનું ચક્ર (૫)
૨૬. જાતે, પંડે (૨)
૨૭. ઘાંટો, સૂર, બૂમ (૨)
૨૮. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૨૯. દમયંતીનો પતિ, રાજા (૨)
૩૦. હોડ, કરાર, બોલી (૩)
૩૧. કાપીને મારી નાખવું, વધારો (૨)
૩૨. રાણા પ્રતાપના અશ્વનું નામ (૩)
૩૩. અગ્નિ-દેવતા લાય (૨)
૩૪. છેડો, હદ, કાંઠો (૨)
૩૫. નાશ, લીન, એક તાર થવું (૨)
૩૬. સમૃધ્ધિ, જાહોજલાલી (૫)
૩૭. એક રમત, ખીણ કોતર ખાર (૧)

*મિત્રતા, એ સુખનો ગુણાકાર*
*અને દુઃખનો ભાગાકાર છે.*

### ઊભી ચાવીઓ

૧. હાથમાં ઝાલવાની લાકડી, આધાર (૫)
૨. વાતોડિયું, માથે ઝીંક્યું (૨)
૩. નાનો પર્વત, મોટો ઢગ (૩)
૪. એક જાતનું અનાજ (૩)
૫. ધાણાની ભાજી (૪)
૬. હોડી, મરજીવો, સ્ટીમ (૨)
૯. ચરણોદક (૫)
૧૦. નિસ્બત, સંબંધ, ભૂતપ્રેત (૪)
૧૧. ધાતુની છીછરી થાળી (૩)
૧૩. મલાઇ, કાંપ, પોપડી (૨)
૧૪. યુગલ, જોડું (૨)
૧૫-એ. ખ્રિસ્તીઓનો પવિત્ર ગ્રંથ (૪)
૧૬. અમિતાભ બચ્ચન અને શાહરૂખની
એક ફિલ્મ (૪)
૧૯. સંયોગ, સંબંધ, સહવાસ (૨)
૨૦. ઘરનો આગલો ખંડ (૪)
૨૧. કારીગરી, કસબ, ચાતુરી, જાદુ (૪)
૨૪. ચારિત્ર્ય, શિયળ (૨)
૨૫. સાવચેત, હોંશિયાર (૩)
૨૯. અનુકરણ (૩)
૩૧. પતિ, વરદાન (૨)
૩૨. સુખ, આરામ (૨)
૩૩. આકાશ (૨)
૩૪ સ્લેટ (૨)

### શબ્દ રમત-૧૮૧

**જવાબો માટે જુઓ**
**પાના નંબર : ૨૩**

*રસોઈમાં મીઠું ન હોય તો રસોઈ બે-સ્વાદ લાગે પણ કડવી ન લાગે. ગાડીમાં પેટ્રોલ ન હોય તો ગાડી આગળ ન ચાલે પણ ખાડામાં ન જાય. ઘરમાં ફર્નિચર ન હોય તો ઘર શોભાવિહીન લાગે પણ સ્મશાનતુલ્ય ન લાગે. પણ સુખ સાથે જો સદ્‌બુદ્ધિ ન હોય તો એ સુખ જીવનને કડવું વખ પણ બનાવી દે. પતનની ગર્તામાં પણ ધકેલી દે અને જીવનને સ્મશાનતુલ્ય પણ બનાવી દે. સાવધાન!*

વરસો પહેલાં હું જમતો હતો. પાટલા પર થાળી મૂકાતી. થાળીમાં ભોજનનાં દ્રવ્યો પીરસાતા. હું નીચે પાથરણા પર બેસતો અને હાથેથી પેટમાં ભોજનનાં દ્રવ્ય પધરાવતો!

આજે હું જમતો નથી, ખાઉં છું. ખુરશી પર બેસું છું. જમવા માટે ડાઈનિંગ ટેબલ છે. હાથમાં ચમચી કે છરી-કાંટા છે. શું ખાઉં છું એ મને યાદ રહેતું નથી!

★

ઘડો તૈયાર થઈ જવો એ જુદી વાત છે અને ઘડો મજબૂત બની જવો એ જુદી વાત છે. કુંભારના ચાક પર ઘડો તૈયાર તો થઈ જાય છે, પરંતુ એને મજબૂત બનાવવા કુંભારે એ ઘડાને આગમાં નાખવો જ પડે છે.

કોલેજોમાં અને સ્કૂલોમાં ડિગ્રીઓ લઈને વિદ્યાર્થીઓ સાક્ષર તો બની જાય છે પરંતુ સંસ્કારી સાક્ષર બની ગયેલા તેઓ જોવા નથી મળતા કારણકે સંઘર્ષની - તકલીફોની અને કષ્ટોની આગથી તેઓને દૂર જ રાખવામાં આવી રહ્યા છે.

★

'સામી વ્યક્તિ માટે મારા મનમાં જે પણ હોય છે એ હું એને સાચેસાચ સંભળાવી જ દઉં છું, પરિણામ પછી ગમે તે આવે, હું પરવા કરતો નથી.'

જોકે મારા માટે સામી વ્યક્તિના મનમાં જે કાંઈ હોય છે એ જો સાચેસાચ મને સંભળાવી દે છે તો હું એની ધૂળ કાઢી નાખું છું. પણ એ વાત આખી જુદી છે.

NanoNine® **Sudoku** રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૪૦અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૫-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા વિનંતી.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

## ક્રમાંક - ૧૧૪૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | 8 | | | 2 | | | 7 |
| | | 7 | | | | 2 | | |
| | 1 | | 6 | 7 | 8 | | 5 | 9 |
| 4 | 5 | 1 | | | | | 7 | |
| | | | 5 | 8 | 1 | | | |
| | 2 | | | | 4 | 5 | 1 | 6 |
| 1 | 7 | | | 4 | 5 | | | 8 |
| | | 2 | | | | 7 | | |
| 9 | | | 3 | | 7 | | 2 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | 9 | | 6 | | | 4 |
| | 6 | | | 8 | | 9 | | |
| 2 | | 9 | | | 7 | | 5 | 3 |
| | 1 | 3 | | | | | | 6 |
| | | | 5 | 1 | 2 | | | |
| 7 | | 8 | | 6 | | 5 | 9 | 1 |
| 8 | 4 | | 6 | | | 2 | | 5 |
| | | 6 | | 7 | | | 4 | |
| 1 | | | 8 | | 4 | | 6 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | 7 | 8 | 1 | | | 6 | |
| | 8 | | | 2 | 6 | | | 7 |
| | | 6 | | | | 4 | 1 | |
| 3 | | 2 | 5 | | | | | 1 |
| | 5 | | 7 | | 1 | | 2 | |
| 1 | | | | | 2 | 6 | | 5 |
| | | 5 | | | | | 8 | |
| 2 | | 4 | 6 | 5 | | | 9 | |
| | 6 | | | 9 | 7 | 5 | | 2 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 7 | 8 | | | | 2 |
| 2 | | | | | | | | |
| | 7 | 1 | 9 | | 2 | 6 | 5 | 8 |
| 1 | | 3 | | | | 7 | | 4 |
| | | | 2 | 1 | 3 | | | |
| 9 | | 5 | | 7 | | 1 | | 6 |
| 5 | | 7 | | | 1 | | 6 | |
| | | | 3 | | | 5 | | 1 |
| 8 | | 2 | | 9 | 5 | 4 | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૩૯**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7 | 9 | 5 | 3 | 6 | 8 | 4 | 2 |
| 2 | 5 | 6 | 4 | 8 | 1 | 3 | 7 | 9 |
| 3 | 4 | 8 | 9 | 7 | 2 | 5 | 6 | 1 |
| 7 | 8 | 3 | 2 | 1 | 9 | 6 | 5 | 4 |
| 4 | 6 | 1 | 8 | 5 | 7 | 2 | 9 | 3 |
| 9 | 2 | 5 | 3 | 6 | 4 | 7 | 1 | 8 |
| 8 | 9 | 7 | 6 | 4 | 3 | 1 | 2 | 5 |
| 6 | 3 | 2 | 1 | 9 | 5 | 4 | 8 | 7 |
| 5 | 1 | 4 | 7 | 2 | 8 | 9 | 3 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 7 | 6 | 3 | 5 | 1 | 4 | 9 |
| 3 | 6 | 4 | 7 | 1 | 9 | 5 | 8 | 2 |
| 5 | 9 | 1 | 2 | 4 | 8 | 7 | 6 | 3 |
| 1 | 7 | 9 | 5 | 6 | 4 | 2 | 3 | 8 |
| 4 | 2 | 5 | 9 | 8 | 3 | 6 | 7 | 1 |
| 6 | 3 | 8 | 1 | 2 | 7 | 4 | 9 | 5 |
| 8 | 1 | 3 | 4 | 7 | 2 | 9 | 5 | 6 |
| 7 | 5 | 2 | 3 | 9 | 6 | 8 | 1 | 4 |
| 9 | 4 | 6 | 8 | 5 | 1 | 3 | 2 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 2 | 7 | 5 | 4 | 1 | 8 | 6 | 3 |
| 1 | 6 | 8 | 3 | 7 | 9 | 2 | 4 | 5 |
| 4 | 3 | 5 | 6 | 2 | 8 | 7 | 1 | 9 |
| 2 | 1 | 9 | 8 | 5 | 4 | 6 | 3 | 7 |
| 8 | 7 | 6 | 9 | 3 | 2 | 1 | 5 | 4 |
| 3 | 5 | 4 | 7 | 1 | 6 | 9 | 8 | 2 |
| 6 | 4 | 1 | 2 | 9 | 3 | 5 | 7 | 8 |
| 5 | 9 | 3 | 1 | 8 | 7 | 4 | 2 | 6 |
| 7 | 8 | 2 | 4 | 6 | 5 | 3 | 9 | 1 |


**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 7 | 8 | 5 | 9 | 1 | 3 | 2 |
| 5 | 3 | 2 | 7 | 1 | 4 | 6 | 9 | 8 |
| 8 | 9 | 1 | 2 | 3 | 6 | 7 | 4 | 5 |
| 7 | 1 | 8 | 4 | 9 | 3 | 5 | 2 | 6 |
| 9 | 6 | 3 | 1 | 2 | 5 | 8 | 7 | 4 |
| 2 | 5 | 4 | 6 | 7 | 8 | 3 | 1 | 9 |
| 3 | 2 | 9 | 5 | 8 | 7 | 4 | 6 | 1 |
| 4 | 7 | 5 | 9 | 6 | 1 | 2 | 8 | 3 |
| 1 | 8 | 6 | 3 | 4 | 2 | 9 | 5 | 7 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736




# કચ્છીના લોકગીતો, પ્રકાર અને પરિસ્થિતિના સંદર્ભે વિમર્શ



મહેન્દ્ર દોશી

લોકસાહિત્ય એટલે ‘લોક મનોભૂમિ’ની રચનાનો સંસાર અને તેની શાસ્ત્રીય વિભાવનાનું મૂળ ‘Folk-lore’, જેને ગુજરાતીમાં ‘લોકવિદ્યા’, ‘લોકશાસ્ત્ર’ એવી પરિભાષાથી ઓળખાવાય છે. લોકવિદ્યાનું ક્ષેત્ર વ્યાપક છે. લોકનું જેટલું જીવન છે એટલો લોક વિદ્યાનો વ્યાપ (લોકોમાં વસનાર જન, જનની ભૂમિ અને ભૌતિક જીવન તથા તેની સંસ્કૃતિ), જેમાંથી લોકનાં સંપૂર્ણ જ્ઞાનનો અંતર્ભાવ થાય. લોકવિદ્યાની સંજ્ઞાને ડૉ. સત્યેન્દ્ર લોક-વિદ્યાના વ્યાપને ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરે છે.

૧. કલા : કલાક્ષેત્ર અને તેના પ્રકારો લોકસાહિત્ય, લોકોક્તિ, લોકકવિતા, લોકવાર્તા.

૨. વિશ્વાસ : સમસ્ત માન્યતાઓ, અંધવિશ્વાસુ, વિભિન્ન જીવો, ધર્મગાથાના નાયકો.

૩. અનુષ્ઠાન : કાર્યકલાઓ, વિશ્વાસને કારણે વિભિન્ન અવસરો, અનિષ્ટોનું નિવારણ માટેના કાર્યો.

આમ તો, ‘લોકસાહિત્ય’ની સંજ્ઞા અને તેની વિભાવના અર્વાચીન છે, પરંપરાગત નથી. પશ્ચિમના સાહિત્ય સાથે સંપર્ક થવાને કારણે ફોકટેલ, ફોકસોંગ, ફોક-લીટરેચરના અંગ્રેજી સંજ્ઞાના પર્યાય શબ્દો - સંજ્ઞા ‘લોકકથા’, ‘લોકગીત’ અને ‘લોક સાહિત્ય’ જેવા નામ આપી તેને સાહિત્ય અને લોક સાહિત્યના પ્રકારોમાં સમાવેશ કરી અલગ પ્રકારની ઓળખ ઊભી કરી.

આ પ્રકારના લોકજીભે, લોકકંઠે ગવાતી સાહિત્યની કૃતિઓની ક્યારે રચના થઇ હશે, તેનો રચયિતા કોણ હશે તેની જાણકારી પ્રાપ્ત કરવી મુશ્કેલ છે. જમાને જમાને લોકજીભે કંઠોપકંઠ ગવાતી રચના, ધીમી ગતિએ સતત ભાષામાં થતાં પરિવર્તનને કારણે તેની મૂળ રચનામાં કેટલાક રૂપાંતરો અજાણતા થતા હોય છે. એટલે કે જે તે સમયમાં બોલાતી ભાષાની સાથોસાથ બોલાતી અન્ય ભાષાના પ્રભાવની સ્થાનિક ભાષા પર પડતી અસરને કારણે જનસાધારણ લોકો દ્વારા સર્જાયેલી રચના, લોકો માટે રચાયેલું સાહિત્ય, લોકોથી જળવાયેલું અને લોકો દ્વારા પ્રચાર પામેલું રૂપાંતરીત સાહિત્યની અભિવ્યક્તિ કરવા માટેનું માધ્યમ તે ‘લોકવાણી.’

લોકસાહિત્ય ‘લોકવાણી’માં જ રચાય. પ્રદેશે પ્રદેશે તેમજ જુદી જુદી કોમ કે વર્ગોની પોતાની સામાજિક સંસ્કૃતિની ભિન્નતા વિશેષતા – વિવિધતાની લોકગાયક દ્વારા અભિવ્યક્તિ, જેને પાંચ ભાગમાં વહેંચી શકાય : (૧) લોકગીત, (૨) લોકકથા, (૩) લોકગાથા, (૪) લોક નાટ્ય, (૫) લોકોક્તિ અને આનો સંબંધ ભૌગોલિક શાસ્ત્ર, ઇતિહાસ શાસ્ત્ર, સામાજિક શાસ્ત્ર, સાંસ્કૃતિક, આધ્યાત્મિક-મૂલતંત્ર, ભાષા વિજ્ઞાન અને ભાષા શાસ્ત્ર ધરાવે છે.

- **લોકગીત :**

લોકગીત માટે મેઘાણીએ લોકગીતની ઓળખ, જેમાં રચનાકારે કદી કાગળ અને લેખણ પકડ્યાં નહીં હોય, જેને રચનારાં કોણ તેની કોઈને ખબર નહીં હોય અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલો કાળ બાંધીને જે સ્વરો ચાલ્યા આવે છે તેનીય પણ કોઈ કલ્પના કરી શકતું નહીં હોય – એવી રચના એનું નામ ‘લોકગીત.’

લોકગીતોની દરેક ભાષામાં કુદરતી બક્ષીસ છે. કુદરતી પરિસ્થિતિમાંથી ઉદ્‌ભવેલ લોકવાચા છે. જેમાં જે તે સમયની પરિસ્થિતિનું તાદશ્ય પ્રતિબિંબને વ્યક્ત કરતી અભિવ્યક્તિનું આલેખન છે. કચ્છી ભાષામાં લોકસાહિત્યની શ્રુતિ, સ્મૃતિ અને કંઠમાં વિકસિત સાહિત્યની સામગ્રી સત્તરમી સદીમાં ઉપલબ્ધ થઈ છે. શ્રી રામસિંહ રાઠોડના મત મુજબ, કચ્છી સાહિત્ય ઠીક ઠીક જૂનું હોવાની સંભાવનાને અભ્યાસીઓ કચ્છીના દુહા અને સિધ્ધહેમના દોહામાં સામ્યતા હોવાનું અનુમાન કરે છે. કચ્છી ભાષાના સાહિત્યના આરંભનો સમય આદિ કવિ પ્રંગના મરમી સંત કવિ મેંકણ કાપડીનો સમય ઇ.સ. ૧૬૬૭-૧૭૩૦ ગણી શકાય અને ત્યારબાદ માવણ સાબામી, મામૈદેવ (સિંધી સંત)એ આ પ્રણાલિકા આગળ વધારી.

કચ્છ પ્રદેશ ભૌગૌલિક દષ્ટિએ ગુજરાતનો સરહદી વિસ્તાર છે. આથી આજુબાજુની પડોશની વિવિધ ભાષાઓનો સંપર્ક, ઉત્તરની ‘સિંધી’, પૂર્વની ‘ગુજરાતી’, દક્ષિણની ‘કાઠિયાવાડી’ (સૌરાષ્ટ્ર) અને ઉત્તર પૂર્વમાં ‘મારવાડી’ (રાજસ્થાની) ભાષાઓના સંપર્કથી કચ્છીભાષા પર આ ભાષાઓની અસર પડેલ છે. ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષાઓનો પ્રભાવ હોય તે સ્વાભાવિક છે કારણકે ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષા હંમેશાં માન્યભાષા (Standard Language) તરીકે સ્વીકારાયેલ છે અને આથી ગુજરાત રાજ્યમાં ગુજરાતી ભાષાના

ભાષકની સંખ્યા પછી કચ્છી વિસ્તારમાં કચ્છી બોલીના ભાષકોની સ્થાનિક ભાષા (Native Language) કચ્છીના ભાષકની સંખ્યા હોવાની નોંધ ગેઝેટિયર્સમાં નોંધાયેલ છે.

આ સિવાય સિંધી ભાષા, કચ્છી સાથે ઓતપ્રોત થઇ ગઈ છે. બંને ભાષા વચ્ચે સામ્ય ઘણું છે. કેટલાક ઘટકો ભિન્ન હોવાથી બંને ભાષાનું અલગ અસ્તિત્વ સ્થાપિત કરી શકાય છે. આ ભાષાના કચ્છ વિસ્તારમાં ભાષકોની સંખ્યા ત્રીજા સ્થાન પર છે. કચ્છી ભાષા અને ગુજરાતી ભાષા એમ બંને ભાષાનું સાહિત્ય સર્જન એકમેકથી તદ્દન અલગ છે કારણકે કચ્છી ભાષા એ ગુજરાતીથી ભિન્ન છે અને તેનો ગુજરાતી ભાષાના ઉપબોલીમાં સમાવેશ થતો નથી. બંનેની ભાષાકીય વ્યવસ્થા સંરચના તદ્દન ભિન્ન છે. એટલું જ નહીં, પણ બંને ભાષાનું સ્વતંત્ર અસ્તિત્વ અને મોભો છે. કચ્છ વિસ્તારમાં બંને ભાષાનો દૈનિક વ્યવહારમાં ઘરમાં ભાષકો સ્થાનિક ભાષા, કચ્છી (Native Language L-1) અને બહારના વ્યવહારમાં ગુજરાતી ભાષાનો (Standard Language L-2) તરીકે ભાષક ઉપયોગ કરતા હોવાથી આ વિસ્તારના ભાષકો દ્વૈ-ભાષિક (Bi-lingual) છે. એટલે કે કચ્છી અને ગુજરાતીનો Alternately એક સાથે બંને ભાષાનો ઉપયોગ કરે છે. આમ, વ્યવહારમાં આ બંને ભાષા પ્રચલિત હોવાથી કચ્છના સાહિત્યકારો કચ્છી તેમજ ગુજરાતી ભાષામાં અથવા તો બંને ભાષામાં સમયાંતરે સર્જન કાર્ય કરતા આવ્યા છે. આથી અભિવ્યક્તિના માધ્યમમાં 'કચ્છી' અને 'ગુજરાતી' બંને ભાષાનું સાહિત્ય અલગ અલગ હોવા છતાં કચ્છીમાં ગુજરાતી-સિંધી રાજસ્થાની જેવી ભાષાઓ છાંટ-અસર સહજપણે આવી જાય છે (અને કંઠોપકંઠ સાહિત્યમાં ભાટ, ચારણો અને લહિયાઓના મુખે છૂટે હાથે રચનામાં ફેરફાર, ભાષાકીય પરિવર્તનો અને બિન રોકટોક આવી ગયા છે.)

'કચ્છી ભાષા'નો મર્યાદિત ભાષા-વિસ્તાર હોવા છતાં તેનો વ્યાપ અને પ્રભાવ આખા વિશ્વમાં જ્યાં જ્યાં ગુજરાતી-કચ્છી પહોંચ્યા છે, ત્યાં ત્યાં ભાષકની પોતાની ભાષાનું લેબલ લગાડીને આગવી ઓળખ ઊભી કરી છે. પણ સાથોસાથ કચ્છનો ભાષાકીય ઈતિહાસમાં ડોકિયું કરીએ, તો સ્વતંત્રતા પ્રાપ્ત થયા સુધી કચ્છમાં 'મુદ્રણ'ની સુવિધા ન હતી અને મહત્ત્વની બાબત તો – કચ્છીની પોતાની લિપિ ના હોવાથી પોતાની ભાષામાં અભિવ્યક્તિ કરવા માટેનો પૂરતો અવકાશ નથી. આજે પણ આ પ્રશ્નનો સામનો કચ્છી કે કચ્છી ગુજરાતી સર્જકોની અભિવ્યક્તિ કરવાના માર્ગમાં કચ્છી બોલીની લિપિનું દસ્તાવેજીકરણ થયું નથી તે મોટી રૂકાવટ બની રહ્યો છે. આવા અભિવ્યક્તિ સામેના અવરોધ વચ્ચે પણ કચ્છી ગુજરાતી સર્જક પોતાની માતૃભાષા તરફનું મમત્વ અને ગૌરવને કારણે સર્જનાત્મક સર્જન અવિરત ચાલુ રહ્યું છે.

કચ્છી લોકસાહિત્ય ક્ષેત્રમાં સંગ્રહ અને સંપાદનનું કામ લગભગ છેલ્લા સોએક વર્ષથી થઈ રહ્યું છે. આ કામનો આરંભ શ્રી જીવરામ અજરામર ગોરથી થયો અને શ્રી દુલેરાય કારાણી સુધી વિકસિત થયો અને ડૉ. ઝોરાબેન ઢોલીયા, ડૉ. દિનેશ જોશી તથા અન્ય અનેક સર્જકોએ લોક સાહિત્યના ક્ષેત્રે ફાળો આપ્યો છે. જેમાં લોકસાહિત્યની સંગ્રહિત સામગ્રીને જતનથી જાળવવા માટે શ્રી જયંતી જોષી (શબાબ) એ આકાશવાણી તેમજ દૂરદર્શનના માધ્યમથી લોકગાયકોના કંઠોપકંઠ લોક સાહિત્યની રચનાઓનું રેકોર્ડિંગ કરાવવાનો પ્રશંસનીય ઉત્તમ વૈજ્ઞાનિક પ્રયોગ કરેલ છે. જે હંમેશાં કચ્છી લોકસાહિત્યની પરંપરાને જીવંત રાખવા માટે પથદર્શક રહેશે.

લોકસાહિત્યનો સંગ્રહ કે સંપાદનનું કાર્ય કેટલું વૈજ્ઞાનિક છે, તેનો વિસ્તાર અને તેમાં તેનું ઊંડાણ કેટલું છે તે કહેવું કઠિન છે કારણકે લોકસાહિત્યના હજુ કેટકેટલાં ક્ષેત્રો અણસ્પર્શ્યા છે. તેની પૂરતી વિશ્વસનીય માહિતી ઉપલબ્ધ નથી. લોકસાહિત્યથી વાકેફ કરવાનું તેમજ લોકસાહિત્યને લાંબા સમય સુધી જીવંત રાખવા, તેનું જતન કરી અને તેને સંગ્રહિત કરવા માટેની સાહિત્યની સામગ્રીને ઉપલબ્ધ કરવાની દિશામાં અનેક મર્યાદાઓ અને મુશ્કેલીઓ હોવા છતાં લોકસાહિત્યને જીવંત રાખવા માટેના નિષ્ઠાપૂર્વક યત્કિંચિત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. કંઠોપકંઠ લોકસાહિત્યનો ખુલ્લો સંબંધ (મૌખિક) ઉચ્ચારણ સાથે છે. આ પરંપરાને આગળ લઈ જનાર લોકસાહિત્યના ગાયકો આ પરંપરા પેઢી-દર-પેઢી આગળ ચાલતી રહી છે. પરિણામે પરંપરાગત કંઠોપકંઠ વારસાગત લોકસાહિત્ય આગળ લઈ જવાની સફરમાં સમયાંતરે મૌખિક મૂળકૃતિમાં વ્યક્તિગત સમયાનુસાર અંગત-માન્યતા અને અશ્લીલ અને ભાષામાં શુધ્ધિ-અશુધ્ધિના પૂર્વગ્રહોથી સ્વાભાવિક રીતે મૂળ કૃતિમાં ફેરફાર પરિવર્તન સહજપણે થતા જાય છે. એટલે કે આ કૃતિઓની ઉપયોગની લાંબી સફરમાં ક્યાં, ક્યારે, કોણે અને કેવા પરિવર્તન થવા પામ્યા છે અને જે તે સમયની પ્રબળ અન્ય ભાષાની અસરથી કૃતિના મૂળ શબ્દોમાં સુધારો કે વધારો થવા પામ્યો છે તે શોધવું ઘણું કઠિન છે.

આ સ્વાભાવિક લોક સાહિત્યમાં થતાં પરિસ્થિતિ માટે લિપિ, મુદ્રણ વ્યવસ્થાની અનુપસ્થિતિને કારણભૂત ગણાવી શકાય (કચ્છી ભાષાને ધ્યાનમાં રાખીને ચર્ચા કરેલ છે). આમ છતાં, ભાષા વિજ્ઞાનની મદદથી પરંપરાગત કંઠોપકંઠ ગવાતી મૂળ કૃતિનું ડેટા સામગ્રીની માહિતી એકત્રિત કરી અને ગવાતા મૌખિક ઉચ્ચારણના ધ્વન્યાત્મક સ્વરૂપનું પૃથક્કરણ કરવામાં આવે તો પાછળ મૂકી આવેલા વર્ષોની ઝાંખી વિષયનો આસ્વાદ તેનો વિભાવ અને મૂળ ભાષાનું તૂટક-તૂટક આસ્વાદ માણી શકાય. અલબત્ત, આ પ્રક્રિયા ઘણે અંશે અધૂરી અને ઉપલક હોવાની

પૂરેપૂરી સંભાવના હોવાથી આ કામગીરી કેટલી ઉપકારક અને કેટલી સંકુલ અને સમયના પ્રવાહમાં અન્ય સામાજિક, સાંસ્કૃતિક અને ભાષાકીય પરિબળોથી પ્રભાવિત થયેલ છે તેની તપાસ યથાર્થ રીતે થઈ શકે એ સંભવિત નથી. એ હકીકતનો સંપૂર્ણ સ્વીકાર કરીને કામગીરી કરવી પડે.

લોક સાહિત્ય, કંઠોપકંઠ સાહિત્યના ઉચ્ચારણ પર મહત્તમ અસર થવા ઉપરાંત કૃતિના રૂપ ઘટક પર પણ જે તે સમયની પ્રભુત્વ ધરાવતી ભાષાની અસર પડે છે અને પરિણામે જે તે સમયની અન્ય ભાષાની અસરના પરિણામે તેમાં આગંતુક શબ્દાવલીનો વધારો કે ઘટાડો થવા પામે છે. આ ધ્વન્યાત્મક તેમજ રૂપ ઘટાત્મક કૃતિમાં થતા સુધારા વધારાનો અભ્યાસ સૌપ્રથમ ડૉ. શાંતિભાઈ આચાર્ય, કચ્છી વાર્તા (ગદ્ય)ના માધ્યમથી કર્યો છે. આ પૃથક્કરણથી કચ્છી ભાષાનું સ્વરૂપ, શબ્દાવલિ, તેના મૂળ ઉચ્ચારણ, તેમાં રૂપઘટક અને સામાજિક સાંસ્કૃતિક પરિસ્થિતિથી પરીચિત કરાવવા માટે શક્ય તેટલા પાછલા વર્ષોના ભૂતકાળમાં લઇ જવા માટેના જીવંત ભાષાકીય પ્રયોગ કરેલ છે. આ પ્રયોગને લક્ષમાં રાખીને પરંપરાગત કંઠોપકંઠ ગવાતા કચ્છી લોકગીતોનો અભ્યાસ કરવા માટે કેટલાક સંપાદિત કચ્છમાં આવેલ કચ્છી-લોકગીતોના સંગ્રહમાંથી ગીતોની પસંદગી કરેલ છે. લોકગીતોની શબ્દાવલીનું ધ્વન્યાત્મક તેમજ રૂપઘટાત્મક શબ્દ ભંડોળ અને સમાજ તત્ત્વનું પૃથક્કરણ કરી મૂળ ભાષાના અર્થાત્ ઉચ્ચારણ અને ઉચ્ચારણની ફ્રિક્વન્સીની જાણકારી મળી શકે તે માટે શબ્દોને (ધ્વનિઘટક) (IPA – International Phonetic Alphabet Script)માં લોકગીતના શબ્દોનો સૌપ્રથમવાર લિપ્યંતર કરવાનો પ્રયાસ કરેલ છે. આ પ્રયાસ કરવા પાછળનો હેતુ કચ્છી મૂળ ઉચ્ચારણની Length જાણવાથી તેના શબ્દોના શુદ્ધ અને મૂળ ઉચ્ચારણ કરી શકાય. જેના આધારે ઉચ્ચારણના ઘટકોનો અભ્યાસ વિશ્વસનીય કરી શકાય. આવા ઉચ્ચારણની આવર્તનની માત્રાની જાણકારી મળવાથી અન્ય ભાષાના ઉચ્ચારણ વચ્ચેનો તફાવત જાણી શકાય તેમજ આવા ઉચ્ચારણનું લિપ્યંતર (transliation) યથાર્થ રીતે કરી શકાય.

હાલમાં છેલ્લા ઘણા વર્ષોથી કચ્છીની પોતાની લિપિ ન હોવાને કારણે કચ્છી સાહિત્યનું લિપ્યંતર ગુજરાતી લિપિમાં જોડણીમાં કરવામાં આવી રહ્યું છે. આથી કચ્છીના મૂળ ઉચ્ચરિત ધ્વનિ ઘટકોના ઉચ્ચારણનું લિપ્યંતર ગુજરાતી લિપિ - જોડણીમાં થાય છે. કચ્છીનાં કેટલાક ધ્વનિ ઘટકો એવા છે કે જે ગુજરાતી ભાષામાં નથી. આવા વિશિષ્ટ ધ્વનિઘટકોનું ગુજરાતી લિપિ-જોડાણમાં લિપ્યંતર કરવું એ ગુજરાતી લિપિની મર્યાદા છે અને મૂળ ભાષાના ઉચ્ચારણને બદલે ગુજરાતી ભાષાના ઉચ્ચારણ અને તેના સ્વરૂપથી ટેવાઈ જવાય છે. આમ, કચ્છીના મૂળ ઉચ્ચારણનું કે ગુજરાતીકરણ થઇ જવાથી કચ્છીના મૂળ સ્વરૂપ વિકૃત થઈ જાય છે. એટલે કે ભાષાની મૂળ ઓળખથી દૂર થઈ જાય છે. જે અલબત્ત, લોકગીતોની પરિવર્તનશીલતાની વિશેષતા તે લિપિ સિધ્ધ ન થાય ત્યાં સુધી જ જળવાય છે. જ્યારે લિખિત રૂપમાં પરિણમે છે ત્યારે તેની પ્રગતિ રૂંધાય છે. આથી ડૉ. વેરિયર એલ્વિન કહે છે કે ગીતોને લિપિબધ્ધ કરવાથી તેનો વિકાસ નષ્ટ થઈ જાય છે. તેથી તેનો સંગ્રહ કરીને મોટો અપકાર કરે છે. અલબત્ત, ગીતો લિપિબદ્ધ થાય કે ન થાય પણ તેની સર્જન - વિસર્જનની પ્રક્રિયા ચાલુ રહે એ જ મહત્ત્વનું છે.

ટૂંકમાં કહીએ તો લોકગીતો સમાજનું જીવંત દસ્તાવેજ છે.

- **ઉપસંહાર :**

૧. કચ્છના લોકગીતો ભૂતકાળ અને કેટલાક ઐતિહાસિક પ્રસંગોના જીવંત દસ્તાવેજ સમાન હોવાથી કચ્છના લોકગીતોને સંદર્ભમાં માત્ર ગેયતાની દૃષ્ટિએ મહત્ત્વના નથી, પણ દસ્તાવેજ ડોક્યુમેન્ટ્સ હોવાથી કચ્છી સમાજની કચ્છીયતનો ભવ્ય ભૂતકાળની વ્યવસ્થા ઉપરાંત ઐતિહાસિક માહિતીનું પણ દસ્તાવેજીકરણ લોકગીતોમાં થયેલું છે. કચ્છની લોકજાતિઓનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે આ લોકગીતો કડીરૂપ બન્યા છે. કચ્છી લોકગીતો લોક જાતિઓનું હાર્ટ અને કચ્છી લોકસૃષ્ટિનું યથાર્થ દર્શન લોકગીતો કરાવે છે.

૨. કચ્છી લોકસાહિત્ય આદિકાળથી ચાલી આવતી મૌખિક, કંઠોપકંઠ પરંપરા છે અને લોકસાહિત્યમાં સમાજ-સંસ્કૃતિ, રીતરિવાજ, ઉત્સવ વગેરેનું વર્ણન છે.

૩. કચ્છી લોકસાહિત્યના રચયિતાના નામ નથી. આ રચનામાં છંદના બંધારણની ચુસ્તતા જોવા મળતી નથી પણ ભાવની પરાકાષ્ઠાનું જ તેમાં નિરૂપણ છે. લય, માધુર્ય, શબ્દોની ચમત્કૃતિ પણ જોવા મળે છે. લોકાતનોમાં કર્તાની કોઈપણ છાપ ન હોવાથી તેમાં માલિકીની કડકાઈ નથી પણ સાર્વજનિકતાની કુમાશ છે (મેઘાણી).

૪. લોકસાહિત્યનું પ્રસારણ લોકકલાકાર આજીવિકા-જીવિકા રાખવા માટે જ નથી કરતાં પણ સમાજમાં દરેક વર્ગના લોકોને આધ્યાત્મિક જ્ઞાન સંસ્કૃતિ સમાજનું દર્શન કરાવવા ઉપરાંત મનોરંજનનું જ્ઞાન કરવા માટેનું ધ્યેય રાખે છે.

૫. લોકકલાકાર સ્થગિત - ચીલાચાલુ ગીતોમાં નવીનતા લાવવા માટે જૂની રચનાઓમાં કેટલાક લોકોને પસંદ પડે તેવા તત્કાલીન સમયને અનુરૂપ કેટલીક રચનાઓમાં પરિવર્તન કરે છે. આવી રચનાઓ સાથે પોતાનું નામ જોડતા નથી.

૬. કચ્છી ભાષાના લોકગીતોમાં ગુજરાતી-સિંધી-રાજસ્થાની ભાષાનો પ્રભાવ જોવા મળે છે. કચ્છી બોલીની ખાસ વિશિષ્ટતા અને અલગ તરી આવતું ભાષાકીય લક્ષણ, દરેક લોકગીતોના રચયિતા અલગ અલગ જ્ઞાતિ અને જાતિના હોવાથી દરેક લોકગીતમાં જે તે જ્ઞાતિ-જાતિની વિશિષ્ટ બોલીના લક્ષણો સ્વાભાવિકપણે તેમાં આવી જાય છે. આ વિશિષ્ટ લક્ષણો કચ્છી બોલીની ઉપબોલી નથી, પણ Speech variety of Kuchchhi છે.

દ્વૈભાષીયતા - બહુભાષીયતાના પ્રભુત્વને કારણે વિશ્વમાં કેટલીક ભાષાઓ - બોલીઓનો દૈનિક વ્યવહારમાં ઉપયોગ ઓછો થવા લાગ્યો છે. પરિણામે ઓછા વપરાશવાળી ભાષાઓ ધીરે ધીરે લુપ્ત થવાની સંભાવના વધતી જાય છે. આ સતત ભાષાની લુપ્ત થવાની પ્રક્રિયાને અટકાવવા માટે ભાષા વિજ્ઞાનીઓ ચિંતા વ્યક્ત કરે છે અને આ પ્રક્રિયા અટકાવવા, જતન કરવા (સંભાળવા), સંગ્રહિત કરવા માટે સજાગ થવા માટેની ચેતવણી આપી છે. ઓછો વપરાશ થયો હોય તેવી ભાષાઓને લાંબા સમય સુધી જાળવણી કરીને સંગ્રહિત કરવા માટે કેટલાક ઉપાયો સૂચવેલ છે અને જેનો અમલ સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કરવા માટે દરેક ભાષાના ભાષાપ્રેમીને અનુમોદન કરે છે.

કચ્છી લોકસાહિત્ય લુપ્ત થવાની સંભાવના આવતા સમયમાં સંભાવના જણાતી નથી કારણકે કચ્છી લોક સાહિત્યના પ્રભાવથી કચ્છી પ્રિય જાગૃત છે, સજાગ છે અને પરંપરા લુપ્ત ન થાય તે માટે પ્રયત્નશીલ છે અને આ માટે લોક સાહિત્યની ચર્ચા-વિમર્શ માટેના આયોજનો, લોક સાહિત્યના સંમેલનો અને તેના સેમિનાર, ઉપરાંત લોક ગાયકોને પ્રોત્સાહિત કરવા માટે કંઠોપકંઠ - પરંપરાના ગીતોનું રેકોર્ડીંગ ઇત્યાદી કરીને લોકગીતો સંગ્રહિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં, પણ લોક સાહિત્યના ગાયકોને પ્રોત્સાહિત પણ કરવામાં આવે છે.

કચ્છી ભાષાના પ્રસારણ માટે રેડિયો સ્ટેશન, ટી.વી. ચેનલ પણ અને નિયમિત કચ્છી ભાષાના વિવિધતાથી કાર્યક્રમોનું પ્રસારણ પણ થતું હોવાથી ‘કચ્છી પ્રણાલી’નું સાહિત્ય લોકમાનસ સાથે જીવંત છે.

કચ્છી ભાષાને ભારતીય બંધારણની જોગવાઈ અન્વયે ગુજરાત સરકારે વૈકલ્પિક ભાષા તરીકેનો દરજ્જો આપેલ નથી. આથી ભાષાના શિક્ષણ, પ્રાથમિક શિક્ષણમાં વૈકલ્પિક ભાષા તરીકે માન્યતા આપવા માટે ગુજરાત સરકાર સુસ્ત વલણને કારણે ભાષાનો પ્રભાવ ઓછો ન થાય તે માટે પ્રયત્નશીલ રહેવું પડે. કચ્છ યુનિવર્સિટીમાં પણ ‘કચ્છી’ના સંશોધન માટે સુસ્ત વલણ જોવા મળે છે.

- **સંદર્ભ :**

૧. હિંદીમાં ‘લોકવાર્તા’ શબ્દ પ્રયોજાય છે.
૨. ‘લોકસંસ્કૃતિ’ શબ્દના પક્ષધર છે શ્રીકૃષ્ણદેવ ઉપાધ્યાય.
૩. ‘લોકવિદ્યા’ પુણ્યસલિલા સૂરસરિતા સમાન ત્રિપથ ગાથા છે – ડૉ. મહેતા.
૪. ‘લોકવિદ્યા’ની અંતર્ગત સંપૂર્ણ માનવજીવનની પરિવ્યાપ્તિ છે – શ્રીમતી બર્ને.
૫. ‘લોકસંસ્કૃતિ’ના સંપૂર્ણ અંશોનો સમાવેશ બે વિભાગમાં કરી શકાય : (૧) લોકવિશ્વાસ અને (૨) લોકસાહિત્ય. – ડૉ. સ્પિનોની
૬. ‘લોકસાહિત્ય’ એટલે લોકજીભે રમતું, લોકકંઠે જીવતું સાહિત્ય – શ્રી ઉમાશંકર જોષી.
૭. લોકસાહિત્ય એટલે જન સાધારણમાં પ્રચલિત કંઠસ્થ સાહિત્ય.
૮. લોક સાહિત્ય લોક હૃદયની વાણી.
૯. ‘લોકગીત’ માટે શ્રીરામ નરેશ ત્રિપાઠી ‘ગ્રામગીત’ શબ્દ પ્રયોજે છે.
૧૦. આદિમ મનુષ્યના હૃદયોનાં ગીતોનું નામ ‘લોકગીત.’
૧૧. શબ્દોને પરિવર્તનની પરંપરા લોકગીતોના માધ્યમથી જાણી શકાય છે.
૧૨. લોકગીતો દ્વારા એક એવી મહાન સભ્યતાની ખોજ થઈ શકે છે.
૧૩. લોકગીત લોકમાં સ્વતઃ સ્ફુર્ત શબ્દ - બ્રહ્મનું રૂપ છે.
૧૪. લોકગીતોમાં ભક્તિ-અનુષ્ઠાન તથા કર્મકાંડ સંબંધી અનેક બીજ શોધી શકાય છે.
૧૫. કચ્છીનું લોકસાહિત્ય વિપુલ અને વૈવિધ્યવંતું છે – શ્રી જયપાલ પરમાર.
૧૬. આ સમયના લોકસાહિત્ય રચનાકાર મેંકણ દાદા, સુંદરદાસજી, ખીમ સાહેબ, મોરાર સાહેબ, ગરીબદાસજી, બિહારીદાસજી, સંત હરિલાલ સાહેબ, તિલમાલ, સીતાભગત, ફાણદાસજી, ત્રિકમદાસજી વગેરેનો સમાવેશ કરી શકાય.
આ સમયના કાવ્ય પ્રકારોમાં કથા, કાવ્ય, બાલકાવ્ય, ખેડકણઆં, દુહા, સોરઠા સાખી, ગુજારાતો, ભજન, ગીત, કાફી, ખેત, કવિતા, સંગર, પિરોલી, સલોકા જેવા વિવિધ પ્રકારો પ્રચલિત હતા.
૧૭. લોકસાહિત્યના વિષયો, પ્રેમ-શૌર્ય, સાહસ, સ્વદેશાભિમાન, વતનપ્રીતિ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, જાતિ, લોકજીવન અને વ્યવહાર - પર્યાવરણ.
૧૮. આ વિષયોના મુખ્ય રસ : શૃંગાર, કરુણ, વીર, હાસ્ય, શાંત વગેરે રસોમાં નિરૂપણ કરે છે.
૧૯. સર્જનમાં એકસૂરીલાપણું, સ્થગિતતાનું કારણ રાજાશાહી, કચ્છનું શૈક્ષણિક - સામાજિક પછાતપણાને ગણવામાં આવે છે. – શ્રી ફડકે
૨૦. The practice of alternately using two languages will be called ‘BI-LINGUVALISM’ and persons

involved – 'BILINGUAL.'

૨૧. કચ્છી ભાષામાં સંત પરંપરાની અલગ કાવ્ય રચના પ્રકાશનની રાહ જોઈ રહી છે. (શ્રી ધીરેન્દ્રભાઈ મહેતા)

૨૨. ભારતીય ભાષા સંસ્થાન (CiiL) પૂનાના સહયોગથી કચ્છી બોલીનું દસ્તાવેજીકરણ Documentation of Speech variety of Kutchchhi નું સૌપ્રથમવાર તા. ૨-૨-૨૦૧૭ – ૮-૨-૨૦૧૭ દરમિયાન કચ્છના જુદા જુદા વિસ્તાર (નખત્રાણા - લખપત - મુંદ્રા - માંડવી - બન્ની અને ભુજ) ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મૂળ કચ્છી ભાષકો કુલ બાવન હાજર રહ્યા હતા. આ પ્રક્રિયા પૂરી થતાં ડોક્યુમેન્ટેશન કચ્છીનું વૈજ્ઞાનિક ધોરણે કરી શકાશે.

૨૩. અમે બોલીએ છીએ (કચ્છી વાર્તા - ગદ્ય) – ડૉ. શાંતિભાઈ આચાર્ય.

૨૪. મુ.શ્રી દુલેરાય કારાણી, કચ્છડો બારેમાસ – 'કચ્છી પ્રદેશનું સાહિત્ય અને કચ્છનું લોકસાહિત્યનું સંયુક્ત આવૃત્તિ' – ગૂર્જર પ્રકાશન, ૨૦૧૬.

ડૉ. ઝોહરાબેન ઢોલિયા – 'કારાયણ' લોકગીતો સંગ્રહ : કુલ ૧૧૭ (લોકગીતો) પ્રાચીન કૃતિઓ.

ડૉ. ઝોહરાબેન કચ્છી લોકગીત ઉપર પીએચ.ડી. કરનાર પ્રથમ મહિલા.

ડૉ. દિનેશ જોષી કચ્છી લોકગીત ઉપર પીએચ.ડી. કરેલ છે.

## સત્ય કથા

તરુણ પંડ્યા નામનો આપણો એક ગુજરાતી સજ્જન ૧૯૯૫ની સાલમાં અમેરિકાના ન્યુજર્સીના બ્લુમફિલ્ડ શહેરમાં કામ - જોબ કરતો હતો. રોજ બપોરે તે એક રેસ્ટોરાંમાં જમવા જાય. રેસ્ટોરાંનો માલિક ઈટાલિયન હતો. જમનારો ગ્રાહક ભારતીય છે એમ જાણીને તે રોજ 'નમસ્તે' કરીને થોડી વાતો કરે. ભારત વિશે અને ભારતના ગાંધી વિશે પૂછે. તરુણ પંડ્યાએ એક દિવસ તેના હાથમાં ગાંધીજીની આત્મકથા આપી અને એને એટનબરોની ફિલ્મ 'ગાંધી' જોવાનું પણ કહ્યું.

ફિલ્મ જોયા પછી અને આત્મકથા વાંચ્યા પછી તે ગાંધીથી એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે તેણે નિર્ણય કર્યો કે હવે મારા ધંધામાં મને ગમે તેટલી મુશ્કેલી આવે તો પણ સત્યને વળગી રહીશ.

પછી તો તે 'સત્ય'ને બરાબર વળગી રહ્યો. એક દિવસે તે તરુણ પંડ્યાને પોતાને ઘેર લઈ ગયો. તરુણે તેના ઘરમાં જોયું તો તેના નાનકડા પુસ્તકાલયમાં 'નવજીવન'નાં પુસ્તકોનો થોકડો જોયો! તરુણને આશ્ચર્ય થયું. એટલે તેણે તરુણને કહ્યું કે, 'તમે જ મને ગાંધીની આત્મકથા આપી હતી ને? એમાંથી જ મને 'નવજીવન'નું સરનામું મળ્યું. એટલે ગાંધી બાપુનાં બધાં પુસ્તકો મંગાવી લીધાં! હવે હું પણ તેને વાંચું છું અને બીજા લોકોને પણ વાંચવા આપું છું. આ પછી થોડી વાતો ચાલતી રહી. તરુણે જવા માટે ઊઠવાની તૈયારી કરી, ત્યારે તેણે કહ્યું, 'જરા થોભો, હું તમને એક ગીત સંભળાવું.'

અને તેણે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ....' એ ભજન ગાઈ સંભળાવ્યું. ■

## કચ્છી લોકબોલી – ઉચ્ચરિત ઢબ – સ્વરૂપ...

(અનુસંધાન : પાના નં. – ૩૪ ઉપરથી ચાલુ)

| | |
|---|---|
| કોર = કિનારી છેડેનો ભાગ | કૉર = રંગીન ભમરડો |
| ખો = કોશ (ખોદવાનું સાધન) | ખૉ = નાશ |

***કેટલાક વ્યંજનોના વિશિષ્ટ ઉચ્ચાર :***

ગ. જ. ડ.

કચ્છીમાં ગ ના બે પ્રકારે ઉચ્ચાર ગ અને ગ. અગ્ર કંઠ્યા

| | |
|---|---|
| ગજર = ગાજર (કંદ) | ગિ.ચી = ગળચી |
| ગડલ = રમકડાંની ગાડી | ગ.લ = વાત |

કચ્છીમાં જ ના પણ બે પ્રકારે ઉચ્ચાર – જ અને જ. અગ્ર તાલવ્ય.

| | |
|---|---|
| જખ = યક્ષ | જા.મ = રાજા, મુખી |
| જંધર = ઘંટી | સિજ. = સૂરજ |

'ળ'નો ઉચ્ચાર કચ્છીમાં દેખાતો નથી. તેના બદલે હિંદી 'ડ.' જેવો ઉચ્ચાર થાય છે તો 'ર'નો 'ળ', 'લ'નો 'ળ' થાય છે.

ઙ. ઞ – કચ્છીમાં અનુનાસિક ઙ. અને ઞ નો ઉપયોગ છે.

***ઉદાહરણ :***

| | |
|---|---|
| અઙ = અંગ | આઞણ = કાજળ |
| મુઙ = મગ | જઞ = જાન (લગનની) |

શ, ષ = 'સ'.

કચ્છીમાં એક જ 'સ' વપરાય છે. જેમાં 'શ' 'ષ' સમાવિષ્ટ થઈ જાય છે.

કચ્છી દૃશ્ય બોલીમાં દ શ ષ ળ ક્ષ જ્ઞ નો ઉપયોગ જોવા મળતો નથી.

કચ્છીમાં સમાનાર્થી - પર્યાયવાચી શબ્દો સારા પ્રમાણમાં પ્રાપ્ય છે અને એકાક્ષરી શબ્દો તો કચ્છીની શોભા છે.

***સંદર્ભ :***

(૧) 'कच्छी भाषा : साहित्य एवं विकास' લેખ-૫ ટૂંકાવીને, કચ્છી સાહિત્ય અકાદમી ગાંધીનગર - પ્રકાશક. (૨૦૧૭)

(૨) 'અચૉ સિખોં કચ્છી' વિવેકગ્રામ. વી.આર.ટી.આઈ. માંડવીનું પ્રકાશન (૨૦૧૮) ટૂંકાવીને.

## અદ્‌ભુત સત્ય

***જગતની મોટા ભાગની મહિલાઓના નામનો છેલ્લો અક્ષર A, L અથવા I હોય છે. વિશ્વાસ ન હોય તો ચેક કરી લો.***




# કચ્છી લોકબોલી – ઉચ્ચરિત ઢબ – સ્વરૂપ - પ્રાદેશિક જ્ઞાતિગત સંસ્પર્શ

નારાયણ જોશી 'કારાયલ'

'બારેં ગાઉએ બોલી ભધલે' આ કચ્છી કહેવત અનુસાર સ્થાન - અંતર, જ્ઞાતિ-સમાજ, ગ્રામ્ય અને શહેરી વિસ્તાર વ્યવસાય - શિક્ષણનો વ્યાપ તથા દેશ વિદેશો સાથે સદા જીવંત સંપર્કોના કારણે આફ્રિકા, ગલ્ફ વિસ્તાર અને કરાંચી સહિત વિશ્વના ઘણાબધા દેશોમાં મુંબઇ અને બૃહદ્ કચ્છમાં, સૌરાષ્ટ્રના તટીય વિસ્તાર - બેડી - જામનગરના સીદી - કચ્છીઓમાં તેમજ સ્થાનીય કચ્છમાં પણ વિવિધ ક્ષેત્ર અને સરહદીય વિસ્તારોમાં બોલાતી કચ્છીના ઉચ્ચરિત સ્વરૂપમાં થોડો ઘણો તફાવત જરૂર પડતો હોય છે. કિંતુ આ ફરક પારસ્પરિક સમજમાં બાધક ન બનતાં બોલીને લાલિત્ય બક્ષે છે, સમૃદ્ધ બનાવે છે.

પ્રાદેશિક દૃષ્ટિથી - સ્વયં કચ્છીઓએ જ કચ્છના વિશિષ્ટ વિસ્તારોનું પ્રત્યેક વિસ્તારની પરખ અનુસાર - પરંપરાથી નામાભિધાન કરેલું છે. જેમકે વાગડ, માકપટ, ક્રંગ પટ, બન્ની, પાવર પટ, કંઠી પટ, મોડાસો - અબડાસો, પચ્છમ વગેરે...

પ્રતિષ્ઠિત સર્જક લાલજી નાનજી જોષી વિસ્તારગત નામોને દર્શાવતા લખે છે :

***"ક્રંગ માક, પાવર, બન્ની - વાગડ વરી ખાસ;***
***ડટ્યો પ્યો આય ઉતે કાછે જો ઈતિહાસ."***

પૂર્વ કચ્છ વાગડના તાલુકા રાપર - ભચાઉ વિસ્તારમાં વિશિષ્ટ ઉચ્ચાર અને કચ્છી શબ્દોથી મંડિત ગુજરાતી ભાષાનું ચલણ છે. આ વિસ્તારના આહીર, ઓસવાલ જૈન, પાટીદાર અને ભરવાડો તેમજ દરબારોની ભાષા ગુજરાતી - કચ્છી - રાજસ્થાની વગેરે ભાષાઓના શબ્દોને સ્વીકારીને પ્રવાહિત થાય છે.

જ્ઞાતિગત દૃષ્ટિથી બ્રાહ્મણ, ક્ષત્રિય, મહાજન તથા લોકવર્ણની ભાષાના ઉચ્ચરિત સ્વરૂપમાં થોડો તફાવત જોવા મળે છે.

રાજગોર, સારસ્વત, પુષ્કર્ણા બ્રાહ્મણ કચ્છી ભાષી છે. પુષ્કર્ણા અનુસ્વાર યુક્ત ભાષાનો પ્રયોગ કરે છે. જેમ કે....

રાજગોર - સારસ્વત વગેરે કહેશે : 'છોકરિયૂં અચેંત્યું'

પુષ્કર્ણા કાયસ્થ વગેરે કહેશે : 'છોકરિયૂં અચન્ત્યું'

કાયસ્થ જ્ઞાતિની ભાષા રાજસ્થાની - મારવાડી વગેરેના શબ્દો સ્વીકારે છે.

પરજીયા બ્રાહ્મણ વિસ્તાર અનુસાર કચ્છી - ગુજરાતી બાષી છે.

પૂર્વ કચ્છના ક્ષત્રિય ગુજરાતી બોલે છે. બાકી સમગ્ર કચ્છના ક્ષત્રિય ખાસ કરીને જાડેજા - વગેરે ક્ષત્રિયોની પિતૃભાષા કચ્છીના ઉચ્ચારોમાં પ્રદેશગત ફરક જોવા મળે છે.

***મૂળ વાક્ય*** : મૂઙ ગિની અચોં
વિઞણૂં નાંય?

***ફરક*** : મૂંગ ગિની અચો.
વિનણૂં નાંય?

મહાજન વર્ણ : લોહાણા, ઓસવાલ જૈન, ભાટીયા, સોની - સુવર્ણ કાર, માંડલિયા, વાયડા મહેશ્વરી, બ્રહ્મક્ષત્રિય - ખત્રી (હિંદુ મુસ્લિમ) વગેરે સામાન્ય રીતે વ્યાપાર અને ધંધાદારી છે. સુશિક્ષિત અને પ્રશિષ્ટ કચ્છીભાષી છે.

લોહાણા મહાજનની કચ્છી પર વિસ્તારની અસર નોંધપાત્ર છે. જેમ કે –

પશ્ચિમ કચ્છમાં મૂંજો ભા અચેતો. ગાલ ચાં.

ભુજ-પૂર્વ કચ્છમાં મોયો ભા અચે તો. વાત ચાં.

લોક વર્ણ : ભાવસાર, આહિર, ભાનુશાલી, મેઘવાળ, ભડાલા, ખારવા, વાઢા (હિંદુ મુસ્લિમ), ભીલ, ચારણ - ગઢવી, સુતાર વગેરે જ્ઞાતિઓની માતૃભાષા કચ્છી અથવા પોતાની વિશિષ્ટ ભાષા છે. વિશિષ્ટ (કચ્છી) ભાષા ભાષી : આહિર પ્રાંથડિયા, મચ્છોઇયા, સોરઠિયા, બોરીચા અને ચારણોમાં તુબેલ - કાછેલા ખાસ છે.

*જ્ઞાતિગત એક વાક્ય પ્રયોગ :*

હું કઠોર મહેનત કરીને પાક તૈયાર કરૂં છું.

***આહિર-પ્રાથડિયા :*** હૂં ચિક્કાર ટીંધી મનથ કરૂને મોલ તૈયાર કરતો હાં.

***બોરીચા :*** મોં ઘણી મેનત કરૂં ને પાક ઊભો કરાંતો.

***મચ્છોયા :*** સોરઠિયા આહિર ગુજરાતી છ નો 'શ' પ્રયોગ કરીને 'મહેનત કરૂં શું' પ્રમાણે ઉચ્ચાર કરે છે.

***ગઢવી-ચારણ-તુંબેલ :*** હું મેનત કરે નેં પાક તૈયાર કરાંતો.

પશ્ચિમ કચ્છમાં લેઉવા, કડવા પાટીદાર, ગૂર્જર જૈન, ગૂર્જર લુહાર વગેરે જ્ઞાતિઓનો પારસ્પરિક વ્યવહાર ગુજરાતી હોવા છતાં પણ કચ્છીની છાયા સ્પષ્ટ દેખાય છે. જેમકે –

મૂળ વાક્ય : મારા છોકરાને ખાંસી થઈ છે.

પાટીદાર : મારા દીકરાને ખંગ થઇ છે.

ગૂર્જર : મારા દીકરાને ખંગ થઈ છે.

અહીં 'ખંગ' શબ્દ પ્રયોગ સરખો છે. ગૂર્જર જૈન 'નાના અંગીઆ'નો ઉચ્ચાર 'નાંઢા અંગીઆ' કરે છે. અહીં કચ્છીની અસર સ્પષ્ટ થઇ જાય છે. નિંઢો - નાંઢો – કચ્છના દશનામ - કાપડી વગેરે મિશ્રભાષી છે. કચ્છી ભાષી શિષ્ટ કચ્છી બોલે છે.

ડુમરાથી રામપર અબડા વિસ્તારની કચ્છી મહત્તમ શુદ્ધ, રામપર અબડાથી લખપતની ભાષાના ઉચ્ચરિત સ્વરૂપમાં ફરક અને નખત્રાણા વિસ્તારના મારવાડા (દલિત) અને મહેશ્વરી (દલિત)ની ભાષાના વિશિષ્ટ ઉચ્ચર છે. દાખલા તરીકે :

મૂળ વાક્ય : અમે ભુજ જસું.

ડુમરા વડાલા વિસ્તાર : પાં ભુજ હલબો - વેલો

વડાલાથી વાગડ : પાં ભુજ હલનાંઇ.

પશ્ચિમ કચ્છ : પાં ભુજ હલંધાસીં.

પશ્ચિમ કચ્છના 'કોલી' શબ્દને દબાવી દબાવી અને વિરામ લેતાં લેતાં વાક્ય બોલે છે. જેમ 'મૂં... ગાલ ત કઇ... હૂઈ' અહીંના મુસ્લિમ, દલિત, ભાનુશાલી વગેરે વાક્યના અંતે 'અ' ભારપૂર્વક બોલે છે. દા.ત. પએ, વેઅ વગેરે.

ભુજના ઉત્તર વિસ્તાર, લોરિયા - નિરોણા, બન્ની, પચ્છમ વિસ્તારના મુસ્લિમ - સિંધી ભાષાના ઉચ્ચાર સ્વરૂપને સ્વીકારે છે. 'હું પશુપાલક છું. પશુધન મારી જાન છે.' વાક્યને ખાસ કરીને બન્ની પચ્છમમાં 'આંઉ માલધારી આંઇયાં. માલ મૂંઇજી જાન આહે.' જેવા સિંધી સ્વરૂપમાં પરિવર્તિત થતું જોવા મળે છે.

કચ્છી દ્વિલિંગી છે. એકાક્ષરી શબ્દોથી મંડિત છે. સમાનાર્થી પર્યાયવાચી શબ્દ લગભગ તમામ- દરેક શબ્દ માટે પ્રાપ્ય છે.

વાક્ય રચનાની વૈવિધ્યતા જ્ઞાતિગત - વિસ્તારગત પ્રચૂર છે. જેમકે 'ખાશું'ના વિવિધ સ્વરૂપ :

ખેંધા સૂં – ખેંધા સીં

ખેંનાઇ – ખેબો.

અમિતાભ બચ્ચન 'શોલે'માં 'अमां... कभी तो मेरी बात माना करो' અહીં 'अ...मां'નો તાત્પર્ય જે કંઈ હોય, આ તાત્પર્યને કચ્છીમાં દર્શાવવાના પ્રયત્ન સ્વરૂપ થોડા વાક્ય....

અડે કડેકતાં મૂંજી ગાલ મઞ્

ભિણ્યાસ કડેકતાં મૂંજી ગાલ મઞ્

ભિણ્યા કડેકતાં મૂંજી ગાલ મઞ્

ધીયાં કડેકતાં મૂંજી ગાલ મઞ્

ઍય કડેકતાં મૂંજી ગાલ મઞ્

ઓડે કડેકતાં મૂંજી ગાલ મઞ્

શાહ અબ્દ તલીફ ભિટાઈ સાહેબનાં 'શાહજો રીસાલો'માં ભાષા પ્રયોગ કર્યો છે એવી 'સિંધી-કચ્છી' કચ્છમાં જત, ફકીરાણી જત વગેરે બોલે છે. જેંડી સૂરત સિજ તેંડી મૂરત મારવી.

★

કચ્છી : ખાસ ઉચ્ચાર, બોલછા.

કચ્છી જૂની અને ભાષકોની ભાષા ભાવનાથી ટકેલ અડિખમ બોલી છે. એકાદ હજાર વર્ષ પહેલાથી બોલાતી આવતી આ ભાષા - બોલીનો લેખિત આધાર લોકકથાઓમાં તેમજ જામ લાખા ફુલાણી (સં. ૯૩૬થી ૧૦૩૫)ના મોઢામાં રાખી કવિરાજ માવલ દાન ચારના દુહા છે.

*લાખો ચેંતો બેલિયા મૂંકે કાછે ડીજા ધાગ*
*માન ઉધરકી ઉથીયાં સુણી સીંધૂડો રાગ.*

કચ્છી ભાષાનો મિજાજ ખાસ છે અને વિશિષ્ટ ઉચ્ચારોની ટૂંકી મીઠી તાસીર છે.

કચ્છી ભાષક ખાસ ઉચ્ચારોને સહજ બોલી શકે પણ જ્યારે વાંચવા લખવાની વાત આવે ત્યારે લખાણ પ્રમાણે જ વંચાય તે સહજ છે. કચ્છીકાનની 'શ્રવણ સાધ્ય ભાષા' છે.

અહીં એક સ્પષ્ટતા જરૂરી છે. કચ્છીની લિપિ ગુજરાતી જ સ્વીકારાઈ ચૂકી છે. કચ્છીની તાસીર ટૂંકમાં ઝાઝું કહેવાની - લાઘવપ્રિય છે.

હિંદીની જેમ જ કચ્છી બે 'લિંગ' જાતિ અપનાવતી ભાષા છે.

કેટલાક પોતીકા કચ્છી ઉચ્ચાર :

'ઇ - અિ' હસ્વ સંવૃત્ત વધારે સાંકડો

'ઇ - ઔી' દીર્ઘ વિવૃત્ત

કચ્છીમાં 'એ', 'ઓ'ના સાંકડા પહોળા ઉચ્ચાર થાય છે અને આ ઉચ્ચારભેદનાકારણે શબ્દોના અર્થ પણ બદલાય છે. ઉદાહરણ :

કેર = કોણ     કૅર = જુલ્મ, ક્યારે

છેલ = વહેળો     છૅલ = સ્ફુર્તિલું, ચોખ્ખું


ઓ - ઑ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૨ ઉપર)




ડાયટ - ભુજનો એરિયા બેઝ અને નીડ બેઝ કાર્યક્રમ

# કચ્છી ભાષા તાલીમ કાર્યક્રમ



સંજય પી. ઠાકર

● **પ્રસ્તાવના :**

ભાતીગળ લોકસંસ્કૃતિ અને વિશિષ્ટ ભૂરચના ધરાવતો ભારત દેશનો વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો કચ્છ જિલ્લો ૪૫,૬૧૨ ચો.કિ.મી. જેટલો વિસ્તાર ધરાવે છે. જે સમગ્ર ગુજરાત રાજયના ૨૪ ટકા જેટલો ભૂભાગ છે. અહીંના લોકોની આગવી ભાષા – બોલી છે કચ્છી. એક અંદાજ મુજબ અહીં ૬૦ ટકા લોકો કચ્છી ભાષામાં વ્યવહાર કરે છે, જ્યારે પંચાયતી પ્રા. શાળાઓમાં જે શિક્ષકો ફરજ બજાવે છે તે બહુધા અન્ય જિલ્લાના વતની છે અને કચ્છી ભાષાથી પરીચિત હોતા નથી. ઘણીવાર એવું બને છે કે, શિક્ષક જ્યારે ગુજરાતીમાં (અને તે'ય પોતાની જુદી પ્રાંતીય લઢણમાં) શિક્ષણકાર્ય કરે છે ત્યારે કચ્છી જેની માતૃભાષા છે તેવા નિમ્ન પ્રાથમિક બાળકો પૂરું સમજી શકતા નથી, વિગતો ગ્રાહ્ય કરી શકતા નથી અને વિદ્યાર્થીઓ જે કહે છે તે સમજી શકતા હોતા નથી. પરિણામે બાળકનો શાળા અને શિક્ષણમાંથી રસ ઘટી જાય છે. તેને શાળામાં 'પરાયું' વાતાવરણ લાગે છે. શિક્ષણની અસરકારકતા અવરોધાય છે. શિક્ષકો, વાલીઓ અને શિક્ષણ ક્ષેત્રના વિદ્વાનોના એવાં અભિપ્રાય રહ્યા છે કે, પ્રારંભિક શિક્ષણના જુદા જુદા વર્ગ શિક્ષણ કાર્યમાં પ્રાદેશિક બોલી - કચ્છી ભાષાનો ઉપયોગ કરવો જોઈએ. સ્થાયીકરણ અને ગુણવત્તા સુધારણા માટે કચ્છી ભાષાના ઉપયોગ સહિતનું શિક્ષણ કાર્ય સરસ, સરળ અને સહજ બની રહે. આ વાતને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (એન.સી.એફ.) તેમજ શિક્ષણના અધિકાર (આર.ટી.ઈ.)માં પણ સ્વીકારવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦માં પણ આ બાબત પર ભાર મૂકાયો છે.

● **નવતર અને વિશિષ્ટ તાલીમનો આરંભ :**

કચ્છી ભાષાના વિદ્વાનો અને શિક્ષણવિદ્દો સાથે ચર્ચા વિચારણાને અંતે કચ્છી ભાષા તાલીમનું માળખું ઘડી કઢાયું હતું. જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજે આ નવતર અને વિશિષ્ટ તેમજ એરિયા બેઝ - નીડ બેઝ તાલીમનો પ્રારંભ ૪થી ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ શ્રી ઈશ્વર આશ્રમ - વાંઢાય (દેશલપર) તા. ભુજના રળિયામણા વાતાવરણમાં કરવામાં આવ્યો હતો. આ તાલીમમાં જોડાયેલા શિક્ષકોને પ્રયોગરૂપ તાલીમ આપવામાં આવી અને ૧૫ દિવસ રહીને તેમના પ્રતિભાવ લેવામાં આવ્યા. આ પ્રતિભાવ અને સૂચનોને ધ્યાનમાં લઈ, તાલીમ કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો. કચ્છી ભાષા પ્રારંભિક છ દિવસ માટે અપાય છે. આ તાલીમમાં રોજિંદા જીવન વ્યવહાર અને શાળા કક્ષાએ ઉપયોગી વાક્યો, ધોરણ ૧ થી ૪ ના પાઠ્ય પુસ્તકના શબ્દો - વાક્યોના શબ્દાર્થ અને ભાવાનુવાદ, 'કચ્છી પાઠાવલિ' તાલીમ મોડ્યુલ અનુસાર ભાષા શીખવાના ક્રમિક સોપાનો, કચ્છી પદ્ય સાહિત્ય, કચ્છી બાળગીતો, વ્યવહારિક વ્યાકરણ, કચ્છી શબ્દો - વાક્યો સહિતના નિદર્શન પાઠ અને અભ્યાસ કસોટી સહિતના મુદ્દા આવરી લેવાય છે. છ દિવસની તાલીમ મેળવનાર શિક્ષકને ચાર કે છ મહિના પછી બે દિવસની રીફ્રેશર તાલીમ માટે બોલાવાય છે. આ તાલીમમાં વ્યવહારુ ઉપાર્જન, મહાવરા અને અભિવ્યક્તિ પર ખાસ ભાર અપાય છે.

● **આવરી લેવામાં આવતા વિસ્તાર - તાલુકા અને લાભાર્થી જુથ :**

જ્યાં કચ્છી ભાષાનું ચલણ વધારે છે તેવા પોકેટ્સ ધરાવતા આઠ તાલુકા (ભુજ, માંડવી, મુંદ્રા, અંજાર, ગાંધીધામ, અબડાસા, નખત્રાણા અને લખપત)માં આ તાલીમના વર્ગો નિયમિત રીતે યોજાતા રહ્યા છે. ભચાઉ અને રાપર તાલુકામાં કચ્છી ભાષાનું ચલણ, કચ્છી ભાષી વસતી નહિંવત્ હોવાથી ત્યાં આ તાલીમ કાર્યક્રમ અમલી બનાવાયો નથી. પ્રારંભે આ તાલીમ પ્રકલ્પમાં ધોરણ ૧ થી ૫ માં કામ કરતા શિક્ષકોને જોડવામાં આવ્યા હતા. તે પછી ધોરણ ૬ થી ૮ માં નિમણુંક પામતા શિક્ષકોને પણ આ તાલીમની જરૂરિયાતની માંગણી કરતા તેમને પણ છેલ્લા ચાર વર્ષથી આવરી લેવામાં આવે છે. તેથી લાભાર્થી જુથ તરીકે ધોરણ-૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ના શિક્ષકો પણ છે. ૨૦૦૨થી ૨૦૨૧ સુધીમાં પાંચ હજાર જેટલા શિક્ષકોને આ તાલીમમાં આવરી લેવાયા છે.

આ તાલીમના તજજ્ઞો તરીકે કચ્છી ભાષાના નિષ્ણાત અને લેખક એવા પ્રા. શિક્ષકો કામગીરી સફળતાપૂર્વક સંભાળે છે. તેમના માટે માસ્ટર ટ્રેનર્સની તાલીમ બે વખત યોજવામાં આવી છે. કચ્છી બાળગીતો અને દેશ ભક્તિના ગીતોની ઓડિયો કેસેટ ડાયેટ - ભુજે નિર્માણ કરી શાળાઓ સુધી પહોંચાડી છે અને ઓડિયો સી.ડી. સંસ્કરણ ૨૦૧૨માં કર્યું છે.

● **કચ્છી ભાષા તાલીમના હેતુઓ :**

★ (પ્રારંભિક ધોરણો (૧ થી ૫)ના કચ્છી ભાષી વિદ્યાર્થીઓ

અને શિક્ષકનું અસરકારક પ્રત્યાપન સ્થાપિત કરવા.

★ શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે આંતરક્રિયા ઝડપી અને સુચારુ બને.
★ વર્ગ શિક્ષણકાર્ય અપેક્ષિત સિદ્ધિકક્ષાવાળું બને.
★ વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોની આત્મિયતા વધે.
★ વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગ્રામ્ય સમુદાય સાથે શિક્ષક નિકટતા કેળવી શકે.
★ નાના ધોરણોના બાળકોને શાળા 'પોતીકી' લાગે અને શાળામાં આવવું ગમે.
★ વસતી ગણતરી, ચૂંટણી, મતદાર યાદી જેવી કામગીરી અને લોકસંપર્ક – વાલીસંપર્ક વખતે સ્થાનિક ભાષાની આવડત કારગર સાબિત થાય.

● **કચ્છી ભાષા તાલીમના પ્રતિભાવો :**

કચ્છી ભાષાની તાલીમ કચ્છ જિલ્લાના શિક્ષકોની જરૂરિયાત બની ગઈ છે. આ તાલીમના લેખિત અને મૌખિક પ્રતિભાવો સાંપડ્યા છે તેમજ ડાયટ - ભુજના વ્યાખ્યાતાઓએ ક્રિયાત્મક સંશોધનો હાથ ધર્યા છે તેના પરિણામો - તારણો પ્રોત્સાહક પ્રાપ્ત થયા છે. તાલીમ મેળવનાર શિક્ષકો જણાવે છે તેમ –

★ શિક્ષકો બાળકોની નૈસર્ગિક ભાષા સમજી શકે છે.
★ બાળકો સાથે સરળતાથી વાતચીત કરી શકાય છે અને નિકટતા કેળવી શકાય છે.
★ તાલીમ ખૂબ મહત્ત્વની છે અને નિમણુંક સાથે જ અપાવી જોઈએ.
★ શિક્ષકો અને બાળકો વચ્ચે ખૂબ જ સમજપૂર્વક, સહકારભર્યો વ્યવહાર થવા લાગ્યો. બાળકો શિક્ષકના વિચારોને સમજવા લાગ્યા.
★ બાળકો સાથે સાયુજ્ય - સમન્વય સાધવા આ પ્રાદેશિક બોલીની તાલીમ ઉપયોગી છે.
★ પહેલા બેધ્યાન રહેતા બાળકો કચ્છી ભાષાના ઉપયોગ પછી ધ્યાનથી અભ્યાસ કરે છે. ટુંકમાં બાળકોને શિક્ષણાભિમુખ કરવા આ – કચ્છી ભાષાની સમજ – અસરકારક હથિયાર છે.
★ સમજ અને અર્થગ્રહણની અસરકારકતા વધી છે.
★ બાળકો શિક્ષકો સાથે ખુલ્લા દિલે વાત કરે છે અને પોતાની મુશ્કેલી જણાવે છે.
★ બાળકો સાથે આત્મિય નાતો બંધાય છે.
★ બાળકો ત્વરિત જવાબ આપે છે, પ્રતિઘોષ મળે છે.
★ ગામલોકોને શિક્ષક પોતાનો લાગે છે.
★ શિક્ષણકાર્ય સિવાયની કામગીરી જેવી કે વસતી ગણતરી, વાલીસંપર્ક, ચૂંટણી અને અન્ય કાર્યક્રમો વખતે કચ્છી ભાષાનું જ્ઞાન ખપ લાગે છે.

● **કચ્છી ભાષા ઓનલાઇન કોર્સ :**

૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ – વિશ્વ માતૃભાષા દિને જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગરની પ્રેરણાથી મહારાણીશ્રી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ દ્વારા કચ્છી ભાષાનો ઓનલાઈન તાલીમ કોર્સ ભારતના શિક્ષણ મંત્રાલયના વિદ્યાદાન પ્રકલ્પ હેઠળ 'દીક્ષા' પોર્ટલ પર મૂકવામાં આવ્યો છે. પાંચ પ્રકરણમાં વિભાજિત આ ઓનલાઇન કોર્સમાં કચ્છી શીખવા માટે વીડિયો, પી.પી.ટી., પી.ડી.એફ. મૂકવામાં આવેલ છે. કોર્સ ડાયરેક્ટર ડૉ. રક્ષાબેન ઉપાધ્યાયના માર્ગદર્શનમાં કચ્છના ૧૯ જેટલા પ્રા. શિક્ષકોએ તજજ્ઞ અને પરામર્શક તરીકેની ભૂમિકા અદા કરી હતી. ત્રણ વિદ્વાન ડૉ. દક્ષાબેન મહેતા, રવિભાઈ પેથાણી 'તિમિર' અને ગૌતમભાઈ જોશી સમીક્ષક રહ્યા હતા.

***પ્રાચાર્ય, મહારાણીશ્રી ગંગાબા સાહેબ***
***જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજ, કચ્છ.***
***મો. ૯૪૨૯૮ ૧૯૪૫૩***

## મીઠી મધુરી કચ્છી ભાષાનો એકાક્ષરી સંવાદ

**કચ્છી બોલીની વિશેષતા : જુઓ પ્રશ્ન – જવાબ**

| | |
|---|---|
| ✦ અહીં બેસું? | **વૅ** (બેસ) |
| ✦ ઘરે દુઝાણામાં શું છે? | **ગોં** (ગાય) |
| ✦ બીજું? | **મેં** (ભેંસ) |
| ✦ કોણ દોહે છે? | **નોં** (પુત્રવધૂ) |
| ✦ દૂધ કેટલા લીટર મળે? | **વી** (વીસ) |
| ✦ અગાઉ દૂઝણામાં શું હતું? | **પોં** (બકરી) |
| ✦ દૂધ પૂરતું લાગે છે? | **ધ્રો** (સંતોષકારક) |
| ✦ એક વાત પૂછું? | **ચો** (કહે) |
| ✦ બાળકો કેટલા છે? | **નોં** (નવ) |
| ✦ બસ? | **કીં** (કેમ?) |
| ✦ રસોઈ કોણ બનાવે? | **ધી** (દીકરી) |
| ✦ વહેવાર કોણ સંભાળે? | **ભા** (ભાઈ) |
| ✦ છોકરાને કોણ સાચવે? | **પે** (બાપુજી/દાદા) |
| ✦ ઘરમાં કેટલા સભ્યો છે? | **ત્રી** (ત્રીસ) |
| ✦ કઈ મોસમથી ડરો છો? | **સી** (ઠંડી) |
| ✦ બીકને કચ્છીમાં શું કહેવાય? | **ધ્રા** (ડર) |
| ✦ કઇ મોસમ ગમે છે? | **મીં** (વર્ષાઋતુ) |
| ✦ ભલે ત્યારે હું રજા લઉં? | **હો** (ભલે) |

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

## વ્યક્તિ વિશેષ

### શ્રી જયંતી જોશી 'શબાબ'

વિશ્વ કચ્છી ભાષા દિવસની નિમિત્તે કચ્છી સાહિત્યકાર 'કચ્છમિત્ર'ની 'ધિલજી ગાલીયું' કોલમથી ઓળખ ઊભી કરનાર કચ્છી ભાષકો સાથે આત્મીય સંબંધ ધરાવનાર શ્રી જયંતી જોશી 'શબાબ'ને આ વર્ષના સ્વ. દુલેરાય કારાણી પારિતોષિકથી સન્માનિત કરવામાં આવેલ છે.

શ્રી શબાબની કોઈ એક ઓળખ નથી. ગુજરાતી, હિંદી, કચ્છી, સિંધી, અંગ્રેજી, સંસ્કૃત, અર્ધમાગધી, ઉર્દુ, મરાઠી ભાષાઓ પર પ્રભુત્વ ધરાવનાર વિદ્યાધર છે. તેઓ આ ભાષાઓમાં કવિતા - નિબંધ - ચિંતનાત્મક અનુવાદના માધ્યમ દ્વારા સ્વયં સ્ફુરિત લાગણીની સહજ અભિવ્યક્તિના માધ્યમ દ્વારા વાચકોના હૃદયમાં ઘુસી જાય છે. આટલું જ તેમને પર્યાપ્ત ન લાગતાં લોકોના ઘરમાં 'આકાશવાણી'ના માધ્યમથી ઘુસીને લોકો સાથે આત્મીયતા સાધી છે.

શ્રી શબાબ ભાષા પરના પ્રભુત્વના કારણે સ્વ. રાજીવ ગાંધીના દુભાષિયા તરીકે પણ પસંદગી પામેલ. આ બદલ તેમને સન્માનિત પણ કરવામાં આવેલ હતા. સાહિત્ય સંમેલન - પ્રયાગ દ્વારા (રાજભાષા) સમિતિએ રાજભાષાના શ્રેષ્ઠ કાર્ય કરવા બદલ આકાશવાણી ભુજ 'મહિમા પંડિત'ના બિરૂદથી સન્માનિત કરેલ. તેઓએ આકાશવાણી પર 'ગાંધી જીવનધારા'ની શૃંખલાના માધ્યમ દ્વારા ગાંધીજીની વાચિક અભિવ્યક્તિએ અનેરી ઓળખ ઊભી કરી હતી.

આવા બહુઆયામી પ્રતિભાએ કચ્છી અસ્મિતાને જુદા જુદા ભાષાના માધ્યમથી બુલંદીએ પહોંચાડનાર સહૃદયી કવિ અને અજાતશત્રુને અભિનંદન. ■

## વ્યક્તિ વિશેષ

### શ્રી નારાયણભાઈ જોશી 'કારાયલ'

'કચ્છી ભાષા'ને ગૌરવ અને સન્માન અપાવનાર, કચ્છના વિગોડી ગામમાં જન્મ થયેલ અને વ્યવસાયે શિક્ષક. શિક્ષણની પાંખ સર્વત્ર કચ્છમાં ફેલાવનાર 'કારાયલ'ની ઓળખ 'કચ્છી ભાષા'ના સંવર્ધનના સૂત્રધાર તરીકે કચ્છી ભાષકોના હોઠે અને હૈયે કોતરાયેલ છે. કચ્છી ભાષાના સંવર્ધન અને સંરક્ષણમાં ભારત સરકારે ૨૦૨૦નો સર્વોચ્ચ સન્માનિત એવોર્ડ 'પદ્મશ્રી'થી સન્માન મેળવનાર પ્રથમ કચ્છી માડુ છે.

શ્રી નારાયણભાઈ માતૃભાષાનો વિકાસ થાય તે માટે કચ્છી સાહિત્ય કલા સંઘની સ્થાપના કરેલ. એ આ સંસ્થાના માધ્યમથી તેમણે કચ્છી ભાષાનું શિક્ષણ સરળતાથી કચ્છી દ્વૈ-ભાષિક બાળકોને આપી શકાય તે માટે 'કચ્છી પાઠાવલી'ની રચના કરી અને ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ (G.C.E.R.T.)ના સહયોગથી કચ્છના શિક્ષણનું પ્રશિક્ષણની કામગીરીનો આરંભ કર્યો.

શ્રી નારાયણભાઈ શિક્ષક હોવા ઉપરાંત રાષ્ટ્રવાદી ભાવના, સમાજ સુધારક અને મિતભાષી શિક્ષક તરીકે નામના મેળવેલ છે. યુગ પુરૂષ માનવ તથા શિક્ષકને કોટિ કોટિ વંદન. ■

*ચીજવસ્તુઓ બનાવવી, પણ તેને પાળવી નહીં,*
*સર્જન - ઉત્પાદન કરવું, પણ તેનો કબજો ના મેળવવો,*
*કાર્ય કરવું, પણ પોતાની કાર્યશક્તિ પર ફિદા ન થવું*
*આગળ ચાલવું, પણ સૂત્રધાર બની ન જવું*
*– આ જ ગહન અને ગુપ્ત સદ્‌ગુણ છે.*

***સૌજન્ય : "તાણાવાણા – ૧૨"***

## 'કચ્છી ભાષા ઓનલાઇન તાલીમ કોર્સ' DIKSHA પોર્ટલ પર

તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ને 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિને' જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગરની પ્રેરણાથી મહારાણીશ્રી ગંગાબાસાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - ભુજના પ્રાચાર્ય શ્રી સંજયભાઈ ઠાકર અને કોર્સ ડાયરેક્ટર ડૉ. રક્ષાબેન ઉપાધ્યાયના માર્ગદર્શન થકી 'કચ્છી ભાષા ઓનલાઇન તાલીમ કોર્સ' ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના ઓનલાઈન તાલીમ પોર્ટલ DIKSHA (ડિજીટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફોર નોલેજ શેરિંગ) – ઓનલાઇન લોન્ચ કરીને લીંક સાર્વજનિક કરવામાં આવી.

પ્રવર્તમાન સમયમાં કચ્છી ભાષાની ઓફલાઈન તાલીમ યોજાઈ શકે તેમ શક્ય ન હતું. સાંપ્રત સમયમાં નૂતન પ્રવાહમાં ઓનલાઇન કોર્સીસનું મહત્ત્વ હોવાથી તેમજ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં સૂચવ્યા મુજબ સ્થાનિક ભાષાને શિક્ષણ સાથે સાંકળવા ખૂબ મહત્ત્વ આપવામાં આવેલ હોવાથી ડાયટ - ભુજએ 'કચ્છી ભાષા ઓનલાઇન તાલીમ કોર્સ' તૈયાર કર્યો.

આ કોર્સ જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગરની વેબસાઈટ તેમજ યુ-ટ્યુબ અને વિવિધ બ્લોગ્સ પર પણ ઉપલબ્ધ છે. આ કોર્સ DIKSHA પોર્ટલ પર ત્રણ મહિના સુધી ઉપલબ્ધ રહેશે. આ ઓનલાઇન કોર્સ નીચે આપેલ લીંક પરથી જોઈન કરી શકાશે.

https://diksha.gov.in/explore–course/course/do_3134666219476992001513?referrer=utm_source%3Dmobile%26utm_campaign %3Dshare_content

વાત મેળો

# ચાંદલો

ચાર્વી ભટ્ટ

મહા મહિનાના દિવસોમાં રાજીબાઈની આવક ઘરના પાંચ પેટને એકલે હાથે પાડી શકે એવી હતી. પણ કાળમુખો લોકડાઉન તેના અભાગણા ભાઈને લઈને જ જંપ્યો. એટલેથી શાંતિ ન વળી કે બીજી બાજુ રાજીનો વેપાર પણ ઠપ્પ થઇ ગયો હતો.

'કેમ આપ્યા ચાંદલા?' વિશાખાએ પૂછ્યું.

ઓઢણીનો છેડો સરખો કરતાં મોમાં રહેલી બજરની થૂંક ફેંકી નવોઢા તરફ નજર કરતાં રાજીએ કહ્યું, 'લઈ લે, દસના સાત.'

'તે આવડા મોંઘા?' કહી તેણે પેકેટ જમીન પર ઘા કર્યું. રાજી પોતાના સોડ પર પડેલા ઘા પરના ચાઠામાં માખીથી છુટકારો મેળવવા તેના પર પાણી લગાવવા લાગી.

આજે જો એક પૈસાની પણ આવક ન થઈ તો? વિચારતા તેને માનો ઉંબરે ઉભીને ઘાંટો પાડતો સાદ કાને પડઘાવા લાગ્યો. 'યાદ રાખજે, એક પૈસાની આવક ન થઈ તો ભાંગી નાખીશ. આજે યાદ છે ને? તારો ચાંદલો છે.' આસપાસના અવાજોથી તેને પરિસ્થિતિનો અજવાસ થયો હોય એમ તે અસ્તવ્યસ્ત વસ્તુ ગોઠવવા લાગી. આમેય લોકડાઉને તેના રોજીંદા ઘરાક પણ છીનવી લીધા હતા. તે સુમ્મીને યાદ કરતી હતી ને જાણે અચાનક એ જ દેખાઈ હોય એમ તેને મોટેથી ઊભા થઈ સાદ પાડ્યો, 'એ સુમ્મી...'

પાછળ જાણીતો અવાજ કાને પડતાં સુમ્મીએ અજાણી દિશા તરફ અંગ મરોડ્યું અને રાજીને જોતાં આંખની કીકી બીજી દિશામાં ફેરવવા લાગી. પણ તે નજીક આવતી દેખાઈ એટલે આંખથી જ રાજીની શરણાગતિ સ્વીકારી. થોડીવાર બંને આંખથી વાત કરતા ત્યાં જ થંભી થઈ. સુમતિએ તરત એની આંખ પારખી લીધી અને તેના પગ રાજીની રેકડી તરફ ફંટાવા લાગ્યા.

'અરે આ... આવા કપડાં લોકડાઉન સે એટલે નો હેં?' રાજીને પોતાનું જૂનું ઘરાક મળતા બે પૈસાની આશા જાગી હતી એટલે તેને વાતોમાં અંતરાય ન આવવા દીધો. સુમતિ ઘડી બે ઘડી ચાંદલાની ડબ્બીમાં લીલો રંગ શોધતી હતી. પ્રતિક હંમેશાં કહેતો, લીલા ચાંદલામાં તું મારૂં તાજું સ્મૃતિવન છો. કહેતાં તે સુમતિને ભેટી પડતો.

રાજીનો હાથ સુમતિની આંગળીઓ પર પડતાં સઘડું ઝપાટભેર સાફ થઈ ગયું. તેણે પૂછ્યું, 'પણ તું કેમ આજે ખુશ છે?' સુમતિના મીઠા લહેકાથી રાજી શરમાઈ ગઈ. આમેય એનું કૌમાર્ય કહી આપતું હતું કે કશુંક છલકાય છે.

'અચ્છા તો તારી...' સુમતિ રાજીની મુખાકૃતિ પામી ગઈ હતી. તરત જ કહ્યું, 'અલી, વિચાર પછી કરજે આ ચાંદલાના પેકટ આપ અને બોલ જોઉં કેટલા થશે?' રાજીએ તરત ખોબો ભરી બધા પેકેટ બોક્સમાં ભેગા કરતી તે આપવા લાગી.

સુમ્મી સો ની નોટ આપતી હતી ત્યાં જ દૂરથી આવતી સાસુએ બૂમ પાડી, 'ત્યાં હવે શું ઊભી છે? જલ્દી કર, તારા ધણીનું તર્પણ કરવાનું છે. મોડું થાય છે.'

*અધ્યાપક સહાયક,*
*શ્રીમતી નિરંજના પંકજ મહેતા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ*
*રાપર, કચ્છ. મો. ૯૪૨૭૦ ૧૩૩૭૨*


**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે...**

| | |
|---|---|
| **એકાઉન્ટ નામ** | **: શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ** |
| **Account Name** | **: Shri Kutchi Jain Seva Samaj - Ahmedabad** |
| **બેંકનું નામ** | **: કેનેરા બેંક – પાલડી બ્રાંચ, અમદાવાદ** |
| **Bank Name** | **: Canara Bank, Paldi Branch, Ahmedabad.** |
| **A/C No. :** | **: 70072010016032 • IFSC : CNRB0017007** |

***જ્યારે પણ રકમ મોકલાવવામાં આવે ત્યારે તેની જાણ મેનેજરને વૉટ્સએપ નંબર : ૯૯૨૪૦ ૮૭૬૫૪ પર કરવી જરૂરી છે.***

વાત મેળો

# વેજલ



હંસરાજ કંસારા

***શ્રી હંસરાજભાઈ કંસારાના વાર્તા સંગ્રહ 'કોરી આંખનું કલ્પાંત' ની 'વેજલ' એ એક મહિલાએ કોખમાં આઠ મહિના સુધી પારકા પિંડનો ભાર સહ્યા પછી સંયોગવશ જે કર્યું તેની વ્યથા છે. મહિલાની આંતરવેદનાના સ્પંદનો સરળતાથી સરળ ભાષામાં મહિલાની આંતર વેદનાને વ્યક્ત કરે છે.***

અમાવસ્યાની રાતનો પાછલો પહોર હતો. ચોમેર ગાઢ અંધકાર વચ્ચે, શહેરની વિખ્યાત આશા હોસ્પિટલની બત્તીઓ ઝળહળતી હતી. આ હોસ્પિટલમાં સ્વીપર તરીકે નોકરી કરતી વેજલનો અપંગ પતિ રઘુ, એની કાંખઘોડી ઠપકાવતો, એના ક્વાર્ટરમાંથી બહાર આવ્યો. ઈમરજન્સી વિભાગ તરફ ઝડપથી જતી વેજલને આંબવા એ આગળ વધ્યો. વેજલ સીધી સ્ટાફ રૂમમાં ગઈ. એનો રઘવાટ જોઈ બધો સ્ટાફ એને ઘેરી વળ્યો. દરમ્યાનમાં રઘુ પણ ત્યાં આવ્યો. કોઈ એને કંઈ પૂછે તે પહેલાં જ એણે જાહેર કર્યું.

"વેજલ મને પાણી આપવા ઊઠી હતી. અંધારામાં મારા ખાટલા આડી પડેલી આ કાખઘોડીને ઠેબે એ પડી ગઈ."

રઘુના બોલ સાથે સરેલા નિશ્વાસમાં શરાબની દુર્ગંધ હતી.

"ઠીક છે, હવે તમે બહાર બેસો.' શિફ્ટ ઇન્ચાર્જ ડો. સુમાએ કહ્યું. "અમે વેજલની બરાબર સંભાળ લેશું."

ઘોડીને કોણીથી દબાવી રઘુએ ડૉક્ટરને હાથ જોડ્યા અને કચવાતે મને બહાર જઈ એક બેન્ચ પર બેસી ગયો.

ડૉ. સુમાએ વેજલને નખશીખ નિહાળી. એનાં કપડાં ખરડાયેલાં હતા. એની આંખોમાં ગભરાટ હતો. ઉત્તેજનાથી એનું શરીર કાંપતું હતું. બોલવાનો પ્રયાસ કરતાં એની જીભ લોચા વાળતી હતી. ડૉ. સુમાએ એના માથે હાથ ફેરવ્યો. આયાએ એને પાણી પીવડાવ્યું. થોડી વારે એ શાંત થઈ. સ્ટાફ નર્સ અને આયાએ એને જાળવીને ટેબલ પર સૂવડાવી. ડૉ. સુમાએ એની પ્રાથમિક જાંચ કરી. વેજલનું હૃદય અને એની કોખે પાંગરેલું લગભગ આઠ માસનું જીવન બરાબર ધબકતું હતું. પરંતુ ગર્ભાશય અને ઓળની સ્થિતિમાં કંઈક અસામાન્ય થયું હોવાનો ડૉ. સુમાને આભાસ થયો. વેજલનાં કપડાં પરનાં દાગ પણ, થોડો રક્તસ્રાવ થયો હોવાનાં સૂચક હતાં.

વેજલને થોડી માનસિક રાહત થાય અને આરામ મળે તે ઉદ્દેશે ડૉ. સુમાએ એના પ્રાથમિક ઉપચાર તરીકે આવશ્યક ઈંજેક્શન આપી સ્ટાફ નર્સને કહ્યું, "મરિયમ્મા, ઓ.ટી. સ્ટાફને ઍલર્ટ કરી દો. વેજલને તૈયાર કરી ત્યાં લઈ જાઓ. ડ્રીપ શરૂ કરો. હું બડી'દીને લઈને સીધી ત્યાં જ આવું છું."

બુઝુર્ગ સ્ટાફ નર્સ મરિયમ્મા અને આયા અમીના વેજલને જાળવીને ઑપરેશન થિયેટરનાં સાઈડ રૂમમાં લઈ આવ્યાં. ઓ.ટી. પ્રોસીઝર મુજબ વેજલને તૈયાર કરતાં અમીનાએ મરિયમ્માને પૂછ્યું,

"અમ્મા, જચ્ચા અને બચ્ચાને કંઈ જોખમ તો નથીને? બાપડીએ આઠ આઠ મહિના આ પારકો પીંડ વેંઢાર્યો છે. પૈસા માટે સ્તો! દીકરાને ડૉક્ટર બનાવવાના અભરખાં છે ને ધણીનો ઈલાજ કરાવવો છે. બચ્ચું નહીં બચે તો બધું થઈ રહ્યું. અને અત્યારે એની પોતાની જાન પણ જોખમમાં જ છે. અમ્મા, તમને ખબર છે, બાળક ઇચ્છતા દંપતી અને કોખ આપનારી મહિલા વચ્ચેના કરારમાં, કોખદાતાના કાંડા કેવા કપાય છે? એને ચોખ્ખું લખવું પડે છે કે આ પ્રોસીઝરમાં એનું મૃત્યુ પણ થઈ શકે છે, તેની એને જાણ છે. અને એવું કંઈ થાય તો કોખદાતાના પરિવારને એનું વળતર લેવાનો કોઈ હક્ક નથી."

"હવે સબર કર, અમીના...તારી વેજલને કે એની કોખમાંના બાળકને કશું નહીં થાય. બડી'દીના હાથમાં જસ છે. બડી'દીએ આ હોસ્પિટલમાં કેટલાય દેશી વિદેશી દંપતીઓને વેજલ જેવી મહિલાઓની કોખે પાંગરેલાં સ્વસ્થ સંતાન અપાવ્યાં છે. એમાંનાં અમુક તો ખૂબ જ કોમ્પ્લિકેટેડ હતા, પણ કમાલ છે, બડી'દીની કુશળતા અને ચીવટની કે હજી સુધી એકેય કેસ ખરાબ થયો નથી. અને કોખદાતા મહિલાઓને તો બડી'દી પહેલી પ્રસૂતિ માટે પિયર આવેલી દીકરીની 'મા' ની જેમ સાચવે છે. ચોવીસે કલાક એમની સારસંભાળ માટે બડી'દી કોખદાતાઓને છેલ્લા બે ત્રણ માસ પોતાની નજર સામે રાખે

છે અને વેજલ તો આમેય બડી'દીની લાડલી છે. તને ખબર નથી, બડી'દી એ વેજલનાં દીકરામાં દૈવત જોયું એટલે એને નાનપણથી જ ભણાવવા પોતાના ખર્ચે છેક મસૂરીની મિશન સ્કૂલમાં ખાસ ભલામણથી દાખલ કરાવ્યો છે!"

"એ જ તો વાત છે અમ્મા, બડી'દી એ વેજલને આઠમા માસથી અહીં જ રહેવા ખૂબ સમજાવી હતી. જો એ માની ગઈ હોત તો આજે એની આવી જોખમી હાલત થઈ ન હોત" અમીનાએ કહ્યું.

"બડી'દીની આવડત અને અનુભવ આગળ કોઈ પ્રસૂતિ જોખમી નથી' અને અધૂરા માસે બાળકનો જન્મ થવો એ કોઈ નવી વાત નથી. એવા બાળકની સુરક્ષા અને વિકાસ માટે તો હવે કેટલાય ઉપાય છે. તું ખોટી ચિંતા ન કર. જો વેજલનું ઘેન હવે ઊતરતું લાગે છે, આપણે એને જાળવીને ઑપરેશન ટેબલ પર સુવડાવી ડ્રીપ ચાલુ કરી દઈએ."

ઑપરેશન થિયેટરમાં એટેન્ડન્ટ માર્થાએ બધી તૈયારી કરી રાખી હતી. વેજલને ઑપરેશન ટેબલ પર લેટાડી ગ્લુકોઝ ડ્રીપ ચાલુ કર્યું. એ જ વખતે બડી'દી અને ડૉ. સુમા આવ્યાં.

"માર્થા, બધું બરાબર તૈયાર છે?" ડૉ. સુમાએ પૂછ્યું.

"જી મેડમ, પણ આ કમ્પ્યુટર સિસ્ટમમાં કંઈક ફોલ્ટ છે એટલે મોનીટર પર બધું હેઝી દેખાય છે. એન્જિનિયરનો કોન્ટેક્ટ થતો નથી."

બડી'દીએ માર્થાની વાત સાંભળી ન સાંભળી, વેજલ પાસે આવ્યાં. વહાલથી એના માથામાં હાથ ફેરવતાં એમણે કહ્યું, "વેજલ, શું થાય છે બેટા?"

અર્ધઘેન અવસ્થામાં પડેલી વેજલે બડી'દી સામે જોયું. આંખોથી જ પ્રણામ કરતી હોય તેમ એણે પોપચાં ઢાળી દીધાં. ગત સપ્તાહે જ બડી'દીએ વેજલના સ્વાસ્થ્ય અને બાળકની હાલતની સંપૂર્ણ જાંચ કરાવી, બન્નેની સ્થિતિ નોર્મલ હોવાની અને નિયત અવધિએ નોર્મલ ડિલીવરી નિશ્ચિત હોવાની પુષ્ટિ કરી હતી. અચાનક તેની આ હાલત કેમ થઈ તેનું કારણ જાણવા બડી'દીએ વેજલની ચેતના ઢંઢોળવા પ્રયાસ કર્યો. ડૉ. સુમાએ પણ એનું અનુમાન કહ્યું, "બડી'દી, મને લાગે છે કે વેજલ છેલ્લા પાંચ-છ દિવસથી ખૂબ જ તનાવગ્રસ્ત હશે. બીજી તરફ એનો કોઠો મજબૂત છે એટલે મનનું દબાણ અને શરીરના પ્રતિકારનું પરિણામ છે."

અમીના ત્યાં જ ઊભી હતી. એણે ડરતાં ડરતાં પૂછ્યું, "બડી'દી, હું એક વાત કહું?"

"હા...હા...જરૂર કહે બેટા..."

"થોડા દિવસ પહેલાં વેજલ મને કહેતી હતી કે દસ-બાર દિવસમાં એનો દિકરો મસૂરીથી અહીં આવવાનો છે. વેજલને ચિંતા હતી કે એના ઊભરેલા પેટ સાથે એ એના દીકરાને કેમ મળી શકશે? અને જો એનો દીકરો કંઈ પૂછશે તો એ શું જવાબ આપશે? વેજલે તો એમ પણ કહ્યું કે, 'ભગવાન કરે મારી આજકાલમાં જ કસુવાવડ થઈ જાય!' મેં એની વાત મન પર નહોતી લીધી."

અમીનાની વાત સાંભળી બડી'દીએ વેજલની કનપટ્ટી પર હળવી ટપલી મારતાં કહ્યું, "તો આ છે, ખરું પ્રેસર પોઈન્ટ!" પળવાર વિચાર કરતાં બડી'દી વેજલના વાળ પસરાવતા રહ્યાં. વેજલે તંદ્રાવસ્થામાં બડી'દીનો હાથ પકડ્યો અને સ્વપ્નમાં સરી ગઈ. એને લાગ્યું જાણે એ બડી'દીને બાળક સોંપતી કહે છે, 'લ્યો, બડી'દી, સમ્હાલો તમારી અમાનત. જુઓ, પણે મારો પોતાનો એકનો એક લાડકો દીકરો આવે છે. મારે એને મનભરીને બાથમાં લેવો છે. તમે સોંપેલા આ ભાર સાથે હું એને મળવા કેમ દોડી શકું? આ પારકી થાપણ હોવા છતાં મેં એને મારા રક્તથી બરાબર પોષી છે. મને મુક્ત કરો બડી'દી, મને મુક્ત કરો...'

"વેજલ..." બડી'દીએ વેજલને ઢંઢોળી. એની તંદ્રા તૂટી.

"વેજલ, સાચું કહેજે, છેલ્લા બે-ત્રણ દિવસમાં તેં કોઈ જલદ ખોરાક કે કોઈ ગરમ દવાઓ લીધી છે?"

જવાબમાં વેજલે એની આંખ ઢાળી દીધી. હોઠ સખ્તાઈથી બીડી દીધાં. એના ચહેરાની રેખાઓ તંગ થઈ. એની બીડેલી આંખ સમક્ષ સફેદ ગોળીઓ અને પપૈયાનાં કાળાં ધોળાં બીજ લાલ પીળાં ધાબાં બની નાચવા લાગ્યા. એનું પેટ ચૂંથાવા લાગ્યું. માથું ભમવા લાગ્યું. અસહ્ય પીડાથીએ એના પગ પટકવા લાગી. બડી'દી પરિસ્થિતિ પામી ગયાં. આ સમયે શું થાય અને જચ્ચા અને બચ્ચાંને કોઈ નુકસાન ન થાય તેની તકેદારી માટે જે કંઈ કરવાનું હતું તે એમણે બધાંને સમજાવી દીધું અને એ મુજબ સહુએ પોતપોતાની પોઝીશન સંભાળી લીધી. કલાકેકની કુશળતાપૂર્વકની મથામણને અંતે પ્રસવ થયો. પૂરા દિવસનું હોય તેવું બાળક બહાર આવ્યું. બડી'દીએ વહાલથી એને ટપલી મારી એટલે એણે પણ ઉંહકાર કર્યો. વેજલે મુક્તિના આનંદ સાથે સંતોષનો શ્વાસ લીધો.

બડી'દી અને ડૉ. સુમા ઓ.ટી.થી બહાર આવ્યાં. બહાર, એક બેન્ચ પાસે ઊભેલો વેજલનો પતિ રઘુ એની કાંખ ઘોડીને કોણીએ દબાવી બડી'દી અને ડૉ. સુમાને હોસ્પિટલથી બહાર જતા જોઈ રહ્યો. ■

*રાજા, વિદ્વાન, વૃદ્ધ, બાળક, રોગીષ્ઠ, અપંગ અને મા-બાપ – આ સાત ઉપર ગુસ્સો કરનાર સામેથી પીડા વહોરી લે છે.*

વાત મેળો

# ગૂંથેલો રૂમાલ

સુનિલ ગોહીલ "માસ્તર"

શહેર ન મોટું કે ન નાનું. શહેરના એકમાત્ર બગીચામાં બરાબરની વસંત ખીલેલી હતી અને બગીચામાં જાત-જાત અને ભાત-ભાતના ફૂલોએ પોતાની હાજરી પુરાવી લીધી હતી. અને ઇ દોડીને બે-ચાર ફૂલ તોડી લેવા માંગતી હતી. હાથમાં કંઇક નામ ગૂંથેલો રૂમાલ હતો. હાથમાંથી ભલે ગમે તે પડી જાય પણ ઇ રૂમાલને કચકાવીને પકડી રાખતી. આ વખતે પણ ફૂલ તોડતી વખતે ગળા પરનો દુપટ્ટો પડુ પડુ થઈ ગયો, પણ હાથમાંથી નામ ગૂંથેલો રૂમાલ પડી ના જાય એ માટે દુપટ્ટાને સરી જવા દીધો.

એકસાથે સાત ફૂલ ચૂંટ્યા. ટોપલીમાં નાખ્યા. આમ તેમ જોયું. કોઈ જોતું તો નથી ને? કોઈ હતું નહીં એટલે છાતી આડો હાથ રાખી, નીચે નમી દુપટ્ટાને ફરી એના સ્થાન પર લગાવ્યો. હાથમાં રૂમાલ બરાબર છે એની ફરીવાર ખાતરી કરી.

ફૂલની ટોપલી બીજા હાથમાં લઇ, 'હાયલ કાના, મને દ્વારિકા દેખાડ' ગીત ગાતી કૃષ્ણ મંદિરમાં જતી રહી.

પણ એને ક્યાં ખબર હતી કે ઇ જેવી ચોકમાં પહોંચેલી કે જુવાન અને બુઢ્ઢાની નજર એના પર જ હતી. વાત મૂળ એમ હતી કે સોળે શાનમાં આવેલી ઇના હાથમાં રૂમાલ કોનો છે? રોજ મંદિરે આવે છે. આ મંદિર પહેલા તો આટલું પ્રખ્યાત હતું નહીં. શહેરના ચોકની જમણી બાજુએ કૈલાસ બાપુનું નાનું એવું મંદિર પણ જ્યારથી એ ત્યાં આવવા લાગી, ત્યારથી કૈલાસ બાપુનું સૂમસામ મંદિર ધમધમતું થઈ ગયું.

આજે પણ શહેરના ચોકની ડાબી બાજુએ આવેલા બગીચામાં ફૂલ ચૂંટતી હતી ત્યારે એને ખબર ના પડે એમ જુવાન અને બુઢ્ઢા – બધાની નજર એના હાથમાં રહેલા રૂમાલ પર જ હતી.

કૈલાસ બાપુ બધું જાણે અને પાછા આમ કલાના શોખીન. આજનું આ દૃશ્ય જોઈને એણે ર.પા ની છ પંક્તિઓ પાછળ પાછળ આવેલા બે-ચાર બુઢ્ઢા અને જુવાનોને સંબોધીને કહી.

*"નામ કોનું રૂમાલમાં આ છોકરીએ ભર્યું છે,*
*એ બાબત પર ઠેર ઠેર ગરમી.*
*પડ્યા ગામના બગીચાઓ ખાલી કુંજાર,*
*અને નાસ્તિકો થઈ ગયા ધરમી.*
*કારણકે મંદિરે જાય છોકરી તો*
*લોક શું કરવા ટળવળે બગીચે?"*

ઇ તો દર્શન કરી કૈલાસ બાપુને નમન કરી ઉપડી. ધમધમતું કૈલાસ બાપુનું મંદિર ફરી સૂમસામ.

ઇ હતી પણ એવી નમણી નાર. સોળ વર્ષે સોળે કળાએ જાણે ખીલી હોય. તાજા ખીલેલા ફૂલ જેવો કોમળ એનો દેખાવ. આંખમાં સવારમાં પડેલી ઝાકળના ટીપા જેવી ઝીણી પણ કાળી ભમ્મર. કવિ પણ એનું વર્ણન કરવા બેસે તો શબ્દો ખૂટી પડે. આવા ન મોટા કે ન નાના શહેરમાં એ અને એમાં પણ એના હાથમાં ગૂંથેલો રૂમાલ ચર્ચાનો વિષય બની ગયો.

શહેરનો ચોક અને આજુબાજુમાં આવેલી વાળંદની દુકાનોમાં ઘરાકી વધવા લાગી. સવારે ૧૦ વાગે ખૂલતી દુકાનો હવે ૯ વાગ્યામાં ખૂલવા લાગી. ૧૧ના ટકોરે આવતી ઇ સાથે મંદિરમાં દર્શન કરવા જુવાન અને બુઢ્ઢા વાળંદને ત્યાંથી ટીપટોપ તૈયાર થઇને ચોકમાં ઉભા રહી જતા.

ઇ પણ બધા સામે સરસ મજાનું સ્મિત આપે. એકવાર તો બે-ત્રણ જુવાનિયાઓ તૈયાર વૈયાર થઇને હિંમત કરી, એની સાથે વાત કરવા આવી પહોંચ્યા.

"તમારે આટલી મહેનત ન કરવી. મને કહી દેવું. હું તમને ફૂલ ચૂંટી આપીશ." મૂછનો દોરો ફૂટેલા જુવાનિયાએ કહ્યું.

"હા અને મારી પાસે ગાડી છે. તમે કહેશો ત્યાંથી તમને લઇ જઇશ ને મૂકી પણ જઇશ." બીજો જુવાનિયો ઉત્સાહમાં બોલ્યો.

"કૈલાસ બાપુ મને સારી રીતે ઓળખે છે. બાપુનું કાંઈપણ કામ પડે એટલે મને કહેજો, હું ફટફટ કરાવી આપીશ." ત્રીજા જુવાનિયાએ એની વાત કરી.

ત્રણેયની વાતો ઇ એ શાંતિથી, હસતાં મોઢે સાંભળી. હસીને જવાબ પણ આપ્યા. ત્રણેયને તો મનમાં લાડવા ફુટ્યા.

"તમને રોજ અહિંયાથી જતા જોઈએ. રોજ તમે મંદિરે જાવ છો. અમે મંદિર માટે જ કામ કરીએ છીએ. ક્યારેક તમારૂં કામ આવી પડે અને તમને બોલાવવું હોય તો તમારૂં નામ તો ખબર હોવી જોઈએને! તમારૂં નામ શું છે?" ચોથા છોકરાએ બધાના મનની વાત પૂછી જ લીધી.

"હા હોં, મને મંદિરમાં આવીને બહુ શાંતિ મળે અને તમારે

ક્યારેય પણ મંદિરને લગતી મારી જરૂર પડે તો કહી દેવું. મારૂં નામ છે કોયલ.'' કોયલનો અવાજ પણ કોયલ જેવો જ મીઠો હતો.

પછી તો આ રોજનું થયું. કોયલ આમ જ હસીને જુવાનિયા અને બુઢ્ઢા સાથે વાત કરે. બધાને એનું મનમોહક સ્મિત આપે. બધાની નજર હવે એ રૂમાલ પર જ હતી કે આમાં કોયલે કોનું નામ ગૂંથેલું છે?

કૈલાસ બાપુ તુલસી ક્યારે પાણી ચડાવવા આવે, ને આ દશ્ય રોજ જોવે અને એમની અંદર રહેલો કવિ પ્રેમ ર.પા ની ચાર પંક્તિઓ ગાઈ બેસે.

*''ગંધ છોકરીની આવી જે જીવને*
*તે જીવની ગંભીરતામાં પડી ગયો ગોબો.*
*સહુ છોકરાને અરીસામાં ઠપકો આપે,*
*કે જરા મોઢાઓ માંજો ને શોભો.''*

રોજ આમ જ હસીને બધા સાથે વાત કરતી કોયલને જોઈને બધા અધીરા થયા અને એ રાહ જોવા લાગ્યા કે કોયલના હાથમાંથી રૂમાલ પડે અને કોનું નામ છે એ જાણવા મળે. અને એક દિવસ કોયલના હાથમાંથી રૂમાલ પડ્યો... પછી તો જાણે માણસ પડ્યું હોય અને ટોળું ભેગું થાય એમ ટોળા વળ્યા.

કૈલાસ બાપુએ ટોળાને જોઈને ર.પા ને ફરી દિલથી યાદ કર્યા.

*''એક છોકરીના હાથથી રૂમાલ પડે*
*એ લેવા આખુંય ગામ ટોળે વળે*
*જુવાન આંખ ફાડે, બુઢ્ઢાઓ આંખ મીચે.''*

''હવે આ રૂમાલને શું કરવો? હવે તો એ ચગદાઈ ગયો. હવે તો આ ચોળાઈ ગયો. મારા માટે તો હવે આ ખોવાઈ ગયો.'' કોયલ તો રૂમાલ ઉપાડ્યા વગર જ ચાલતી થઈ.

બધાએ ચોળાયેલો રૂમાલ સરખો કર્યો. નામ વાંચ્યું. એ ચોળાયેલા રૂમાલમાં ગુલાબી ગૂંથણીથી ''કોયલ'' નામ ગૂંથેલું હતું. જુવાન અને બુઢ્ઢા બધા સામસામે જોવે. બધાને ભોંઠા પડેલા જોઈને કૈલાસ બાપુએ ર.પા ની છેલ્લી પંક્તિઓ ઉગામી :

*''કારણ કે ફળિયાના હીંચકે આ છોકરી*
*એકલી બેસીને રોજ હીંચે.''*

---

**પ્રાસંગિક**

## 'જળ એ જ જીવન'

મનીષ જોષી 'મૌન'

'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' – અમિતાભ બચ્ચન દ્વારા ગુજરાત પ્રવાસન નિગમના પ્રમોશનમાં કહેવાતી આ ટેગ લાઇન સહુના મોઢા પર વસી ગઈ છે. પણ કચ્છ અને પાણીને વ્યસ્ત સંબંધ રહ્યો છે – વર્ષોથી.

કચ્છમાં જળ નહીં ઝાંઝવાના જળ વધુ જોવા મળે... ત્યારે ગ્રામજનોને ઉનાળો કઇ રીતે કાઢવો તે વિકટ પ્રશ્ન હોય છે. એટલે ટીપા ટીપાની કિંમત કચ્છવાસીઓ જાણતા હોય છે અને પાણીને બચાવતા હોય છે. એટલે ગામને ગોકુળિયું અને હરિયાળું બનાવવા માટે પ્રયત્ન પણ કરતા જ હોય છે. આવો એક સુંદર પ્રયત્ન માંડવી તાલુકાના લુડવા ગામથી ૩૦ કિલોમીટર દૂર આવેલા ગામ શિરવાના રહીશોએ કર્યો છે. તેને બિરદાવવા અહીં પ્રયત્ન કર્યો છે.

ગામમાં પાણીની મુશ્કેલીનો હલ કરવા મુક્તિસાગર તળાવનું મુખ્ય નદી નજીક નિર્માણ કરવા સરપંચ કાંતિભાઈએ પ્રયત્ન અને નિર્ણય કર્યો. ગ્રામજનો સહયોગી બન્યા. દાનની સરવાણી વહેવા માંડી.

દરમિયાન ગામમાં રહેતા મહેશભાઈ રણછોડદાસ ભાનુશાળીની દીકરી વૃધ્ધિના લગ્ન લેવાયા. રૂડા મંડપ બંધાવ્યા. રંગેચંગે વરરાજા આવ્યા અને દીકરીબાઈના લગ્ન થયા. વૃધ્ધિના વધાવા પેટે રૂા. ૭૫,૦૦૦/- રકમ ભેગી થઈ. મહેશભાઈએ એ રકમ પોતા માટે નહીં, ગામના તળાવ બનાવવા ઉપયોગમાં લેવા આપવી તેમ પરિવારજનોને કહ્યું. એ વાત વૃધ્ધિના નાના દયાળજી વિશ્રામ ભાનુશાળીએ સાંભળી અને પોતાના જમાઈની વાતને વધામણી આપી અને હરખ સાથે વધુ રૂા. ૨૫,૦૦૦/- આપ્યા. આમ, વૃધ્ધિના લગ્ન પેટે રૂપિયા એક લાખનું દાન ગામનું મુક્તિસાગર તળાવ બનાવવા મળી ગયું.

અગાઉ (૨૫ વર્ષ) ૧૫ ફૂટે જમીનમાંથી મળતું પાણી અત્યારે ૫૦૦ ફૂટ નીચે જતું રહ્યું હોવાથી આ તળાવથી જળસ્તર સુધરશે એમ સહુનું માનવું છે. ત્યારે શિરવા ગામની જેમ અન્ય ગામના લોકોને પણ પોતાના ગામની જળ સમસ્યા નિવારવા માટે આ પ્રસંગ પ્રેરીત કરશે.

વ્યક્તિ વિશેષ

## કચ્છી સાહિત્યના મેઘાણી સમાન સ્વ. દુલેરાય કારાણીની ૧૯૨મી જન્મ શતાબ્દિ નિમિત્તે સ્મરણ શ્રદ્ધા

# કચ્છના દેવતા : જખદાદા

**દુલેરાય કારાણી**

*તરુવર વનફલ ના ચખે, નદી ન પીવે નીર,*
*પરમારથ કે કારણે, સંતન ધરા શરીર.*

જખદાદાનું નામ આજે સમગ્ર કચ્છમાં મશહૂર છે. કચ્છ સિવાય ભારતવર્ષના અન્ય કોઈ પણ પ્રદેશમાં આ જખ દેવો વિશે કોઈ કંઈ જાણતું નથી. જખ દેવોનાં પૂજન માત્ર કચ્છમાં જ થાય છે. એક હજાર વર્ષ કરતાં પણ વધુ સમયથી જખદાદા કચ્છમાં પૂજાતા આવે છે. કચ્છમાં કોઇને ત્યાં સંતતિની ખોટ હોય તો તે જખદાદાની માનતા માને છે અને એ રીતે પુત્ર કે પુત્રીનો જન્મ થાય તો તેને જખદેવની કૃપાનું ફળ માનવામાં આવે છે. આ દેવોની કૃપાથી જન્મેલા બાળક - બાળકીનું નામ જખુ કે જખી રાખવામાં આવે છે.

આ જખ દેવો જામ લાખા ફુલાણીના ભત્રીજા પુંઅરાના વખતમાં પ્રકટ્યા. કચ્છમાં મના આગમનનો પ્રમાણભૂત ઈતિહાસ તો કાળના અંધકારમાં અદશ્ય થઇ ગયો છે. આજે તો માત્ર દંતકથાઓ જ અવશેષ રૂપે રહી છે. આમ છતાં જખદાદાના ઈતિહાસની અનેક અવનવી વાતો લોકહૃદયમાં તાણાવાણાની પેઠે વણાઈ રહી છે.

જામ પુંઅરાની રાજધાની પધ્ધરગઢની પશ્ચિમે એકાદ માઈલના અંતરે આવેલી વોંધડી નદીની ભેખડમાં આવેલા એક ભોંયરામાં આશરે એક હજાર વર્ષ ઉપર સાત ઋષિદેવો તપશ્ચર્યા આદરી રહ્યા હતા. સંઘર જાતિના લોકો આ ઋષિરાજોના ભક્ત હોવાથી તે તેમની સેવા કરતા. આ ઋષિઓની ગુફા પાસે આવેલા નદીના એક ધ્રોમાં એક માછી દરરોજ માછલા પકડવા આવતો. આ માછીને ત્યાં સંતતિની ખોટ હતી. એક દિવસ તે આ તપસ્વીઓના આશીર્વાદ પ્રાપ્ત કરવા તેમની પાસે આવ્યો. ઋષિઓને પગે પડી સંતાનપ્રાપ્તિની પોતાની ઈચ્છા તેણે વ્યક્ત કરી. પ્રત્યુત્તરમાં ઋષિઓએ કચ્છી ભાષામાં જણાવ્યું –

*જે તું મચ્છી ન મારીએં મેલો રખેં ન મન,*
*પે થીને તું પુતર જો, અંગણ ઘણેરો અન.*

*ભાવાર્થ :* જો તું માછલા મારીશ નહીં અને મન મેલું રાખીશ નહીં તો તું પુત્રનો પિતા થઇશ અને તને અન્ન-ધનની પ્રાપ્તિ પણ થશે.

માછીએ તે દિવસથી માછલાં ન મારવાની પ્રતિજ્ઞા લઈ લીધી. સંજોગોવશાત્ તેને ત્યાં બાર મહિનાની અંદર દેવના ચક્ર જેવા પુત્રનો જન્મ થયો.

ઋષિઓના આ ચમત્કારની વાત કર્ણોપકર્ણ આખા કચ્છમાં ફેલાઈ ગઈ.

પદ્ધરગઢના જામ પુંઅરાને ત્યાં પુત્રની ખોટ હતી. પુત્રપ્રાપ્તિ માટે તેણે પાણા એટલા પીર પૂજ્યા પણ આજ લગી તેને ત્યાં પારણું બંધાયું ન હતું. પુંઅરાની રાણી રાજૈં સંઘારને જ્યારે ઋષિદેવોના ચમત્કારની જાણ થઈ ત્યારે તેને પણ આ દેવોનું શરણું લેવાની ઈચ્છા થઇ. રથ જોડાવીને રાણી ઋષિદેવો પાસે પહોંચી ગઈ.

*રાણી રથ કે જોડેઓ, આવઈ રખીએ વટ,*
*ઘરમેં ઝૂલે ઘોડીઓ, ત માણક ડીયાં મટ.*

*ભાવાર્થ :* રથ જોડીને રાણી ઋષિદેવો પાસે આવી અને કહેવા લાગી કે મારા ઘરમાં ઘોડિયું બંધાય તો હું તમને હીરા-માણેકથી મઢી દઉં.

પુત્ર લેવા આવેલી રાણીને જોઈ ઋષિદેવો બોલ્યા :

*અસીં ન એડા ઓલિયા, જે ડીયું બેં કે બાર,*
*ઈ નીયા ઉતે થીએ, સાહેબ જે દરબાર.*

*ભાવાર્થ :* અમે કંઇ એવા ઓલિયા નથી કે કોઈને દીકરા દઈ શકીએ. એ ન્યાય તો ઈશ્વરના દરબારમાં થાય છે.

ઋષિઓનો નિરાશાજનક જવાબ સાંભળી રાણી દિલગીર થઈ. આંખમાં આંસુ લાવી, ઋષિઓને પગે પડી, તે સંતાનસુખની પ્રાપ્તિ માટે કરગરવા લાગી. ઋષિદેવોએ ફરી કહ્યું:

*બાઈ બચ્ચા તું ડાઈ થી, અસીં ન ઠોડા ઠગ,*
*હિકડો હેર ઝલે ડીઓં; જ વીયાંય જો વે વગ.*

*ભાવાર્થ :* હે બાઈ, તું જરા ડાહી થા! અમે કોઈ મૂંડા ઠગ નથી. અમારી પાસે ઘેટાં-બકરાંની માફક જો છોકરાના વગ - ટોળાં હોય તો હમણાં જ એક ઝાલીને તને આપી દઈએ.

ઋષિઓનો આ કટાક્ષ રાજૈં રાણીને હાડોહાડ ઉતરી ગયો. નિરાશા અને ગુસ્સા સાથે તે ત્યાંથી પાછી ફરી અને ઋષિઓએ

તેની જે રીતે ઠેકડી ઉડાવી તે વાત જામ પુંઅરા સમક્ષ વ્યક્ત કરી.

રાણીની વાત સાંભળી પુંઅરાની આંખો ક્રોધથી લાલચોળ થઇ ગઇ. તેણે તરત જ પોતાના સૈનિકોને મોકલીને ઋષિઓને બોલાવી લીધા અને એક અંધારી કોટડીમાં પૂરી દીધા.

આ તરફ સાતે ઋષિ મહાત્માઓ પોતાના નિશ્ચયમાં મક્કમ હતા. પુંઅરા જામના ભયથી ડરી જાય એવા ન હતા. એમની અડગતાથી જામ પુંઅરાનો ક્રોધ વધુ ભભૂકી ઊઠ્યો. તેણે લોખંડના ગોખરુ તૈયાર કરાવ્યા અને એ ગોખરુ જેલની કોટડીમાં પાથરી દીધા. કણસલામાંથી દાણા છૂટા કરવા માટે જેમ બળદોને હલરી ફેરવવામાં આવે છે, તેમ આ કાંટાવાળા ગોખરુ પર ઋષિઓને ફેરવવાનો પુંઅરાએ હુકમ કરી દીધો.

જામના હુકમનો તરત જ અમલ થયો અને આ સાતે પવિત્ર પુરૂષોને બળદોની માફક લોખંડના ગોખરુ પર ફેરવવાનું કામ શરૂ કરવામાં આવ્યું. આ સાતે જણ પુંઅરાની ત્રાસથી ત્રાસિત બની ગયા. એમનું દુઃખ જોઇને ભંભીયા નામના એક હજામને દયા આવી. તેણે આ ઋષિદેવોને પૂછ્યું કે, ‘તમારી ભાળ લેનાર કોઈ છે ખરો કે નહીં?’

જવાબમાં એકે કહ્યું કે, ‘અમારી ધા સાંભળનાર તો મોટા દાંતવાળા છે, પણ કોઈક અમારે બદલે આ ઘાણીમાં જોડાય તો અમારામાંથી એક જણ અમારા દેવોનું આહ્વાન કરી શકે.’

હજામ દયાવાન હતો. ભીખ ધરસ નામના એક ઋષિના સ્થાને તે ઘાણીમાં જોડાયો અને ભીખ ધરસને ઘાણીમાંથી છૂટોકર્યો. આ ઋષિ બહાર જઇને લાખાડી નામની ટેકરી પર ચડી કાનમાં આંગળા ઘાલીને પોતાના સહાયક દેવોને દુઃખદ સ્વરે ધા દેવા લાગ્યો :

***કનેં પાએ કૂકરા, લાખાડી ચડ્યો,***
***બોંતેર જખ ભેરા થેઆ, પિઢમેં ઘાટ ઘડ્યો.***

*ભાવાર્થ :* કાનમાં આંગળાં ઘાલીને રાડ કરતો ધરસ લાખાડી ટેકરી પર ચડ્યો એની જાણ થતાં બોંત્તેર જખ ભેળા થઇને આપસમાં વિચાર કરવા લાગ્યા.

આ બોંત્તેર જખ દેવો પોતાના ઋષિ ભક્તોની ભાળ લેવા રૂમશામથી ચડી નીકળ્યા અને કચ્છના જખૌ બંદરે ઊતરીને કચ્છમાં દાખલ થયા. તેમનો સરદાર સાઉં નામનો જખ હતો.

આ જખ દેવો પ્રથમ નનામા ડુંગર પર આવ્યા અને નનામો એમનો ભાર ઝીલી શક્યો નહીં અને નમવા લાગ્યો. ત્યાર પછી ધ્રબવા ડુંગર પર આવ્યા અને આખરે પુંઅરા જામના પદ્ધરગઢની પશ્ચિમે એકાદ માઇલના અંતરે આવેલી એક ટેકરી પર તેમણે છાવણી નાખી.

આ જખ દેવો સાથે સાંયરી નામે તેમની એક બહેન પણ આવેલી. તેમણે સાંયરીને પદ્ધરગઢની બાતમી મેળવવા શહેરમાં મોકલી. સાંયરી ચતુર અને જાસૂસી કળામાં કુશળ હોવાથી તે પુંઅરાની રાણી રાજૈં પાસે ગઇ અને જામના જનાનખાનામાંથી પદ્ધરગઢની તમામ બાતમી મેળવી લીધી.

પોતાનું કાર્ય પૂરૂં કરી સાંયરીએ જખ દેવોને જણાવ્યું : ‘પુંઅરો જામ દરરોજ સવારે પોતાની મોટી મેડીની અગાસી પર સ્નાન કરવા બેસે છે. એ સમય તેનો નાશ કરવા માટે ઉચિત થશે.’

સાંયરીની વાત જખ દેવોને યોગ્ય જણાઈ. તેમણે પુંઅરાનો ઘાટ ઘડવાની તમામ યોજના ઘડી કાઢી. વળતે દિવસે પુંઅરા જામના સ્નાનના સમયે કક્કડ નામના જખે પોતાની ટેકરી પરથી તેના પર કોઈ અસ્ત્રનો ઘા કર્યો. આ પ્રહારથી પુંઅરાની મેડીની એક મોટી શિલા તૂટી પડી. પુંઅરો જામ તેની નીચે દબાઈને મરણને શરણ થયો છે.

જખ દેવોના સંબંધમાં ભારતીય ઈતિહાસના પ્રખર અભ્યાસી અંગ્રેજ સાહિત્યકાર શ્રી રશબ્રૂક વિલિયમ્સ પોતાના પુસ્તક “Black Hills”ના ગુજરાતી અનુવાદ ‘કારા ડુંગર કચ્છજા’ નામના પુસ્તકમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરે છે :

‘જામ પુંઅરાનું નામ જો સૌથી વધારે યાદ રહ્યું હોય તો તે રાજસ્થાનના ઈતિહાસમાં વર્ણવેલી એક અદ્‌ભુત દંતકથા સાથે જોડાયેલું છે તેથી જ. આ દંતકથા પ્રમાણે જખ નામના કોઈ ભેદી લોકો અહીં આવ્યા હતા અને કચ્છના રાજકાજમાં તેઓએ થોડા વખત માથું માર્યું. જેનું પરિણામ બહુ કરૂણ આવ્યું. જામ પુંઅરાનું મૃત્યુ થયું તથા પદ્ધરગઢનો નાશ થયો. આ બનાવો વિશે જે દંતકથાઓ પ્રચલિત હતી તે ઇ.સ. ૧૮૨૬માં બનાવોના સ્થળે જઇ, પહેલી જ વખત મેજર બર્નેસે (પાછળથી સર એલેકઝાન્ડરે) એકત્રિત કરી તેને લેખિત સ્વરૂપ આપ્યું. મિસિસ પોસ્ટન્સ અને તે પછીના ઈતિહાસકારોએ થોડા ફેરફાર સહિત આ વૃત્તાંતનું જ પુનરાલેખન કર્યું અને છેવટે ‘ગેઝેટિયર ઓફ ઇન્ડિયા’ (બોમ્બે પ્રેસિડન્સી) નામના આધારભૂત પુસ્તકના ભાગ પાંચમામાં કચ્છ વિશે પહેલી જ વાર છપાયેલ પ્રામાણિક ઈતિહાસમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો. સંક્ષિપ્તમાં તે આ પ્રમાણે છે :

“પુંઅરાએ પદ્ધરગઢમાં બાંધકામ પૂરું કર્યું તે પછી તુરત જ બાય ઝેનશિયમની આસપાસના દેશમાંથી સાત ઋષિઓ અથવા સંઘારો પોતાના ઈષ્ટદેવ જખની પૂજા કરવા કચ્છમાં આવ્યા અને વસવાટ કર્યો. તેઓના પવિત્ર જીવનની પ્રશંસા અને કાસ કરીને નિઃસંતાન દંપતીઓને સંતાન પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ આપવાની તેમની અલૌકિક શક્તિ વિશે પુંઅરાની રાણીએ સાંભળ્યું. આ રાણીને સંતાન ન હતું. તે પછીના બનાવ

વિશે જુદા જુદા વૃત્તાંતો જોવા મળે છે. એક મત પ્રમાણે ઋષિઓએ પુંઅરાની રાણીના મોભાને ઘટે તેવું ખાસ સન્માન ન કર્યું. પણ એક સામાન્ય સ્ત્રીની માફક જ તેના તરફ વર્તાવ કર્યો. તેથી રાણીનું માનભંગ થયું અને ઋષિઓ ઉપર જુલમ કરવા તેણે પુંઅરાને ઉશ્કેર્યો.

બીજો વૃત્તાંત એમ કહે છે કે રાણી ઋષિઓની શિષ્યા બની ગઈ. ઋષિઓ તેને મળી શકે તે માટે જમીન નીચેથી એક ગુપ્ત માર્ગ તેણીએ બંધાવ્યો અને ઘટિત યજ્ઞયાગ કરવાની તૈયારી કરી. પુંઅરાએ તો પોતાના અમાનુષી સ્વભાવ પ્રમાણે પોતાની રાણીના ચારિત્ર્ય ઉપર જ શક લીધો. બંને વૃત્તાંત પ્રમાણે પુંઅરાએ ઋષિઓને ગીરફતાર કર્યા અને કણસલામાંથી દાણા છૂટા પાડવા માટે ઘાસ સાથે પુષ્કળ લોઢાના ગોખરુ જેવા કાંટા પાથરી તેના ઉપર ઋષિઓને ચાલવાની ફરજ પાડી. બંભરા નામના એક દયાળુ હજામે એક ઋષિને છોડાવી પોતે તેનું સ્થાન લીધું. મુક્ત થયેલો ઋષિ લાખિયાર ભીટ્ટ નામની ટેકરી ઉપર ચઢી ગયો અને પોતાના ઈષ્ટદેવ (જખદેવ)ની મદદ માંગી. આ રીતે ૭૨ ભાઈઓ અને એક બહેન ઝેનશિયમથી કચ્છ આવી પહોંચ્યા. કહેવાય છે કે તેમના સંયુક્ત તપના બળથી જે જે ટેકરી ઉપર તેમણે ધામા નાખ્યા તે સપાટ બનતી ગઈ અને છેવટે પદ્ધરગઢ પાસે પડેલ પોતાના સરસામાનથી પથ્થરો કાઢી પોતાના રહેઠાણ માટે એક અલાયદી ટેકરી બાંધવી પડી. તેનું નામ તેમણે કકડભીટ્ટ રાખ્યું. કેદ પકડેલા ઋષિઓને મુક્ત કરવાનું પુંઅરાને કહેણ મોકલાવ્યું. પણ પુંઅરાએ તેનો સ્વીકાર ન કર્યો. જેથી તેઓએ પુંઅરા તરફ તીરો ફેંક્યા. પણ પુંઅરો એક મંત્રસિદ્ધ માદળિયું પહેરતો હોવાથી બાણોની તેના પર કંઈ અસર થઈ શકી નહીં. પછી તેમની બહેન સાંયરીએ મચ્છરનું રૂપ લીધું અને પુંઅરાને ચટકો ભર્યો. પુંઅરો વેદના મટાડવા માટે માદળિયું ઉતારી સ્નાન કરવા ગયો. કક્કડ નામના સૌથી નાના જખે પુંઅરાના મહેલના જે ખૂણામાં સ્નાનગૃહ હતું તેના ઉપર તાકીને બાણ છોડ્યું. પરિણામે એક મોટી શિલા પુંઅરા ઉપર પડી. આથી પુંઅરાને એટલી બધી ઈજા થઈ કે ત્યારબાદ ૪૦ દિવસમાં જ તેનું મૃત્યુ થયું. પદ્ધરગઢનો નાશ થયો. આ બનાવ હજુ પણ કચ્છમાં ગવાય છે.

જખોનું ઉદ્‌ભવસ્થાન અને સાચો ઈતિહાસ ગમે તે હોય પરંતુ એટલું નિર્વિવાદ છે કે પુંઅરાનું મૃત્યુ તેમના હાથે થયું અને તેમ છતાં સિંધના સમા રાજપૂતોએ સમગ્ર કચ્છમાં પોતાની હકુમત સ્થાપવાનો કરેલો પ્રયાસ તદ્દન નિષ્ફળ નીવડ્યો. પુંઅરાના મૃત્યુ વિશે જે ખુલાસો વધારે બુદ્ધિગમ્ય છે ત માનવામાં આવે તો પણ પુંઅરાના ગઢનો નાશ કેવી રીતે થયો તે સવાલ ઊભો થાય છે. આજે આ ભૂમિ શાપિત ગણાય છે તેનું કારણ જખો ત્યાં શહીદ થયા એમ કહી શકાય, પરંતુ જે અવદશામાં પદ્ધરગઢ શહેર ભાંગેલું પડ્યું છે, તે કેવળ જખોના આત્મબલિદાનથી થયું હોય એમ માની શકાય નહીં. તેનાથી વધારે જૂનું શહેર કેરા કે જેમાંથી સારા સારા પથ્થરો ઊપડી ગયા છે, ભૂકંપોના આંચકાઓ લાગ્યા છે અને વરસો થયાં જેની કશી દેખભાળ લેવાતી નથી, છતાં તે શહેર હયાતી ધરાવતું રહ્યું છે.''

પદ્ધરગઢ આજે ખેદાનમેદાન બની ગયું છે. મોટી મોટી શિલાઓની ચણેલી પુંઅરા જામની વડી મેડી આજે પણ ખંડેર રૂપે ખડી છે.

અહીંથી થોડે દૂર આવેલી કક્કડભિટની ટેકરી પર ૭૨ જખ ૭૨ ઘોડા પર બિરાજમાન થયેલા જોવામાં આવે છે. દર વરસે ભાદરવા સુદ અગિયારસના દિવસે અહીં જખ દેવનો મોટો મેળો ભરાય છે. મેળાની ઊપજમાંથી ઋષિઓને બદલે ઘાણીમાં જોડનાર હજામના વંશજોને પણ ભાગ આપવામાં આવે છે.

*('કચ્છની રસધાર', દુલેરાય કારાણી, પૃષ્ઠ ૧૫૯થી ૧૬૧)*

## હાજી કાસમ તારી વીજળી રે...

**(અનુસંધાન : પાના નં. – ૫૦ ઉપરથી ચાલુ)**

'વીજળી'ની સમાધિ અંગે બોમ્બે પ્રેસિડેન્સીએ કમિટી રચી. જેના માર્ગદર્શનમાં મરીન કોર્ટ ઓફ ઇન્ક્વાયરીએ જાંચ કરતાં અપૂરતાં સાધનો, સલામતી કવચનો અભાવ, લાઈફબોટ અને લાઈફ જેકેટ પૂરતાં ન હોવાથી તમામ મુસાફરો મોતને ભેટ્યાનું પુરવાર થયું.

લોકસાહિત્ય અને સાહિત્યમાં મૃત 'વીજળી' અમર થઈ ગયું. જામનગરના દુર્લભરાય શ્યામજી ધ્રુવે 'વીજળી વિલાપ' નામે ગીતસંગ્રહ લખ્યો હતો તો ભીખારામ સવજી જોશીએ આ નામથી જ વધુ એક સંગ્રહ આપ્યો. ઝવેરચંદ મેઘાણીએ 'રઢિયાળી રાત'માં 'હાજી કાસમ તારી વીજળી રે; મધદરિયે વેરણ થઈ...' જેવું પ્રચલિત લોકગીત મૂક્યું છે. ગુણવંતરાય આચાર્યએ 'હાજી કાસમ તારી વીજળી' કથા લખી. વાય. એમ. ચિત્તલવાલાએ 'વીજળી હાજી કાસમની' નામે ડોક્યુમેન્ટેશન કર્યું. જેનું પ્રકાશન થયું છે.

લોકસાહિત્ય - સાહિત્યમાં ઠીક ઠીક સંતોષ લઈ શકાય એવું કામ 'વીજળી' વિશે થયું છે પણ 'ટાઈટેનિક'ની જેમ 'વીજળી' આપણને હૈયે અને હોઠે નથી જ એ સત્ય સ્વીકારવું જ રહ્યું! એના વિશે કોઈ ફિલ્મ કેમ ન બની? ત્રણેક વર્ષ પૂર્વે સાઉથના કોઈ પ્રોડ્યુસર "Vijli : mystery of phantom ship" બનાવે છે એવી જાહેરાત થઈ હતી.

*સંદર્ભ : (૧) 'રઢિયાળી રાત' : ઝવેરચંદ મેઘાણી, (૨) 'હાજી કાસમ તારી વીજળી' : ગુણવંતરાય આચાર્ય, (૩) 'ચાંદો ઊગ્યો ચોકમાં' : નીલેશ પંડ્યા, (૪) પ્રચલિત લોકવાયકાઓ અને લોકકથાઓ, (૫) Titanic : Wikipedia.*

ઇતિહાસ

# કચ્છના ઇતિહાસનું એક વિલક્ષણ પાત્ર : જમાદાર ફતેહમામદ

હરેશ ધોળકિયા

ઇતિહાસ ખૂબ જ રસપ્રદ વિષય છે. સમગ્ર ઇતિહાસ અનિશ્ચિતતાથી ભરપૂર છે. ક્યારે કયો બનાવ બનશે, ક્યારે કઈ વ્યક્તિ આવી આમૂલ પરિવર્તનો કરી નાખશે તે કહી શકાતું નથી. ઇતિહાસ આવી ઘટનાઓ અને વ્યક્તિઓથી છલકાય છે. ઇતિહાસનો અભ્યાસ કરીએ તો તેમાં સમયે સમયે એવા તો મોટા વળાંકો જોવા મળે છે, જે તત્કાલીન સમાજોને હચમચાવી નાખે છે. આવા વળાંકો દરમ્યાન જ અચાનક કોઈ વ્યક્તિ અજ્ઞાતમાંથી પ્રગટ થાય છે અને વળાંકને વ્યવસ્થિત કરે છે. નવો જ ઇતિહાસ રચે છે. આ બધું વાંચીએ છીએ ત્યારે ઇતિહાસ એક થ્રીલર - રોમાંચક જેવો લાગે છે અને આવું દુનિયાના બધા દેશોમાં બનતું રહે છે. એવું નથી કે તે ગ્રીસ કે રોમ કે દિલ્હીનાં સામ્રાજ્યોમાં જ બને છે. કોઈ નાના વિસ્તારમાં પણ બને છે. સંભવ છે, બને છે ત્યારે સામાન્ય લાગે છે, તેના તરફ ધ્યાન પણ નથી જતું. પણ, સમય જતાં, જ્યારે તુલનાત્મક દર્શન કરવાનો સમય આવે છે, ત્યારે અચાનક આ નાની કહેવાતી ઘટના મહત્ત્વ ધારણ કરે છે. ત્યારે ઇતિહાસનો અભ્યાસ વધારે રોમાંચક બને છે.

ભારતમાં "કચ્છ" એક વિશિષ્ટ પ્રદેશ છે. ૧૯૪૮ સુધી તે ભારતીય સંસ્કૃતિમાં જ જીવતો હોવા છતાં તેણે પોતાનો વિશિષ્ટ દરજ્જો સાચવી રાખ્યો હતો. ભારત જ નહીં, સમગ્ર વિશ્વ સાથે સમુદ્ર દ્વારા સંબંધો જાળવી રાખવા છતાં તેણે પોતાની આગવી સંસ્કૃતિ પણ વિકસાવી હતી. દરિયા અને રણે તેને એક વિશિષ્ટ દરજ્જો આપ્યો હતો. કચ્છે પોતાનો આગવો ઇતિહાસ રચ્યો હતો. અને છતાં આ ઇતિહાસ દરમ્યાન પણ સમગ્ર ભારત સાથે સંબંધ જાળવી રાખ્યો હતો.

ભારતના વિવિધ પ્રદેશો જેમ કચ્છે પણ પોતાનાં આગવાં વ્યક્તિત્વો સર્જ્યાં છે. ધોળાવીરા સંસ્કૃતિથી લઇ વર્તમાન સુધી અનેક વ્યક્તિત્વો આવતાં રહ્યાં છે જેમણે સ્થાનિક અથવા તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનું પ્રદાન આપ્યું છે. આ દરેક વ્યક્તિત્વ પાછું વિશિષ્ટ વ્યક્તિત્વ છે. તેનો સ્થાનિક સંદર્ભે પણ અભ્યાસ કરી શકાય છે અને ભારતીય કે આંતરરાષ્ટ્રીય સંદર્ભે પણ તુલનાત્મક અભ્યાસ કરી શકાય છે.

કચ્છના ઇતિહાસમાંના આવાં અનેક વ્યક્તિત્વોમાંનું એક વિશિષ્ટ વ્યક્તિત્વ એટલે 'જમાદાર ફતેહમામદ.'

સત્તરમી સદી સર્વત્ર ઉથલપાથલભરી રહી છે. સર્વત્ર જાતભાતના બનાવો બનતા રહ્યા છે. ભારત પણ તેમાંથી મુક્ત નથી. અંગ્રેજો ધીમે ધીમે ભારતમાં પોતાનો પગદંડો જમાવી રહ્યા હતા. તો કચ્છ પણ તેમાંથી બાકાત નથી. કચ્છમાં પણ રાજકીય અંધાધૂંધી ચાલતી હતી. ત્યારે કચ્છમાં જાડેજા વંશના મહારાવ રાયધણજી બીજા ગાદીએ બેઠા છે. કચ્છમાં જે રાજાઓ ગાયબ થઈ ગયા છે તેમાં સૌથી વિચિત્ર રાજા આ છે. તેના કારણે કચ્છની પ્રજા હેરાન છે. તેના સમય દરમ્યાન કચ્છમાં વારંવાર અંધાધૂંધી ફેલાય છે. 'મારે તેની તલવાર' જેવી પરિસ્થિતિ સતત ઊભી થયા કરે છે. લાગે છે કે ક્યારેય આ અંધાધૂંધી નહીં જાય અને પ્રજા હેરાન જ થયા કરશે. આવી પળે, અચાનક, જમાદાર ફતેહમામદ પ્રગટ થાય છે અને આ અંધાધૂંધીને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે છે અને કલ્પનાતીત ફતેહો મેળવે છે. તેના સમય દરમ્યાન કેટકેટલા બનાવો બને છે. આ બધા બનાવોમાં તે સક્રિય રહે છે. ગૌણ કાર્યો પણ કરે છે અને ક્યારેક મુખ્ય વ્યક્તિ પણ બની જાય છે.

પ્રતિભાશાળી વ્યક્તિની ખૂબી એ છે કે તે એકીસાથે અનેક ક્ષેત્રોમાં ફરી વળે છે. મજાની વાત એ હોય છે કે ક્યારેક તો તે જે ક્ષેત્રમાં કામ કરવા જાય છે, અથવા તો તેના પર એ કામ આવી પડે છે, ત્યારે એ ક્ષેત્ર વિશે તે જાણતી પણ નથી હોતી. તાલીમનો તો સવાલ જ નથી હોતો અને છતાં, આ પ્રતિભાશાળી વ્યક્તિ, પોતાની આંતરસૂઝથી, તે ક્ષેત્રને બરાબર સંભાળી લે છે અને ઉત્તમ કામ કરે છે અને સમય જતાં તે એક પછી એક એમ વિવિધ ક્ષેત્રોમાં ફરી વળે છે અને બધામાં ઉત્તમ કામ કરે છે. આ જ તેની પ્રતિભાની વિશિષ્ટતા હોય છે.

તો, સમાંતરે, પ્રતિભાશાળી વ્યક્તિની તકલીફ એ પણ હોય છે કે તેઓ સતત ઝુલ્યા કરતા હોય છે. ક્યારેક એક પ્રકારનું વર્તન કરે છે, તો ક્યારેક તદન વિરૂદ્ધનું વર્તન કરે છે. પરિણામે ક્યારેક પ્રજા પણ તેમને પોતાના ખભા પર બેસાડે છે, તો ક્યારેક એ જ પ્રજા તેમને ધિક્કારે પણ છે. પરંતુ, આ બધા વચ્ચે પણ તેની પ્રતિભા અકબંધ રહે છે અને તે પ્રજાના હૃદયમાં સ્થાન જાળવી રાખે છે. ફતેહ મામદનું પણ એવું જ થયું છે.

ફતેહમામદ પણ આવી જ પ્રતિભાશાળી વ્યક્તિ હતી.

ફતેહમામદની આગવી વિશિષ્ટતા એ હતી કે તે કોઈ નગરમાંથી આવેલ વ્યક્તિ ન હતો. તે તો તદ્દન નાના ગામમાં રહેતો હતો, તદ્દન ગરીબ હતો. એક સાદો ભરવાડ હતો. ઘેટાં-બકરાં ચરાવતો હતો. તે તદ્દન નિરક્ષર હતો. નગરની કોઈ જ વ્યક્તિ સાથે તેનો કોઈ જ સંબંધ ન હતો. આવો નિરક્ષર, અભણ, ગામડિયો ફતેહમામદ અચાનક દીવાન બને છે! કચ્છનો મુખ્ય રક્ષક બને છે. તત્કાલીન ઇતિહાસનું એક મુખ્ય પાત્ર બને છે. તેની સામે ત્યારના મુખ્ય લોકો ગૌણ બની જાય છે. ખુદ રાજા પણ ગૌણ બની જાય છે. તેને પણ ફરી રાજા બનવા ફતેહમામદની મદદ લેવી પડે છે.

આવો અભણ અને ગામડિયો ફતેહમામદ અચાનક કેમ આગળ વધ્યો હશે – આ સવાલ અભ્યાસીને જરૂર થવાનો.

ઇતિહાસ તો કોઈ જવાબ નથી આપતો. તેના વિશે કોઈ પ્રમાણભૂત ચરિત્ર નથી. કોઈ પ્રમાણભૂત પૃથક્કરણ પણ નથી થયું. એટલે ઇતિહાસે જે તત્કાલીન બનાવો નોંધ્યા છે તેના આધારે અનુમાન કરી ફતેહમામદની પ્રગતિને સમજવાનો પ્રયાસ કરી શકાય.

લાગે છે કે ફતેહમામદ ભલે ગામડિયો હતો, પણ તેનામાં મહત્ત્વાકાંક્ષા હશે જ અને મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ હંમેશાં ચારે તરફ નજર કરે જ. આ પરિસ્થિતિ પોતાને આગળ વધવામાં શું મદદ કરશે તે પણ વિચારે અને તક મળ્યે તેનો લાભ પણ લેવાનો પ્રયાસ કરે. એટલે ફતેહમામદ પણ તત્કાલીન પરિસ્થિતિનું આકલન કરતો જ હશે. તેનું ગામ ભલે ગામડું હતું, પણ પાટનગર ભુજની પાસે હતું. એટલે, સંભવ છે, તે ક્યારેક ભુજ જતો હશે અને ભુજમાં બનતી ઘટનાઓ વિશે સાંભળતો પણ હશે. આ રૂબરૂ મુલાકાત અને વાતચીતોના આધારે તે પોતાના મનમાં આ બધાનું અર્થઘટન કરતો હશે અને તે પોતાને કેમ ઉપયોગી થાય તે પણ નક્કી કરતો હશે.

ત્યારે ભુજમાં કચ્છના મહારાવ તરીકે રાયધણજી બીજા ગાદી પર છે. આ રાજા કચ્છના બધા રાજાઓમાં સૌથી વિચિત્ર રાજા છે. શુદ્ધ હિંદુ હોવા છતાં તેને ઇસ્લામનું ઘેલું લાગે છે. તે પોતે તો ઇસ્લામ અપનાવે જ છે, પણ તેનાથી સંતોષ ન માનતાં પ્રજાને પણ મુસ્લિમ બનાવવા ધર્માંધ બને છે. વિરોધ કરનારાની હત્યા કરે છે. તે માટે તે મંદિરોનો ધ્વંસ કરવાના પ્રયાસો કરે છે. પ્રજા તેનો વિરોધ કરવાનો પણ પ્રયાસ કરે છે.

આ પળે ફતેહમામદ દાખલ થાય છે.

કિશોર ફતેહમામદ ઘેટાં-બકરાં- ચરાવતાં ચરાવતાં આસપાસની પરિસ્થિતિનું અવલોકન કરે છે. તે અસ્વસ્થ રાજકીય સ્થિતિ પણ જુએ છે. તેની મહત્ત્વાકાંક્ષા જાગે છે અને સિપાહી બનવાના ઇરાદાથી તે ભુજ આવે છે. કોટવાળને મળે છે. તેના આકર્ષક વ્યક્તિત્વ અને આત્મવિશ્વાસથી કોટવાળ જીતાઈ જાય છે અને શરૂઆતથી જ માત્ર સિપાહી ન બનાવતાં સીધો અગિયારી સિપાહીઓની ટુકડીનો નાયક બનાવે છે. ક્રમશઃ આગળ વધે છે અને જમાદાર બની જાય છે. ત્યારના સેનાપતિ ડોસલવેણ સાથે કામ કરે છે.

ફતેહમામદનો રાયધણજી સાથેનો સંબંધ બદલાતો રહે છે. શરૂઆતમાં તે તેને વફાદાર છે. એ હદે વફાદાર છે કે રાજાનો વિરોધ કરવા આવનાર અંજારના વાઘા પારેખ તેના ચારસો સાથીઓ સાથે જ્યારે રાવને મળવા પહેલા માળે જાય છે ત્યારે ફતેહમામદ સીડી ખસેડી લે છે. આ બધાની કતલ કરી નાખવામાં આવે છે. આ 'સેવા' બદલ રાવે ફતેહમામદને બસ્સો સિપાહીની જવાબદારી આપી હતી!

પણ થોડા જ સમયમાં રાવની ધર્માંધતા વધી જાય છે. તેથી તેમને કેદ કરવામાં આવે છે અને 'બાર ભાયા'ની વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે. તેમાં પણ ફતેહમામદનો સમાવેશ કરવામાં આવે છે. પણ આ વ્યવસ્થા લાંબી ચાલતી નથી અને અંદરોઅંદર ખટપટ થાય છે અને તે તૂટી પડે છે. રાવને મુક્ત કરવામાં આવે છે. રાવ તેને કેદ કરનાર ફતેહમામદને જ દીવાન બનાવે છે. પણ આ જ દીવાન તેને મળવા જાય છે ત્યારે અચાનક રાવ તેને મારવા કટાર ફેંકે છે. ફતેહમામદ બચી જાય છે અને ભાગી જાય છે. એટલે તે ડોસલવેણની મદદતી રાવને ફરી કેદ કરે છે અને ભાઈજી બાવાને શાસક બનાવી દે છે. તે નાના હોય છે. એટલે હકીકતે ફતેહમામદ જ રાજ્ય ચલાવે છે. પણ તેમની સાથે પણ તેને અણબનાવ થાય છે અને તેને ભુજ છોડવું પડે છે.

પણ તે શાંત બેસતો નથી. પોતાનું આગવું સૈન્ય ઊભું કરે છે. આસપાસના ભાયાતોને જીતી લે છે. રાજ્ય પ્રત્યે પોતાની વફાદારી જાહેર કરે છે. તે કડક થઇ ચારેબાજુ શાંતિ સ્થાપે છે. લોકોને હાશ થાય છે. સમાંતરે તે જામનગર, નવાનગર વગેરે સાથે સંબંધ બાંધે છે. મૈસુરના હૈદરઅલી સાથે મૈત્રી વધારે છે. અંગ્રેજોને કચ્છમાં આવતા અટકાવે છે. આ બધાને કારણે તે સમગ્ર કચ્છમાં લોકપ્રિય બની જાય છે.

પણ આ બધા જ કાર્યો તેના વ્યક્તિત્વને બદલાવે છે. તેના પ્રત્યે અન્યોને ઈર્ષ્યા જન્મે છે. તેના વિરોધીઓ વધે છે. સતત સંઘર્ષના કારણે ફતેહમામદનો પણ સ્વભાવ બદલાય છે. તેનામાં બદલાની ભાવના વધે છે. તે ક્રૂર, ક્રોધી બનતો જાય છે. તેને સતત યુધ્ધો કરવા પડે છે. તેથી હંમેશ ધનનો અભાવ અનુભવે છે. એટલે તે ખંડણી, લૂંટ, સામૂહિક દંડ વગેરે માધ્યમોથી પૈસા એકઠા કરે છે. પણ આ અત્યાચારો, દ્વેષભાવ વગેરેના કારણે જે પ્રજા તેને ચાહતી હતી, તે જ તેની વિરૂધ્ધ થઇ જાય છે. જે પ્રજા તેની (ફતાની) આ રીતે પ્રશંસા કરતી હતી કે....

*"સુંદર સો દાતા નહીં, દાતા સો નહીં સૂર,*
*નૈત ફતામેં તીન ગુણ, સુંદર દાતા, સૂર."*

*તે જ પ્રજા તેનાથી ત્રાસીને કહે છે :*

***"જમાદાર! જંગીમાં ન આવજે."***

તેના જીવનના ઉત્તરાર્ધમાં તે આ બધાના કારણે એકલો થઈ જાય છે અને ૧૮૧૩માં પ્લેગમાં મૃત્યુ પામે છે.

પણ, આગળ કહ્યું તેમ, ફતેહમામદ એક પ્રતિભાશાળી વ્યક્તિ છે. તે 'સમયે' પેદા કરેલ વ્યક્તિ છે. ત્યારના સમયને માત્ર તે જ સાચવી શકે છે. એટલે તેના ઉત્તરાર્ધને ગૌણ કરીને તપાસ કરીએ તો તેનામાં અનેક ગુણો જોવા મળે છે જે તેના પ્રત્યે આદરભાવ જન્માવે છે.

સૌથી ધ્યાન ખેંચે તે બાબત છે તેની વિશાળતા. રાવ રાયધણજી ધર્માંધ બને છે. પ્રજાને ઇસ્લામી બનાવવા માંગે છે. હવે જુઓ – ફતેહમામદ પણ મુસ્લિમ છે. તેણે ધાર્યું હોત તો રાવને મદદરૂપ થયો હોત. પણ તે એવો ન થયો. તેણે તે રાવને બે વાર કેદ કર્યા અને પ્રજાને ધર્માંધતાથી બચાવી લીધી. તત્કાલીન રાવના ઇસ્લામી ગુરૂ મહમદપન્નાહે પણ ફતેહમામદને પોતાના તરફ ખેંચવા જરૂર પ્રયાસ કર્યો હશે, પણ તે તેને વશ નહીં થયો હોય. તેણે ધર્માંતરણને જરા પણ પ્રોત્સાહન ન આપ્યું. તે પોતે અંગત જીવનમાં ચુસ્ત મુસલમાન હતો, પણ સાર્વજનિક જીવનમાં ઉદાર અને સર્વધર્મ સમભાવી હતો. તે માતાના મઢમાં ધૂપ અને જવારા ચડાવતો. ત્યાં જ તેણે એક કિંમતી દીપાધાર ભેટ આપ્યો હતો. સ્વામી સહજાનંદને પણ તેણે આદર અને આવકાર આપ્યો હતો. જાહેર જીવનમાં તેણે ક્યારેય ધર્મને મહત્ત્વ આપ્યું ન હતું. આ બહુ મોટી ઘટના કહી શકાય. સામાન્ય રીતે અભણ વ્યક્તિ ઝડપથી ધર્માંધતાને વશ થઈ જાય, પણ ફતેહમામદ આ સંદર્ભમાં લાંબું વિચારનારો અને તટસ્થ દેખાય છે. અહીં જ તેની પ્રતિભા ખીલી નીકળે છે.

વળી, તે માત્ર જમાદાર જ ન હતો. સમય જતાં તેની દૃષ્ટિ વિશાળ થતી ગઈ. તે કવિઓ, યોદ્ધાઓ, ધંધાર્થીઓ બધાને સહાય કરતો. ક્યાંય અન્યાય દેખાય તો લાલપીળો થઇ દોડતો. પીડિતોની મદદ માટે હંમેશાં તૈયાર રહેતો. કચ્છમાં જ્યારે દુકાળ પડ્યો (૧૮૦૪) ત્યારે તેણે અનેક સ્થળોએ સસ્તા અનાજની દુકાનો શરૂ કરાવી હતી.

આ સાથે તે એક ઉત્તમ સેનાનાયક પણ હતો. તેણે તૈયાર કરેલ સિપાહીઓ અંગ્રેજોના તાલીમ પામેલ સૈનિકો કરતાં પણ વધારે સજ્જ હતા. તેણે અનેક સૈનિક-અભિયાનો દ્વારા સેનાને સતત ગતિશીલ અને અસરકારક સ્થિતિમાં રાખી હતી. સેનાપતિ તરીકે તેની જબરી ધાક હતી. તેના માટે કહેવાતું કે....

***"ચઢત દલ ફતેહમલ, બજત નોબત કે ડંકા,***<br>
***ચહુ દિશ ધરા ધમકંત, પૃથ્વીપતિ માનત શંકા,***<br>
***સમસેર, સેલ, બંદુક, તુપક, માર આકરો,***<br>
***રણધીર જોધ ફતો, પાણી રાખ્યો કચ્છરો."***

એટલે જ કર્નલ મેકમર્ડોને કબૂલ કરવું પડેલ, કે 'જ્યાં સુધી ફતેહમામદ છે ત્યાં સુધી આપણે કચ્છ જીતી શકવાના નથી.' ભલે તેને પાછળથી અંગ્રેજો સાથે લાચારીથી સંધિ કરવી પડી હતી, છતાં અંત સુધી તેમને કચ્છમાં ઘૂસણખોરી કરવા જ ન દીધી.

ફતેહમામદમાં એક ઊંડી સૂઝ પણ હતી. તેણે કચ્છી વેપારીઓના વહાણોને સુરક્ષિત બનાવવા ઓખામંડળમાં "કચ્છી ગઢ" બનાવ્યો. તે લડાઈમાં તોપોનો ઉપયોગ કરતો. વેપારને પણ તેણે ખૂબ પ્રોત્સાહન આપેલ. આ બધાને કારણે તેને અનેક ઉપનામો મળ્યા છે... અણનમ યોદ્ધો, રણબંકો, પીડિતોનો હમદર્દ, સમયપારખુ, કુશળ સેનાપતિ, કચ્છનો ક્રોમવેલ વગેરે.

આમ, ફતેહમામદ એકીસાથે વિરોધાભાસી વલણો ધરાવતો હતો. એક બાજુ ન્યાયી, સંયમી, અન્યાયવિરોધી, દયાળુ હતો; તો બીજી બાજુ લોભી, ક્રૂર, દ્વેષી, અત્યાચારી પણ હતો. અનેક પ્રતિભાશાળીઓને આવાં પરસ્પર વિરોધી વલણોમાં જીવવું પડ્યું છે. કદાચ તેઓ ક્યારેક પરિસ્થિતિને વશ થઈ જતા હશે, પણ, મહત્ત્વની બાબત એ છે કે, આ બધા વચ્ચે પણ તેમની પ્રતિભા સતત ઝળહળતી રહે છે. અંધાધૂંધીમાં જીવતા તત્કાલીન સમાજને તેઓ જ સ્વસ્થ રાખી શકે છે.

એટલે જ ઇતિહાસકાર જેમ્સ બર્ન્સને પણ નોંધવું પડ્યું કે, "ફતેહમામદનો પાછલો અમલ ક્રૂર અને કડક હોવા છતાં તેના પ્રત્યે માનની લાગણી ઉદ્ભવે અને મનોમન નમન કરવાનું મન થઈ જાય તેવી વ્યક્તિ કચ્છના ઇતિહાસમાં ફક્ત જમાદાર ફતેહમામદ જ છે."

કચ્છે તેના ઇતિહાસમાં જે દૂરંદેશી વ્યક્તિઓ આપી છે તેમાં ફતેહમામદ આગળ પડતું સ્થાન ધરાવે છે તે નિઃશંક છે.

***સંદર્ભો :*** *★ કારા ડુંગર કચ્છજા, એલ.એફ. રશબ્રૂક વિલિયમ્સ. અનુવાદ : વસંતરાય પટ્ટણી. ★ કચ્છનો ક્રોમવેલ જમાદાર ફતેહમામદ : દુલેરાય કારાણી ★ કચ્છના જ્યોતિર્ધરો : ડૉ. ગોવર્ધન શર્મા, ડૉ. ભાવના મહેતા.*

## દુનિયામાં ગુજરાતીઓની સંખ્યા

| | |
|---|---|
| ૧૫,૦૦,૦૦૦ | **યુ.એસ.એ.માં** |
| ૯,૫૦,૦૦૦ | **યુ.કે.માં** |
| ૩,૫૦,૦૦૦ | **ઓસ્ટ્રેલિયામાં** |
| ૩,૩૦,૦૦૦ | **કેનેડામાં** |
| ૨,૫૦,૦૦૦ | **આફ્રિકાના બધા દેશો મળીને** |
| ૨,૩૦,૦૦૦ | **યુનાઇટેડ આરબ અમિરાતમાં** |
| ૧,૫૦,૦૦૦ | **સીંગાપોરમાં** |
| ૮૫,૦૦૦ | **સાઉદી અરેબિયામાં** |
| ૭૦,૦૦૦ | **ફ્રાંસમાં** |
| ૫૫,૦૦૦ | **ન્યુઝીલેન્ડમાં.** |

વાત મેળો

# હાજી કાસમ તારી વીજળી રે...
# 'દેશી ટાઇટેનિક'ની ભયાવહ કથની

નીલેશ પંડ્યા

★ ૮ નવેમ્બર, ૧૮૮૮ એટલે કે વિ.સં. ૧૯૪૫ની લાભ પાંચમે કચ્છના માંડવીથી ૧૩ જાન અને અનેક મુસાફરો સાથે મુંબઇ જવા નીકળેલા 'વીજળી'એ માંગરોળ નજીક જળસમાધિ લીધી હતી.

★ 'ટાઈટેનિક' વિશે આપણે ઘણું બધું જાણીએ છીએ પણ આપણા 'દેશી ટાઈટેનિક' પર કોઈ ફિલ્મ બને પછી જ આપણને ખબર પડશે?

*હાજી કાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ!*
*શેઠ કાસમ તારી વીજળી રે, સમદરિયે વેરણ થઈ!*

*ભુજ અંજારની જાનું રે જૂતી, જાય છે મુંબઈ શે'ર*
*દેશ પરદેશી માનવી આવ્યા, જાય છે મુંબઈ શે'ર...* *કાસમ તારી૦*

*દસ બજે તો ટીકટું લીધી, જાય છે મુંબઈ શે'ર,*
*તેર તેર જાનું સામટી જૂતી, બેઠા કેસરિયા વર...* *કાસમ તારી૦*

*ચૌદ વીશું માંય શેઠિયા બેઠા, છોકરાંનો નૈ પાર,*
*અગિયાર બજે આગબોટ હાંકી, જાય છે મુંબઈ'શેર...* *કાસમ તારી૦*

*બાર બજે તો બરોબર ચડિયાં, જાય છે મુંબઈ'શેર,*
*ઓતર દખણના વાયરા વાયા, વાયરે ડોલ્યાં વા'ણ...* *કાસમ તારી૦*

*મોટા સાહેબની આગબોટું મળીઉં, વીજને પાછી વાળ્ય,*
*જહાજ તું તારું પાછું વાળ્યે, રોગ તડાકો થાય...* *કાસમ તારી૦*

*પછી વાળું મારી ભોમકા લાજે! અલ્લા માથે એમાન,*
*આગ ઓલાણીને કોયલા ખૂટ્યા, વીજને પાછી વાળ્ય...* *કાસમ તારી૦*

*મધ દરિયામાં મામલા મચે, વીજળી વેરણ થાય,*
*ચહમાં માંડીને માલમી જોવે, પાણીનો ના'વે પાર...* *કાસમ તારી૦*

*કાચને કુંપે કાગદ લખે, મોકલે મુંબઈ શે'ર,*
*હિન્દુ મુસલમીન માનતા માને, પાંચમે ભાગે રાજ...* *કાસમ તારી૦*

*પાંચ લેતાં તું પાંચસે લેજે, સારું જમાડું શે'ર,*
*ફટ ભૂંડી તું વીજળી! મારાં તેરસો માણસ જાય...* *કાસમ તારી૦*

*વીજળી કે' મારો વાંક નૈ વીરા, લખિયલ છઠ્ઠીના લેખ,*
*તેરસો માણસ સામટા બૂડ્યાં, બૂડ્યાં કેસરિયા વર...* *કાસમ તારી૦*

*ચૂડીએ કોઠે દીવા જલે ને, જુએ જાનું કેરી વાટ,*
*મુંબઈ શે'રમાં માંડવા નાખેલ, ખોબલે વેંચાય ખાંડ...* *કાસમ તારી૦*

*ઢોલ ત્રંબાળું ધ્રુસકે વાગે, જુએ જાનુંની વાટ,*
*સોળસેં કન્યા ડુંગરે ચડી, જુએ જાનુંની વાટ...* *કાસમ તારી૦*

*દેશદેશથી તાર વછૂટ્યા, વીજળી બૂડી જાય,*
*વાણિયા વાંચે ને ભાટિયા વાંચે, ઘર ઘર રોણાં થાય...* *કાસમ તારી૦*

*પીઠી ભરી તો લાડડી રુએ, માંડવે ઊઠી આગ,*
*સગું રુએ એનું સાગવી રુએ, બેની રૂએ બારે માસ...* *કાસમ તારી૦*

*મોટા સાહેબે આગબોટું હાંકી, પાણીનો ના'વે પાર,*
*મોટા સાહેબે તાગ જ લીધા, પાણીનો ના'વે પાર...* *કાસમ તારી૦*

*સા'બ મહ્યમ બે દરિયો ડોળે, પાણીનો ના'વે પાર...* *કાસમ તારી૦*

'હાજી કાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ...' કચ્છના માંડવીથી મુંબઈ જતા મુસાફર અને માલવાહક જહાજની સૌરાષ્ટ્રના દરિયામાં જળ સમાધિની સત્યઘટના બયાન કરતું લોકગીત, કથાગીત છે. 'ટાઈટેનિક' વિશે ઘણું બધું જાણીએ છીએ પણ આપણા 'દેશી ટાઈટેનિક'ની ભયાવહ કહાનીથી આપણે અલ્પપરીચિત છીએ.

એ દિવસ હતો ૮ નવેમ્બર, ૧૮૮૮ ને ગુરૂવાર, વિક્રમ સંવત ૧૯૪૫, કારતક સુદ પાંચમ એટલે કે લાભ પાંચમનો! કચ્છના માંડવી બંદરથી બપોરે ૧૩ જાનના કેસરિયા વરરાજા, ગીત ગાતી જાનડિયું, ખુશમિજાજ જાનૈયા, શાહુકારો, શેઠિયાઓ અને અન્ય મળી ૫૨૦ મુસાફરો સાથે 'વીજળી' મુંબઈની ખેપ મારવા ઊપડ્યું. દ્વારકાથી કેટલાક મુસાફરોને લીધા એટલે સંખ્યા થઈ ૭૦૩ ને પછી સાંજે ૫.૩૦ વાગે પોરબંદર પહોંચ્યું. જ્યાંથી એક મત મુજબ ૧૦૦ મુસાફરો બેસાડ્યા પણ સ્થાનિક એજન્ટે હવામાનનો ખ્યાલ રાખીને મુસાફરોને બેસાડવા સામે નારાજગી વ્યક્ત કરી હતી કે દરિયો તોફાની છે, 'વીજળી' બારામાં આવી શકે તેમ નથી ને લોકવાયકા મુજબ પોરબંદર પોર્ટના એડમિનિસ્ટ્રેટર મિ. લેલીએ પણ 'વીજળી'ના કેપ્ટનને આગળ ન જવા ચેતવ્યો હતો. પણ બાદમાં થયેલા સંશોધન મુજબ 'વીજળી'ને પોરબંદર રોક્યું જ નહોતું એટલે ત્યાંથી મુસાફર બેસાડવાની, એજન્ટ હાજી કાસમે નારાજગી વ્યક્ત કરવાની કે મિ. લેલીએ ચેતવ્યાની વાતનો છેદ ઊડી જાય છે.

રાત્રે 'વીજળી' માંગરોળના દરિયામાં જોવા મળ્યું. એ પછી કોઈએ જોયું નથી એટલે એવું દ્રઢ થયું છે કે 'વીજળી' માંગરોળના દરિયામાં ડૂબી ગયું. જોકે ઝવેરચંદ મેઘાણીએ 'રઢિયાળી રાત'માં 'વીજળી' મહુવાના દરિયામાં સમાઈ ગયાનું જણાવ્યું છે. બીજી બાજું, મુંબઈમાં તેર તેર કન્યાઓ વાટ જુએ છે મીંઢળબંધા વરરાજાઓની... માંડવા રોપાઈ-શણગારાઈ ગયા છે... લગ્નગીતો ગુંજી રહ્યાં છે. ઢોલ-શરણાઈના તાલ-સૂરની સંગતથી વાતવરણ સૂરીલું બન્યું છે... રસોડામાં વાનગી મઘમઘી રહી છે.... જાન આવી કે આવશે, આવી કે આવશેના પડઘમ વાગે છે ત્યાં જ માઠા વાવડ આવ્યા કે કચ્છથી જાન લઈને મુંબઈ આવતી આગબોટ સૌરાષ્ટ્રના દરિયામાં ડૂબી ગઈ છે... પછી તો પાનેતર પહેરેલી કન્યાઓએ કર્યો કાળો કલ્પાંત... અને માંડવા લાગ્યા મસાણ... ઢોલના શુકનવંતા 'ઢીમ...ઢીમ'ને બદલે છાતી કૂટવાનું અપશુકનિયાળ 'ધબ...ધબ' શરૂ થયું. મંગળિયાને બદલે ગવાયાં મરશિયા ને મુસાફરોના પરિજનો, સગાવહાલાંની આંખોમાં ઊભરાયો સૌરાષ્ટ્રનો દરિયો...!

'વીજળી' સાથે કેટલા મુસાફરોની જળસમાધિ થઈ એ મુદ્દે ભિન્ન મત છે. લોકકથન મુજબ ૧૩૦૦ મુસાફરો દરિયાદેવની ગોદમાં સમાઈ ગયા છે. જેમાં કચ્છની ૧૩ જાન ઉપરાંત અંગ્રેજો, ગુજરાતી મુસાફરો, મુંબઇ મેટ્રિકની પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. એક મત એવો છે કે વીજળી સાથે ૭૦૩ મુસાફરો અને ૪૩ ક્રૂ મેમ્બર્સ મળી ૭૪૬ માનવીઓ ગરક થયા. કોઈએ વળી ૭૪૧, તો અન્યએ ૭૪૪ અને ૭૯૮ જીવ ડૂબ્યાનાં તારણ કાઢ્યાં છે.

'વીજળી' તો એનું ઉપનામ હતું. મૂળ નામ હતું એસ.એસ. વૈતરણા. મુંબઈની એ.જે. શેફર્ડ એન્ડ કંપનીની માલિકીનું આ સ્ટીમશિપ ફરતી બાજુ વીજળીના બલ્બથી શોભાયમાન લાગતું હોવાથી તેના ઉપનામ 'વીજળી' થી પ્રચલિત હતું. ૯૦૦૬૨ નંબરના 'વીજળી'નું ઇ.સ. ૧૮૮૨થી ૧૮૮૫ સુધી ત્રણ વર્ષ સુધી મેન્યુફેક્ચરિંગ થયું અને એ પછી દરિયાઈ સફર શરૂ થઈ. ૧૭૦.૧ ફૂટ લાંબું, ૨૬.૫ ફૂટ પહોળું અને ૯.૯ ફૂટ ઊંડું 'વીજળી' ૧૩ કિનોટની ઝડપે સરકતું હતું. તે ૩૦ કલાકની અવધિમાં માંડવી-મુંબઈ વચ્ચે એક ટ્રીપ કરતું તો ટિકિટનો દર રૂા. ૮ હતો.

'વીજળી'ની વિદાય પછી ૨૪ વર્ષે ૧૫ એપ્રિલ, ૧૯૧૨ના બહુચર્ચિત 'ટાઈટેનિક'ની જળસમાધિ થઈ. સાઉથેમ્પ્ટનથી ૨૨૨૪ મુસાફરો સાથે ન્યુયોર્ક જતાં નોર્થ એટલાન્ટિક સમુદ્રમાં ડૂબ્યું ને ૧૫૦૦ મુસાફરો સાગરમાં સમાયા પણ ૭૦૦થી વધુ સદ્નસીબોના જીવ બચી ગયા હતા.

ટાઈટેનિક દુર્ઘટનાની તપાસ બ્રિટીશ સરકારે કરાવી. જેમાં હિમશિલા સાથે ટકરાવાથી 'ટાઈટેનિક' ડૂબ્યાનું બહાર આવ્યું.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૫ ઉપર)**

# વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની







**800+** MODERN VEHICLES

**22** STATES+ 4 UTs

**650+** BRANCHES

## અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ

- VT/VX ની ૬૫૦+ શાખાઓ
- ISO 9001:2015 પ્રમાણિત કંપની
- Robust Systems & Processes પર કાર્યરત
- Trace & Track Facility સાથે સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝ નેટવર્ક
- બુકીંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
- ૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
- ૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
- Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
- રોડ, એર અને રેઈલ દ્વારા Door to Door Express Cargo
- વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management

V-TRANS®
Driving Excellence

Our other Divisions | V-Xpress Safe and Reliable - For Your Peace of Mind | V-Logis Warehousing & Inventory Management

Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660, 09227055777
ઈ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઈ-મેઇલ :
gurjarprakashan@gmail.com
વેબસાઇટ :
www.gspbooksmall.com

| | | |
|---|---|---|
| દ્વિરેફની ઉત્તમ વાર્તાઓ | સંપા. રમણ સોની | 200 |
| ધૂમકેતુંનાં વાર્તારત્નો | ધૂમકેતુ | 180 |
| રસધારની વાર્તાઓ | સંપા. ઝવેરચંદ મેઘાણી | 180 |
| જયભિખ્ખુ વાર્તાસૌરભ | સંપા. જયભિખ્ખુ | 110 |
| ઇલા આરબ મહેતાનો વાર્તાવૈભવ | સંપા. ધીરુબહેન પટેલ | 160 |
| રણની આંખમાં દરિયો | સંપા. ધીરેન્દ્ર મહેતા | 150 |
| ડાઇનિંગ ટેબલ | મોહમ્મદ માંકડ, સંપા. અસ્મા માંકડ | 230 |
| ઝવેરચંદ મેઘાણીનો વાર્તાવૈભવ | સંપા. શરીફા વીજળીવાળા | 225 |
| ઉમાશંકર જોસીનો વાર્તવૈભવ | સંપા. શરીફા વીજળીવાળા | 180 |
| જયંત ખત્રીનો વાર્તાવૈભવ | સંપા. શરીફા વીજળીવાળા | 160 |
| વર્ષા અડાલજાનો વાર્તાવૈભવ | સંપા. શરીફા વીજળીવાળા | 250 |
| ભગવતીકુમાર શર્માનો વાર્તાવૈભવ | સંપા. શરીફા વીજળીવાળા | 180 |
| વિભાજનની ગુજરાતી વાર્તાઓ | સંપા. શરીફા વીજળીવાળા | 175 |
| જયંતિ દલાલની પ્રતિનિધિ વાર્તાઓ | સંપા. રાધેશ્યામ શર્મા, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ | 55 |
| સુન્દરમ્‌ની પ્રતિનિધિ વાર્તાઓ | સંપા. રમણલાલ જોશી | 180 |
| અદ્યતન નવલિકા સંચય | સંપા. રઘુવીર ચૌધરી, હરિકૃષ્ણ પાઠક | 136 |
| નારીચેતનાની નવલિકાઓ | સંપા. રઘુવીર ચૌધરી, સુનીતા ચૌધરી | 325 |
| આપની સન્મુખ | સંપા. જયંત મહેતા, ગુણવંત | 70 |
| મર્મસ્પર્શ | સંપા. જયંત મહેતા, ગુણવંત | 70 |
| બ્રિટિશ ગુજરાતીઓનો ડાયસ્પોરિક વાર્તાવૈભવ | સંપા. ડાહ્યાભાઈ પટેલ | 125 |
| 15 પ્રતિનિધિ ગુજરાતી નવલિકાઓ | સંપા. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 180 |
| વાર્તા-ઉત્સવ | સંપા. રોહિત શાહ | 250 |




## ગુજરાતી સાહિત્યના બેસ્ટ સંપાદિત વાર્તાસંગ્રહો

## દેશ-વિદેશનું વસાવવા જેવું નવલિકા સાહિત્ય

| | | |
|---|---|---|
| સઆદત હસન મન્ટો : કેટલીક વાર્તાઓ (ઉર્દૂ) | અનુ. શરીફા વીજળીવાળા | 250 |
| પંજાબી વાર્તાવૈભવ (પંજાબી, પુરસ્કૃત) | અનુ, મોહન દાંડીકર | 140 |
| શરદબાબુની શ્રેષ્ઠ વાર્તાઓ (બંગાળી) | સંપા. અનુ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 170 |
| પ્રાંતિક (બંગાળી) | રવીન્દ્રનાથ ઠાકુર, અનુ. નગીનદાસ પારેખ | 45 |
| આંધી શરદની (કાશ્મીરી) | રૂપકૃષ્ણ ભટ્ટ, અનુ. અનુરાધા મલ્લ | 90 |
| શ્રેષ્ઠ ઉડિયા વાર્તાઓ (ઉડિયા) (પુરસ્કૃત) | અનુ. રેણુકા સોની | 100 |
| વિભાજનની વાર્તાઓ (વિવિધ ભાષાઓમાંથી) | સંપા. શરીફા વીજળીવાળા | 270 |
| શેક્સપિયરની નાટકકથાઓ | મધુસૂદન પારેખ | 280 |
| એ નગરમાં (અંગ્રેજી) | એલિસ મનરો, અનુ. કિશોર પંડ્યા | 160 |
| ઓ હેન્રીનો વાર્તાવૈભવ (અંગ્રેજી) | અનુ. હરિત પંડ્યા | 150 |
| ગ્રીક શોધકથા (અંગ્રેજી) | સુરેશ માથુરે, અનુ. નંદિતા જોશી | 65 |
| શ્રેષ્ઠ વિદેશી રહસ્યકથાઓ (અંગ્રેજી) | અનુ. મોહનભાઈ ચૌહાણ | 110 |
| શ્રેષ્ઠ વિદેશી અપરાધકથાઓ (અંગ્રેજી) | અનુ. યશવંત મહેતા | 85 |
| દૂરનો માણસ અને બીજી વાતો (અંગ્રેજી) | અનુ. ઉમા રાંદેરિયા | 140 |
| અંતિમ ગાન (અંગ્રેજી) (પુરસ્કૃત) | અનુ. અનિલા દલાલ | 170 |
| વિશ્વનો વાર્તાવૈભવ (રશિય અને ફ્રેન્ચ) | અનુ. અશોક હર્ષ | 150 |
| શેક્સપિયરની નાટ્યકથાઓ (નાટકો પરથી) | મધુસૂદન પારેખ | 280 |

*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**